Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું પાક્ષિક માધ્યમ

સળંગ વર્ષ ૯૩મું

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

FORTNIGHTLY VOLUME : 1 • ISSUE : 3 • PAGES : 44 • DATE : 5TH SEPTEMBER 2018 • YEARLY SUBS. RS. 50/-

|| શ્રી વાસુપુજ્યસ્વામિને નમઃ ||

શ્રી અચલગચ્છાધિપતી જીનેંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ સંચાલીત

## શ્રીજી ઇગ્લીશ મિડીયમ સ્કુલ, ધુલીયા

## તા. ૧૫/૮/૨૦૧૮ ના ધ્વજવંદન સમારોહની ઝલક



શ્રીપુજ્યને પુષ્પહાર અર્પણ કરતા શિષ્ય સાથે મહાનુભવ



શ્રીપુજ્યને પુષ્પહાર અર્પણ કરતા માનદમંત્રી



ધ્વજાવંદનમાટે પધારેલ ગુરૂદેવનું સ્વાગત



પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા.ને વંદન



૭૨ મો સ્વાતંત્ર દિવસ ધ્વજા વંદન



સ્વાતંત્ર દિવસની ઉજવણી કરતાં મહાનુભવ



રાષ્ટ્રગીત



મંચ સ્થાપન



પ.પૂ.મોતીસાગરજી મ.સા. ના આશિર્વચન



હંસકુમારભાઇનું બહુમાન કરતા રાજેશભાઇ



શ્રીજી સ્કુલના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ



શ્રીપુજ્યના હાથે બાળકોને લાડૂ વિતરણ



શ્રીજી સ્કુલના ભાવિ સૈનિક



સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો



પ્રોત્સાહીત ઇનામ વિતરણ

# જ્ઞાતિ ગૌરવ, ગામ ગૌરવ, પરિવાર ગૌરવ



શ્રી ભરતભાઈ બી. ખીમજી

દાનવીરોની ગાથાના ગીત ગાતી જ્ઞાતિ એટલે આપણી

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ.**

આ જ્ઞાતિના જ્ઞાતિજનો, ગામવાસીઓ અને પરિવાર જનોની છાતી ગજગજ ફૂલે તેવી વાત એટલે લક્ષ્મી ને મહાલક્ષ્મી બનાવવાની વાત.

પિતાશ્રી **સ્વ. ભાણજી દેવજી ખીમજી**ના, પૂણ્યસ્મૃતિમાં **શ્રી ભરતભાઈ બી. ખીમજી**એ હુબલી સ્થિત લાઈફ લાઈન હોસ્પિટલને રૂા. એક કરોડનું માતબર અનુદાન આપ્યું અને **માતુશ્રી રતનબાઈ બી. ખીમજી**ની પૂણ્યસ્મૃતિમાં હુબલી સ્થિત લાઈફ લાઈન હોસ્પિટલની બ્લડ બેંકને રૂા. ૫૦ લાખનું માતબર અનુદાન આપેલ છે, તે સુકાર્યની

**અનુમોદના ! અનુમોદના !! અનુમોદના !!!**

હંમેશા કાંઈક નવું કરવાની ચાહ ધરાવતાં, લોખંડી મનના માનવીને સો, સો, સલામ.

તેરા - કચ્છ આપશ્રીની માતૃભૂમિ છે. તેરાના એક અણમોલ રત્ન તરીકે, આપણા ગામની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાણું અને અમો સૌ ગામવાસીઓની છાતી ગજગજ ફૂલી.

ફરી એક વાર તમારી દાતારી ને સલામ. આવા જ સુકૃત્ય કરતા રહો એવી જીરાવલ્લા તથા શામળીયા દાદાને પ્રાર્થના સહ અભ્યર્થના.

લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા**

## Heartiest Congratulations

**Bhumi Manisha Jayesh Shah**

For having completed her **Integrated Masters of Computer Application (iMCA)** from Ahmedabad University with specialization in Mobile Computing.

Wishing all the very best for her new innings as an Executive at **Centre for Learning Futures, Ahmedabad University** while working towards **Experiential and Interdisciplinary Learning** and integrating **Educational Technology** in higher education.

Looking forward for Excellence in all the future endeavors.



**Bhumi Shah**

**Best Wishes from:**

**Dadi-Dada: Kanta Thakershi Shah (Lodaya)**
**(Ahmedabad, Parjau)**

**Nani-Nana: Naval Virchand Dharamsey**
**(Nerul, Suthari)**

**Fui-Fua: Prita Mukesh Maisheri**
**(Thane, Jakhau)**

**Mami-Mama: Hema Tatsu Dharamsey**
**(Nerul, Suthari)**

Courtesy: Bhumi Roadlines, Ahmedabad (M) - 98240 14953

## તંત્રી સમીપે

# આગામી ત્રિદિવસીય જ્ઞાતિ સંમેલનના કાર્યક્રમ અને કાર્યવાહી સવિસ્તર નિશ્ચિત થવા જોઈએ

સમસ્ત મહાજનના મુખ્ય સંચાલક ટ્રસ્ટીઓ અને યજમાન મહાજનના પ્રમુખશ્રીએ આગામી સંમેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિના વિવિધ વિસ્તારોના મહાજનોની મુલાકાતો અને ત્યાં વસતા જ્ઞાતિજનો સાથેની સંપર્ક સભાઓ યોજવનો. છેલ્લા ત્રણેક મહીના દરમ્યાનનો દોર પર્યાપ્ત ઉત્સાહજનક રીતે જારી રાખ્યો છે અને તે હવે અંતિમ ચરણમાં પ્રવેશ્યો છે જે માટે પણ તેમને ઉપયુક્ત પ્રતિસાદ-આવકાર મળશે જ. આમ, સંમેલન માટે સર્વ રીતે સકારાત્મક માહોલ આકાર પામ્યો છે તેને ચોક્કસપણે એક સંતોષનો વિષય ગણી શકાય.

આમ છતાં, સંમેલનના ત્રણ દિવસો દરમ્યાન કઈ જુદી જુદી બેઠકો ક્યારે ક્યારે યોજાશે તેનો નિર્ણય ટ્રસ્ટીઓ દ્વારા હજી સુધી લેવાયો હોય તેમ જણાતું નથી અથવા તો તેવો નિર્ણય લેવાઈ ગયો હોય તો તેની માહિતી જ્ઞાતિજનોને અપાઈ નથી તે હકીકત આશ્ચર્ય ઉપજાવે તે સ્વાભાવિક છે.

તેવી જ રીતે, સંમેલનના પ્રથમ બે દિવસો દરમ્યાન વિવિધ મહાજનોના પ્રતિનિધિઓ સાથે વિષય વિચારણા સમિતિ કે ખરડા સમિતિના સભ્યો, ત્રીજા દિવસે પસાર કરવાના ઠરાવોના મુસદા તૈયાર કરવા વિચાર વિમર્શ કરશે તેની બેઠકો યોજાય ત્યારે અન્ય જ્ઞાતિજનો એમાં ભાગ લઈ શકશે કે ફક્ત પ્રેક્ષક તરિકે જ ઉપસ્થિત રહી શકશે તેની માહિતી પણ હજી સુધી, જ્ઞાતિના વિવિધ વિસ્તારોમાં મહાજનો સથે યોજાયેલ સંપર્ક સભાઓમાં ઉપલબ્ધ કરાઈ નથી તેથી તે વાતે પણ જ્ઞાતિજનો મુંઝવણ અનુભવે તે સ્વાભાવિક છે.

આ પ્રમાણે જ સંમેલનના પ્રથમ બે દિવસો દરમ્યાન, બે મહીના પહેલાં નીમાયેલી દરેક સમિતિઓની બેઠકો પણ યોજાશે તેવી માહિતી કેટલાક ટ્રસ્ટીઓ આપી રહ્યા છે. જો એમ હોય તો, તેમાં પણ અન્ય જ્ઞાતિજનો સહભાગી થઈ શકશે કે કેમ તે વિષે પણ ટ્રસ્ટીઓએ હજી સુધી ચોક્કસ માહિતી આપી નથી.

આ ઉપરાંત પહેલા બે દિવસોના રાત્રિના સત્રમાં સર્વ જ્ઞાતિજનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમો અને નિષ્ણાત વક્તાઓના વાર્તાલાપો યોજાશે તેવા અહેવાલો પણ મળી રહ્યા છે.

એટલે જ, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ, ઉપરોક્ત સમિતિઓના સભ્યો અને મહાજનોના પ્રતિનિધિઓ સિવાયના જ્ઞાતિજનોએ સંમેલનના પ્રથમ બે દિવસો દરમ્યાન શી ભૂમિકા અદા કરવાની છે તે વિષે શક્યતઃ વેળાસર નિર્ણય લઈ જ્ઞાતિજનોને માહિતગાર કરવા પડશે.

આ માટે, ટ્રસ્ટીઓએ સંમેલનના ખાસ કરીને પ્રથમ બે દિવસો દરમ્યાન કેટલી બેઠકો કે સભાઓ સર્વ જ્ઞાતિજનો માટે ખુલ્લી રહેશે અથવા મર્યાદિત ધોરણે એટલે કે તેમાં અન્ય જ્ઞાતિજનો પોતાના વિચારો કે મંતવ્યો રજુ નહીં કરી શકશે પણ ઉપસ્થિત રહી શકશે તે મુદ્દે ચોક્કસતા દર્શાવવામાં તેઓ વધુ વિલંબ ન કરે તે ખૂબ જ જરૂરી છે.


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**પાક્ષિક અંક નં. ૩**
**Date : 05-09-2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

એટલે ટ્રસ્ટીઓએ આવી સભાઓમાં દૂર સુદૂરથી આવનાર અન્ય જ્ઞાતિજનો સક્રિયપણે ઉપસ્થિત ન રહી શકે તો તેમના માટે બંને દિવસો દરમ્યાન અન્ય વિકલ્પ વિચારવો પડશે તે વાત પણ ટ્રસ્ટીઓના ધ્યાન બહાર નહીં જ હોય.

આ સર્વ બાબતે જે નિર્ણયો લેવાય તે, ટ્રસ્ટીઓએ સંમેલનની વિવિધ કાર્યવાહીઓને નક્કર સ્વરૂપ આપીને તેની સવિસ્તર માહિતી જ્ઞાતિજનોને બનતી ત્વરાએ મળે તે માટે તેઓ સમસ્ત મહાજનના મુંબઈના કાર્યાલયમાં પ્રત્યક્ષ અથવા ફોન દ્વારા સમુચિત વ્યવસ્થા ગોઠવશે તે અપેક્ષા વધુ પડતી નથી.

આશા રાખીએ કે સમસ્ત મહાજનના મુખ્ય ટ્રસ્ટીઓએ અત્યાર લગી વિવિધ વિસ્તારોની મુલાકાતો ને સભાઓ યોજીને જ્ઞાતિમાં આગામી સંમેલન માટે જે સકારાત્મક માહોલ ઉભો કર્યો છે તે સમગ્ર જ્ઞાતિજનોમાં અન્યોન્ય માટે ઘનિષ્ટ સંવાદિતાના માધ્યમે ઉત્તરોત્તર સંવર્ધિત થતો રહે તેની જવાબદારી નિભાવવામાં સર્વ ટ્રસ્ટીઓ પોતાનું શ્રેષ્ઠતમ યોગદાન આપવા સંનિષ્ઠ બની રહેશે.

– રા.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે એકાદ પખવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ પખવાડીકના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે પખવાડિયામાં ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**– વ્યવસ્થાપક**



## સમસ્ત જ્ઞાતિની સામૂહિક ક્ષમાપના

સર્વે જ્ઞાતિજનો ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના (ગુરૂવાર, ભારદવા સુદ ૫) સંવત્સરિના દિવસે એક જ સમયે બપોરના ૧૨.૩૯ના પોતે જ્યાં પણ હોય ત્યાં (ઉપાશ્રય, ઘર, ઓફિસ, દેરાસર, શાળા, કોલેજ, પ્રવાસ, બસ, કાર) બે મિનિટ ધ્યાનસ્થ થઇ આખી જ્ઞાતિને સામૂહિક સ્તરે પરસ્પર ખમાવે એવી અભ્યર્થના વ્યક્ત કરીએ છીએ.

**– પ્રકાશ સમીક્ષા સમિતિ**

## Response of the Readers

Tilakchand bhai,

After a long time good to hear from you. And that's also your thoughts and views about Prakash Samiksha.

I am also in favour of keeping live our 93 year old Community based magazine "Prakash Samiksha "alive at least it reaches 100 years. We have to make some changes and take some decisions to reach out its publicity at the earliest. To begin with it's a very good idea to shift to ePS thus saving paper also.

But is our community that much modern to adopt e reading? Do we have data of how many people are reading PS online? To forward a message from one group to other group is easy and okay but to be a regular reader on mobile and updating yourself is another thing. To update the Vasti Patrak or to make changes it was Herculean task and even after so much hammering how much per centage of people used the modern technology, Kiritbhai Munwar can tell you better.

Secondly Prakash Samiksha language change to English. Now a days I agree it should be in English but our younger generation is not that much interested in only our community based news or politics. Large number of people who read is of our age. And most of them are not e-users. If we want our next generation to take interest in our magazine we should go for Gujrati- English . And for third generation we should start kids section as it was coming earlier. But that also according to time.

We can go for both. E- PS as well as print media for some time. Asking people to shift it to e PS till the people accustomed to it.

Giving daily news is a very good idea and we should start with it. But we should not stop print media also

Can we talk on this matter on phone? When is your free time? I will call you. As I am in Canada now at my youngest son's house in Mississauga since three months.

I am really happy to hear from you and thank you for sharing your views with me. I am with you. I can help you out as you say. But think on other possibilities also.

**- Harish Dharamshi, Smt. Malati Harish Dharamshi,** Jakhau-Navi Mumbai

### 'પ્રકાશ સમીક્ષા'ની WhatsApp આવૃત્તિ

જ્ઞાતિજનોને લગભગ દૈનિક ધોરણે જ્ઞાતિ સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર મળતા રહે તે માટે 'પ્રકાશ સમીક્ષા'ની આવૃત્તિ WhatsApp ના માધ્યમે આપવાનું નક્કી થયું છે. આમાં કોઇ ચર્ચાસ્પદ કે વિવાદાસ્પદ સમાચારો કે લેખો અપાશે નહીં આ અંગેની નિયમાવલિ ઘડાઇ રહી છે. રસ ધરાવતા જ્ઞાતિજનોએ પોતાના નામ, પરિચય 'પ્રકાશ સમીક્ષા' સમિતિના ટ્રસ્ટી/સભ્ય શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયાને ૯૯૪૦૬ ૩૬૬૪૬ WhatsApp પર મોકલવા વિનંતિ છે.

કોઇમ્બતુર મહાજનના પ્રમુખશ્રી પ્રદીપ લોડાયાએ ત્યાંના કુટુંબોમાંથી લગ્નોત્સુક યુવક-યુવતીઓની તસવીર સહિતની સમુચિત માહિતી મોકલવાનો અનુરોધ કર્યો છે. પુના મહાજને પોતાના સભાસદોને વોટ્સએપ આવૃત્તિ ફોરવર્ડ કરાવાનું શરૂ કર્યું છે. કોચીન અને ગદગ મહાજનોના પદાધિકારીઓ પણ વોટ્સઍપ આવૃત્તિ માટે માહિતીઓનું સંકલન કરવામાં સહયોગ આપવા પણ તૈયારી દર્શાવી છે.



## સર્વ જ્ઞાતિજનો અને વાચકોને અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્

**– પ્રકાશ સમીક્ષા સમિતિ**



# હાવેરી (કર્ણાટક)નો શિક્ષિત સફળ તથા સેવાભાવી ક.દ.ઓ. પરિવાર

દેશાવરમાં રહેતા કેડીઓ પરિવારોએ પણ ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી છે. ક.દ.ઓ. જ્ઞાતિ જ્યાં પણ સ્થાયી થઈ છે ત્યાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. અને સ્થાનિક લોકો સાથે બરાબર ભળી ગઈ છે. આનું ઝળહળતું ઉદાહરણ હાવેરી, ઉત્તર કર્ણાટકમાં સ્થાયી થયેલ ડૉ. રજનીકાન્ત અને ડૉ. શ્રીમતી પુષ્પમાલા લોડાયા. ૧૦૦ બિછાનાની ડૉ. લોડાયા હોસ્પિટલની સુર્વણ જયંતિ (૫૦ વર્ષ)ની ઉજવણી ટુંક સમયમાં થશે. આ હૉસ્પિટલ સ્વ. રજનીકાંત માણેકજી વેલજી લોડાયા (કચ્છ-સાંયરા) એ ૧૯૭૦માં સ્થાપી હતી. આ હૉસ્પિટલમાં સ્ત્રીઓ, બાળકો, કેન્સર, ડાયાબીટીશ, ગાયનેક, આઈ.વી.એફ. કોલોનોસ્કોપી, હીસ્ટેરોકોપી, કોલ્પોસ્કોપી જેવી સારવાર ઉપલબ્ધ છે.

આર્યુવેદિક પંચકર્મ, નેચરોપેથી, ઓઝોન સારવાર, જેવી સારવાર ઉપલબ્ધ છે. પિરામિડ ધ્યાન કેન્દ્રમાં દરરોજ યોગ, ધ્યાન, સારવાર, ફિલ્મો દ્વારા મનની સારવાર, લેઝર ધ્યાન સારવાર, રંગ (કલર) સારવારની વ્યવસ્થા છે. ખેડૂતોને પણ યોગ ખેતી અને ઓર્ગેનિક ખેતી શીખડવામાં આવે છે જે આ હૉસ્પિટલનું મુખ્ય આકર્ષણ છે. હાવેરીમાં છ(૬) જગ્યાએ દરરોજ યોગાભ્યાસ અને પ્રાણાયમ કેન્દ્રો ચિલાવવામાં આવે છે અને ટુંક સમયમાં અન્ય ૨૫ કેન્દ્રો શરૂ કરવાની યોજના છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો માટે. વક્તવ્યના વર્ગો રાખવામાં આવે છે. ખરાબ આદતો છોડાવવા, દારૂ છોડાવવા નિયમિત રૂપે વર્ગો ગોઠવવામાં આવે છે. આ હૉસ્પિટલનું વૈશિષ્ઠ છે પંચતત્ત્વ/મહાપૂજાના નિયમોને અનુસરીને એક પંચતત્ત્વ બનાવવામાં આવેલો બગીઓ, જેમાં ચાલવા માટે વિવિધ પ્રકારના પાટાઓ જેમાં પાણીતત્ત્વ, લોહતત્ત્વ, ઘાસુમાટી, જડીબુટીઓ છે અને આના ઉપર પાંચ મિનિટ ચાલવાથી હઠીલા રોગોમાં ૬૦% રાહત મળે છે.





Dr. Rajanikant M. Lodaya


Dr. Pushpamala R. Lodaya

આ હૉસ્પિટલ હાવેરી તથા આજુબાજુમાં બહુજ પ્રખ્યાત છે. આ કે.ડી.ઓ. કુટુંબમાં બધાજ ડૉક્ટર છે. સ્વ. ડૉ. રજનીકાંતભાઈ એ હુબલીની કેએમસી કોલેજમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલું અને તેઓ આ તાલુકામાં પહેલાં બાળરોગ નિષ્ણાંત હતા. તેઓ દરદીઓની ખૂબ જ સારી સંભાળ લેતા અને સાલસ, નમ્ર અને સરળ સ્વભાવના પ્રખર માનવતાવાદી વ્યક્તિ હતા. ઘણું દ્રઢ મનોબળ ધરાવતા તેઓએ ૫૫ વર્ષ પહેલાં બનાવેલ સ્કૂલમાં ૩૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે અને તેઓ ૩૫ વર્ષ સુધી શાળાના સંચાલક મંડળના પ્રમુખ હતા. તેમના હૉર્ટિકલ્ચર ખેતરમાં ૩૦૦૦ વૃક્ષો વાવેલા છે જેની ઉપજ તેઓ તેમના સ્ટાફ તથા મિત્રોને આપતા. તેમણે હોવેરીના શહેરીકરણ વિભાગમાં ૧૦ વર્ષ કાર્ય કર્યું. તેમના ધર્મપત્ની ડૉ. પુષ્પમાલા નિષ્ણાત ગાયનેકોલોજીસ્ટ અને ઑબરેસ્ટ્રીથીઅન છે. તેમણે એમ.બી.બી.એસ. મુંબઈની ગ્રાન્ટ મેડીકલ કોલેજમાંથી કર્યું અને આગળનો ઉચ્ચ અભ્યાસ કેએમસી હુબલીમાં પૂર્ણ કર્યો. તેઓ ૭૫ વર્ષની ઉમરે સતત કાર્યરત છે અને દરદીઓની સારવાર પ્રેમપૂર્વક કરે છે, તથા નવી ચીજો તરતજ શીખી લે છે. તેમના મોટા પુત્ર ગૌતમએ સર્જિકલ એન્ડીલોજિસ્ટ, ગેસ્ટ્રોલોજિસ્ટ અને ડાયેબિટોલોજિસ્ટ છે. (Mob. 9448464012). તેમણે આ હૉસ્પિટલને અધ્યતન બનાવી છે. તેમના પત્ની ડૉ. સુનિતા ગાયનેકોલોજિસ્ટ, ઓબસ્ટ્રેટિશિયન, લેપ્રોસ્કોપિક સર્જન અને નિઃસંતાનપણાના નિષ્ણાંત છે. તેમના બીજા સુપુત્ર ડૉ. રાહુલ MDS (બાળરોગ નિષ્ણાંત) અને તેમની પત્ની ડૉ. સુપ્રિયા દંતરોગ વિશેષજ્ઞ છે અને પૂના ખાતે પ્રૅક્ટીસ કરે છે.

આવો ઉચ્ચ શિક્ષિત, સફળ તથા સેવાભાવી પરિવાર આપણી ક.દ.ઓ. જ્ઞાતિ માટે ગૌરવપ્રદ છે. આવા અનેક પરિવારોએ દેશવિદેશમાં સેવાની જ્યોત જલતી રાખી છે.

**- તિલકભાઈ કુંવરજી લોડાયા,** ચેન્નઈ

# ત્રણ જ્ઞાતિ સંમેલનના અન્ય ઠરાવો

(૧૯૪૭ - ૧૯૭૯ - ૧૯૯૧)

**(ગતાંકમાં સમાન પ્રશ્નો અને સમસ્યાઓ અંગે ત્રણે કે બે સંમેલનોમાં જે ઠરાવો પસાર થયા હતા તેની માહિતી અપાઈ હતી. આ અંકમાં ઉપરોક્ત ત્રણે સંમેલનોના જે શેષ ઠરાવો હતા તેમાંથી આજના સમયમાં થોડે ઘણે અંશે પણ પ્રસ્તુત હોય તેવા કેટલાક ઠરાવો અત્રે પ્રગટ કર્યા છે.)**

## પ્રથમ સંમેલન

### ઠરાવ નં. ૨૦

નોકરી અગર મહેનત મજૂરી વડે આજીવિકા મેળવનાર જ્ઞાતિભાઈ બેનોને યોગ્ય દોરવણી મળે તે માટે (Employment Exchange) ધંધો મેળવી આપવાની એક કચેરી સ્થાપવા માટે આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.

### ઠરાવ નં. ૨૨

ખેતી કરનાર જ્ઞાતિ કુટુંબોને શક્ય સ્થળે વસાવવા અને આધુનિક ઢબે સહકારી ધોરણે ખેતીવાડીની પ્રવૃત્તિ હાથ ધરવા તેમજ તેવી યોજના તૈયાર કરી તેને અમલમાં મૂકવા એક સમિતિની તાત્કાલિક નિમણૂક કરવા આ સંમેલન મધ્યસ્થ મહાજાનને ભલામણ કરે છે.

### ઠરાવ નં. ૨૩

જ્ઞાતિબંધુઓના વહીવટ હેઠળના તમામ જૈન દેરાસરોના વહીવટ ઉત્તમ ધોરણે થાય તે માટે તથા વખતોવખત ઊભી થતી અડચણોને દૂર કરવા તથા જરૂર જણાય ત્યાં જીર્ણોદ્ધારની પ્રવૃત્તિ હાથ ધરી તે કાર્ય પાર પાડવા એક 'મંદિર સંરક્ષણ સમિતિ', સ્થાપવાની આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે અને આ સમિતિને દરેક સહકાર આપવા માટે સઘળા જ્ઞાતિબંધુઓને ખાસ આગ્રહ કરે છે.

## દ્વિતીય સંમેલન

### ઠરાવ નં. ૪

આપણી જ્ઞાતિમાં ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણ પ્રાપ્ત કરનાર તેમ જ અન્ય જ્ઞાતિજનોને ટેક્નિકલ તથા વ્યવસાયિક માર્ગદર્શન તથા આર્થિક સહાયના અભાવે આગળ વધવાની તકો મળતી નથી. તેને અનુલક્ષીને, આ ક્ષેત્રે માર્ગદર્શન તથા સહાય મળી શકે તે માટે ''ઔદ્યોગિક વ્યવસાયિક વિકાસ કોરપોરેશન'' સ્થાપવા આ સંમેલન ઠરાવે છે. આ કાર્ય માટે જરૂરી ફંડ એકત્ર કરવા તથા અન્ય જરૂરી કાર્યવાહી કરવા નીચેના પાંચ સભ્યોની એક સમિતિ નીમે છે અને તે કાર્યના અમલીકરણ માટે આ સમિતિને તન, મન અને ધનથી સહાયભૂત થવા સમસ્ત મહાજનો, સંસ્થાઓ તથા જ્ઞાતિજનોને અપીલ કરે છે.

**સમિતિના સભ્યો**

૧. શ્રી રતનશી જેઠાભાઈ ખોના (સાંગલી) કન્વીનર,
૨. શ્રી મણિકાંત રાયચંદ મોમાયા (ઉધના)
૩. શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)
૪. શ્રી ભરત બી. ખીમજી (હુબલી)
૫. શ્રી શીવજી કુંવરજી વિકમશી (મુંબઈ)

### ઠરાવ નં. ૬

આપણી જ્ઞાતિના સર્વાંગી ઝડપી વિકાસ માટે હાલના પ્રયત્નોમાં વેગ લાવવા આધુનિક ઢબે ઉપાયો યોજવા અર્થશાસ્ત્ર (Economics), સમાજશાસ્ત્ર (Social Science), અને શૈક્ષણિક (Educational) ક્ષેત્રના નિષ્ણાતોનું એક સવેતન આયોગ (Commission) નીમવા આ સંમેલન ઠરાવે છે. આ આયોગ તરફથી જે સૂચનો આવે, તેના

પર યોગ્ય વિચારણા કરી, તે પ્રમાણે અગ્રતા ક્રમે જ્ઞાતિ ઉત્કર્ષના પગલાં લેવા સંબંધિત સંસ્થાઓને અનુરોધ કરે છે. આ કાર્ય માટે આયોગને આપણા વસ્તીપત્રકમાં એકઠી થયેલી માહિતી તથા અન્ય ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરવા ભલામણ કરે છે.

## ઠરાવ નં. ૯

આજના મોંઘવારીના સંજોગોને લક્ષમાં લઈને આપણી જ્ઞાતિની વેપાર તેમજ ઔદ્યોગિક પેઢીઓ તથા જ્ઞાતિ સંસ્થાઓ અને ટ્રસ્ટોમાં આપણા જ્ઞાતિજનોને જેમ બને તેમ વિશેષ પ્રમાણમાં અગ્રતાના ધોરણે નોકરીએ રાખવા; તેમ જ વર્તમાન સંજોગો અનુસાર તેમને દરેક પ્રકારના વધુમાં વધુ લાભો આપી તેમની આર્થિક સ્થિતિ સુધારવા આ સંમેલન ભલામણ કરે છે. તે ઉપરાંત ઔદ્યોગિક ગૃહો તેમ જ અન્ય સ્થળે ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા જ્ઞાતિભાઈઓને તેમના કાર્યક્ષેત્રમાં આપણા જ્ઞાતિજનોનો વધુ સમાવેશ કરી શકાય, તે માટે પ્રયત્નશીલ રહેવા અનુરોધ કરે છે.

## ઠરાવ નં. ૧૧

મુંબઈ તથા આજુબાજુના વિસ્તારોમાં આપણા જ્ઞાતિજનો રહેઠાણની જગ્યાના અભાવે ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારોમાં રહે છે. તેનું નિવારણ કરવા શ્રી અનંતનાથજી મહારાજના જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટે આ પૂર્વે લીધેલા મકાન બાંધકામના પગલાની આ સંમેલન પ્રશંસા કરે છે. આ સંમેલન શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા જ્ઞાતિના માતબર ટ્રસ્ટો, મહાજનો તથા એકમોને સહકારી ધોરણે મળતી સગવડોનો લાભ લઈને મકાન બાંધકામની પ્રવૃત્તિ મોટા પાયા પર જ્ઞાતિની જરૂરિયાતોને અનુલક્ષીને વહેલામાં વહેલી તકે હાથ ધરવા અથવા મકાનો મેળવવા અને જરૂરી લોનની સગવડ આપવા અનુરોધ કરે છે, અને સૌ જ્ઞાતિજનોને તેમાં દરેક પ્રકારે તન, મન અને ધનથી સહકાર આપવા ભલામણ કરે છે.

## ઠરાવ નં. ૧૬

આંતરરાષ્ટ્રીય બાલ વર્ષને અનુલક્ષીને આ સંમેલન સર્વે જ્ઞાતિજનોને અનુરોધ કરે છે કે તેઓ પોતપોતાનાં ગામોનાં મહાજન કે સંસ્થાઓ મારફત 'બાલ-કલ્યાણ નિધિ યોજના' અમલમાં મૂકે. આ યોજનાને આપણા અમુક મહાજનોએ શરૂ કરી અમલમાં મૂકી છે. તેના ધોરણે જરૂરિયાત મુજબ ફેરફાર કરી અમલમાં લાવી જ્યારે પણ ગામમાં જ્ઞાતિજનોને ઘેર શિશુનો જન્મ થાય, ત્યારે મહાજન, સંસ્થા યા મંડળના સભ્યો મળી તે શિશુના નામે ગામની શક્તિ અનુસાર રકમ એકત્ર કરી એકવીસ વર્ષ માટે મજકુર શિશુ અને સંસ્થાના સંયુક્ત નામે બેંક ઈત્યાદિમાં સુરક્ષિત રાખી તે રકમ એકવીસ વર્ષ બાદ બાલક-બાલિકાને આપવી એવી ભલામણ કરે છે.

## ઠરાવ નં. ૧૭

આ સંમેલન જ્ઞાતિના દાતાઓને ભલામણ કરે છે કે, જ્યારે પણ શૈક્ષણિક તેમ જ વૈદ્યકીય સંસ્થાઓને તેઓ માતબર રકમનું દાન આપે, ત્યારે શક્ય હોય તો દાન લેનાર સંસ્થાઓમાં વધુમાં વધુ સંખ્યામાં ખાટલાઓ તથા શૈક્ષણિક બેઠકો આરક્ષણ કરવાની શરતે દાન આપે કે જેથી જ્ઞાતિજનોને તેનો લાભ મળે.

## ઠરાવ નં. ૧૯

સાહિત્ય, રમત ગમત તથા કલાક્ષેત્રે આપણા જ્ઞાતિજનો પ્રગતિ કરે અને આગળ આવે તે માટે તેમને ઉત્તેજન, માર્ગદર્શન તથા ઉચિત પુરસ્કાર આપવા તેમ જ અન્ય જરૂરી પગલાં લેવા આ સંમેલન અત્યંત જરૂરી સમજે છે. આને અમલમાં મૂકવાની યોજના તૈયાર કરી લાગતી વળગતી જ્ઞાતિ સંસ્થાઓને આપવાની ભલામણ નીચે મુજબની સાત સભ્યોની ઍડહૉક સમિતિને કરે છે.

: ઍડહૉક સમિતિના સભ્યો :

૧. શ્રી ભરત બી. ખીમજી (હુબલી)
૨. શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા (લખનૌ)
૩. શ્રી તિલક કુંવરજી લોડાયા (બેંગ્લોર)
૪. શ્રી ચંપક રાયચંદ જીવાણી (મુંબઈ)
૫. શ્રી મધુકર ગોવિંદજી ખોના (કોઈમ્બતુર)
૬. શ્રી ખેમેન્દ્ર ધનજી શાહ (મુંબઈ)
૭. શ્રી ગોવિંદજી વિસનજી શાહ (મુંબઈ)

## ઠરાવ નં. ૨૧

પ.પૂ. અચલગચ્છાધિપતિ આચાર્ય દેવ ૧૦૦૮ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલતી 'શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' અને 'શ્રી કલ્યાણ ગૌતમ નીતિ મહિલા વિદ્યાપીઠ'ના વ્યવસ્થા તંત્રમાં આપણી જ્ઞાતિને પૂરતું પ્રતિનિધિત્વ મળે તેવો આ સંમેલન અનુરોધ કરે છે. કારણ કે, આપણી જ્ઞાતિ ૯૯.૯% અચલગચ્છની સમાચારી જ પાળે છે.

## ઠરાવ નં. ૨૨

એન્જીનીઅરીંગ, મેડિકલ તથા ટેક્નિકલ શિક્ષણની સંસ્થાઓ જ્ઞાતિહિત માટે સ્થાપવાની જરૂરિયાતને આ સંમેલન સ્વીકારે છે અને આ અંગેની શક્યતાઓ તપાસી તેના અમલીકરણની સત્તા આ સંમલેનના પ્રમુખ શ્રી ભરત બી. ખીમજીને આપે છે.

# તૃતીય સંમેલન

## ઠરાવ નં. ૨ : સાધુ સાધ્વી વૈયાવચ્છ

આપણા સાધુ સાધ્વીઓની, તેમની નાદુરસ્ત તબીયત અને અશક્ત અવસ્થામાં સ્થિરવાસ તથા કાયમી વૈયાવચ્છ કરવાનું આ સંમેલન ઠરાવે છે.

## ઠરાવ નં. ૫ : રહેઠાણ યોજના

જ્ઞાતિજનોના રહેઠાણની જરૂરીયાતોમાં મદદરૂપ થવા જ્ઞાતિના બાંધકામ વ્યવસાયના અનુભવી વ્યવસાયિકો અને કાયદાના નિષ્ણાતોની મદદથી વિવિધ સ્થળે સહકારી ધોરણે વસાહતો ઉભી કરવા આ સંમેલન ઠરાવે છે. સહકારી સોસાયટીના નિર્માણ માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે સ્થપાયેલી નાણાંકિય સંસ્થાઓ જેવી કે એલ.આઈ.સી., એચ.ડી.એફ.સી., એન.એચ.બી., હુડકો ઈત્યાદીની જરૂર પડે તો સહકાર લેવા ઠરાવે છે. ઉપરાંત જરૂરીયાતમંદોને રહેઠાણની કિંમતના ૧૦% જેટલી રકમનું ઋણ આપવા ખાસ ભંડોળ ઉભું કરવાનું ઠરાવે છે.

## ઠરાવ નં. ૬ : રોજગાર વિનિમય અને આયોજન કેન્દ્ર

વ્યવસાયિક, ઔદ્યોગિક તેમજ રોજગાર વિનિમય અંગેની માહિતી ઉપલબ્ધ કરી અને તેનું આદાન પ્રદાન કરવા સર્વે વ્યવસ્થા સાથેનું કાર્યક્ષેત્ર ધરાવતું આયોજન કેન્દ્ર રચવા આ સંમેલન ઠરાવે છે.

## ઠરાવ નં. ૭ : નાણાંકિય નિગમ

જ્ઞાતિજનોના સર્વાંગી વિકાસ માટે જ્ઞાતિના વિવિધ નાણાંકિય સ્ત્રોતને સમુચિત પ્રવાહમાં વાળીને જ્ઞાતિ ઉપયોગી વિવિધલક્ષી ઉદ્દેશોની પૂર્તિ માટે જરૂરી નાણાંકિય નિગમો સ્થાપવાનો આ સંમેલન અનુરોધ કરે છે.

## ઠરાવ નં. ૧૦ :
## ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્કૃતિનો વિકાસ

આજના સમય અનુસાર અચલગચ્છીય પરંપરા પ્રમાણે બાળવર્ગ, યુવાવર્ગ સહિત જ્ઞાતિજનો આપણા ધર્મ અને દશાઈ સંસ્કૃતિ પ્રત્યે શ્રદ્ધાપૂર્વક અનુરાગ અને રૂચી કેળવે એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને ઉત્તેજન આપવા આ સંમેલન સર્વે જ્ઞાતિ મહાજનોને અનુરોધ કરે છે.

## ઠરાવ નં. ૧૨ : શૈક્ષણિક આયોજન

શૈક્ષણિક ક્ષેત્રે પદ્ધતિસરનો વિકાસ સાધવા જરૂરી એવી શૈક્ષણિક સંસ્થાઓ તેમ જ શૈક્ષણિક અને વ્યવસાયિક અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન અને માહિતી કેન્દ્રો શક્ય હોય ત્યાં પ્રસ્થાપિત કરવા આ સંમેલન અનુરોધ કરે છે. ***

## શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા

શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા ૨૫ ઓગસ્ટ ૨૦૧૮ના યોજવામાં આવી હતી. ચેરમેન સાહેબે IFFCO Tokio & Exide Life Insurance Company સાથે થયેલ tie-up ની વાત કરી જેમાં બેંકની શાખાઓ વીમાની પોલિસી ખરીદવામાં બેંકના ગ્રાહકોને મદદ કરશે અને વળતર રૂપે ફીની આવક બેંકને થશે તદુઉપરાંત IIFL સિક્યુરિટીઝ લિમિટેડ સાથે પણ tie-up કરેલ છે જેના અંતર્ગત શેરબજારમાં ખરીદ-વેચાણ માટે જરૂરી Demat ખાતુ બેંકના ગ્રાહકો ખોલાવી શકશે તેની સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ, અન્ય લોન પ્રોડક્ટ, શેરમાં રોકાણ માટે સલાહ વગેરેનો લાભ બેંકના ગ્રાહકોને મળી શકશે. બેંકે એક નવી લોન સ્કીમ મહિલાઓ માટે જાહેર કરી જેમાં બે લાખ સુધીની લોન કોઇ પણ મહિલાને, સીક્યોરીટી વગર, પોતાનો વ્યવસાય કરવા આપવામાં આવશે.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ
## બાયઠ કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ

માનનીય સભ્યશ્રી,

"જય જિનેન્દ્ર"

ઉપરોક્ત બન્ને સંસ્થાની એક **સામાન્ય સભા તા. ૦૭/૧૦/૨૦૧૮, રવીવાર**ના મુલુંડ મુકામે બોલાવવામાં આવેલ છે. બન્નેની સભા સાથે લેવામાં આવશે. આપ સૌને સમયસર પધારવા વિનંતી.

**સ્થળ :**

**આયરીસ (IRIS) બેન્કવેટ હૉલ,**

**પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,**

**જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં,**

**મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

**-: એજન્ડા :-**

૧) ગત તારીખ ૧૮-૦૮-૨૦૧૭ના યોજાયેલ સામાન્ય સભાની મીનીટનું વાંચન અને બહાલી.

૨) સંવત ૨૦૭૪ના પર્યુષણ પર્વનો અહેવાલ.

૩) આપણા શ્રી મહાવીર સ્વામી જિનાલયની (૬૮મી વર્ષગાંઠ) ધ્વજા મહોત્સવનો મહાસુદી ૧૦ તા. ૧૪-૦૨-૨૦૧૯ના ત્રીન્હાનીકા મહોત્સવના કાર્યક્રમની જાહેરાત અને ધ્વજા મહોત્સવની ઉછામણીઓ.

૪) સંવત ૨૦૭૪-૨૦૭૫ શ્રી મહાવીર સ્વામી જીનાલયની વાર્ષિક ચડાવવાની ઉછામણીઓ.

૫) ઉપરોક્ત બન્ને સંસ્થાઓના
ઈ.સ. ૨૦૧૯ / ૨૦૨૦
ઈ.સ. ૨૦૨૦ / ૨૦૨૧
ઈ.સ. ૨૦૨૧ / ૨૦૨૨ની ચુંટણી બાબત ચર્ચા વિચારણા અને જાહેરાત.

૬) અગામી ચુંટણી માટે ચુંટણી કમીશનરની નિમણુંક.

૭) શ્રી પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે.

**એજ લી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**

**બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

માનદ્મંત્રીઓ

**તા.ક.:** ૧) સભાના મુકરર સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા મુલ્તવી રાખી અડધો કલાક બાદ સભા ચાલુ થશે.

૨) મુલ્તવી રહેલ સભામાં એજન્ડા સિવાયના નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

।। શ્રી વાસુપુજ્યસ્વામી નમઃ ।।

# ધુલીયા શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં ૭૨ મો સ્વાતંત્ર દિવસની ઉજવણી

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જીનેંદ્રસાગર સુરીશ્વરજી મ.સા. શ્રી. ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ ધુલીયા સંચાલિત શ્રીજી ઈંગ્લીશ મિડીઅમ સ્કૂલ મા ૭૨ મો સ્વાતંત્ર દિવસના સ્કુલ તરફથી સંસ્થાના કાયમી અધ્યક્ષ પ. પૂ. યતીવર્ય મોતીસાગરજી મ.સા. શ્રીજી ઇંગ્લીશ મિડીયમ સ્કુલ તરફથી આમંત્રણ આપતા ગુરૂદેવ સ્કૂલના આમંત્રણ ને માન આપી તારીખ ૧૫/૮/૨૦૧૮ ના જ્ઞાતીના આદરણીય મહાનુભવઓની સાથે ધુલીયા શ્રીજી ઇંગ્લીશ મિડીયમ સ્કુલમાં પધાર્યા પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા. ની નિશ્રામા સ્વાતંત્ર દિવસ નો ધ્વજા વંદન કરવામા આવેલ. સ્કૂલના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, સ્કુલ સ્ટાફ સાથે ધુલીયા મહાજન શ્રીના કાર્યકર્તા બહુજ ઉમંગ સાથે સ્વાતંત્ર દિવસ ઉજવણી કરેલ. ત્યારબાદ પુજ્ય ગુરૂદેવ મંચ સ્થાનગ્રહણ કરી સ્કુલના સાંસ્કૃતીક કાર્યક્રમમા ભાગ લઇને માંગલીક સાથે આશીર્વાદ આપેલ. સ્વાતંત્ર દિવસના બાળકોને લાડૂ, શેવ આપી મિઠૂ મો કરાવેલ.

નલીયા મહાજનશ્રીના પ્રમુખ મુલચંદભાઇ પદમશી મોતા, મુંબઇ મહાજનશ્રીના માજી માનદમંત્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, મુંબઇ મહાજનશ્રીના વ્યવસ્થાપક કમેટી ભરત જિવાણી સાથે હંસકુમાર દામજી મૈશેરી આવેલ સ્કુલને જોઇ બહુજ પ્રસંગ થયા અને ગૌરવ કરેલ. સ્કુલના બાળકોને પ્રોત્સાહન ઇનામ વિતરણ કરેલ. શ્રીજી ઇંગ્લીશ મિડીયમ સ્કુલના માનદમંત્રી કેતનભાઇ ગોસર, રાજેશ ધરમશી, ધુલીયા મહાજનના માનદમંત્રી અમિત સોની સાથે મહાજનશ્રીના યુવાનો દિપમ લોડાયા, પ્રિતેશ ડાગા, હર્ષદ ગોસર, તરૂણ ગોસર, સૌ. હિનાબેન ગોસર, સૌ. લતાબેન શાહ, સૌ. યાશિકા શાહ, સ્કુલના વિદ્યાર્થીઓંસાથે શિક્ષકવર્ગ, વ્યવસ્થાપક વ સર્વ હાજર રહેલ અને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી બહુજ શાનથી કરેલ.

# કરાડ જ્ઞાતિ - કુરવા ધ્રોળ અને ખોંભડા ગોત્ર

**રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(રમેશભાઇ પણ આપણી જ્ઞાતિના પૂર્વ મૂળના તંતુઓનો તાગ મેળવવાના સંશોધનમાં દાયકાઓથી પરિશ્રમપૂર્વક વ્યસ્ત છે. તેમાં પણ તેઓ પોતાના ગાંઠના ખર્ચે, આપણ પૂર્વજો અને કુટુંબોની માહિતી-ટીપ-ટીપ્પણી-નોંધવહી રાખતા વહીવંચાઓ અને તેમના વારસ-વંશજો પાસેથી તેની નકલો મેળવીને પોતાના શોખ-સંશોધનનું સંવર્ધન કરવાની સાથે આપણને પણ તેનું રસમય અનુપાન કરાવી રહ્યા છે તે વિશેષતઃ પ્રશંસનીય છે.)

કરાડ વાણિયા પોતાને ઋષિ પરંપરાએ કશ્યપ ઋષિનાં વંશજ માને છે. તેઓ મૂળ જ્ઞાતિ મહેશ્વરી (મૈશેરી કે મેશ્રી)માંથી છુટા પડ્યા છે. કરાડ વાણિયાઓનું કચ્છ આગમન તેનાં મૂળ ગોત્ર મૈશેરીથી પહેલા થયેલું છે.

મૈશેરી વાણિયા અજો અને અણગોર નામનાં બે ભાઇઓ સિંધમાં બામણસર નામનાં નગરનાં ધલુરા નામનાં બાદશાહનાં મંત્રીઓ હતા. ઇશુની ૧૪મી સદીમાં કચ્છની કંથકોટ નગરીમાં જામ શામજી નામનાં રાજવી હતા. આ રાજવીના સાળા ધરણ વાઘેલા જે ગેડીનો રાજવી હતો તેણે જામ શાળજીનું ખુન કર્યું. ત્યારે શામજીનો કુંવર ફુલ દોઢ વરસનો હતો. ધરણ વાઘેલા આ ગાદી વારસનું પણ ખુન કરવા માંગતો હતો પણ ફારૂક નામની ચતુર દાસી બાળ કુંવરને લઇને સિંધમાં રહેતા અજો અને અણગોર મૈશેરી વાણિયા પાસે પહોંચી ગઇ. વચ્ચે પકડાઇ ત્યારે આ દાસીએ પોતાના પુત્રને સોંપી કુંવર ફુલને બચાવ્યો.

સમય જતાં આ ફુલ કુંવર યુવાન થયો. એક વખત ધલુરા બાદશાહ સિંહનો શિકાર કરવા નીકળેલ ત્યારે સિંહે ઓચિંતો હુમલો કર્યો એ વખતે યુવાન ફુલે પોતાના ભાલા વડે સિંહને મારી બાદશાહનો જીવ બચાવ્યો. બાદશાહે ખુશ થઇ શરપાવ આપ્યો અને પરિચય પુછયો. તપાસ કરતાં સત્ય બહાર આવ્યું કે આ યુવાન કચ્છ રાજવી જામ શાળજીનો પુત્ર છે. બાદશાહ સૈન્ય સહાય કરી અને ધરણ વાઘેલા પાસેથી ફુલને તેનું રાજ્ય અપાવ્યું. આશરો આપનાર અજો અને અણગોરને જામ ફુલે પોતાનાં રાજ્યમાં બોલાવી મંત્રી પદ આપ્યા. આ જામ ફુલ તે કચ્છનાં પ્રતાપી રાજવી લાખા ફુલાણીનાં પિતા.

''ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટ ઓફ બોમ્બે'' ૧૮૮૨નાં પ્રકાશિત વોલ્યુમ ૩ની નોંધ મુજબ આ અજો અને અણગોર બંધુ અને એમની મૈશેરી નાત વચ્ચે કોઇ કરાર થયેલા. કોઇ કારણસર બન્ને ભાઇઓની નાત વચ્ચે તકરાર થતાં તેઓએ કરારનો ભંગ કરી પોતાંની અલગ નાત ઉભી કરી. કરાર ભંગ પરથી કરાર જ્ઞાતિ જેનું અપભ્રંશ કરાડ થયું.

એક દંતકથા મુજબ અજો અને અણગોરે માતાના મઢ ગામે આશાપુરા માતાનું મંદિર બાંધ્યું. પરંતુ આ મૂળ મંદિરનો જીર્ણોધ્ધાર કે ફરી નિર્માણ હોઇ શકે છે કારણ અજો-અણગોરનો સમય ૭૦૦ વરસની આસપાસનો છે જ્યારે આશાપુરા માતાનું મંદિર ૧૫૦૦ વરસ જેટલું પ્રાચીન છે. અન્ય દંતકથા મુજબ દેવચંદ નામના મહેશ્વરી વણિક (મારવાડનાં વણઝારા)એ આ મંદિર બંધાવ્યું તેવો ઉલ્લેખ છે. આ મંદિર સને ૧૮૧૯ અને ૨૦૦૧માં ભુકંપથી ધ્વંશ થયેલ અને ફરી બંધાયું છે તે મુજબ ૭૦૦ વરસ પહેલા પણ ધ્વંશ થયું હશે અને આ વણિક બંધુએ ફરી બંધાવ્યું રહેશે.

મહેશ્વરી પરિવારો મૂળ મારવાડનાં નાગોર પ્રાંતના દુષ્કાળ અને મુસ્લીમોનાં આક્રમણોએ અન્ય પ્રજાની જેમ મારવાડ છોડી થરપારકર અને સિંધમાં વસ્યા. ત્યાંથી કચ્છમાં વાગડમાં વસ્યા. મૂળ શૈવધર્મી રાજપૂત જૈન ધર્મગુરૂઓનાં સંપર્કમાં, આપણી જેમ તેમાંથી થોડા લોકોએ જૈન ધર્મ સ્વીકાર્યો અને ઓસવાલમાં ભળ્યા. આપણી જ્ઞાતિનું મૈશેરી ગોત્ર આ માંહેલું હોઇ શકે છે. દશા ઓસવાળોમાં ભળ્યા બાદ પોતાની મૂળ ઓળખ મૈશેરી ચાલુ રાખી છે. શ્રીયુત કુલીન ભોજરાજ લોડાયાના મતે નાગ્રેચાનાં પનપારિયા, લઘડ મૂળ મૈશેરી છે. નાગ્રેચામાં વસતું અન્ય ગોત્ર સાંયા પણ મૈશેરીની પેટા શાખા હોઇ શકે છે. કુટુંબના વડિલ સાંયા પરથી આ ઓળખ શરૂ થઇ હશે. આપણાં બીજા-ત્રીજા વસતિ પત્રકમાં માંયા પરિવારોને મૈશેરી તરીકે દર્શાવ્યા છે તે કદાચ તેઓ મૈશેરીની પેટા શાખા હશે તે કારણે હોઇ શકે છે.

પનપારિયા, લઘડ અને માંયા ગોત્રની વસતિ એક જ ગામ નાગ્રેચામાં છે. સવંત ૧૯૮૧માં પ્રથમ વસતિ પત્રક બહાર પડ્યું તેમાં આ ત્રણે ગોત્ર નાગ્રેચામાં બતાવ્યા છે પરંતુ તેનાથી ૨૦ વરસ પહેલાં સવંત ૧૯૬૦ની નોંધમાં આપણાં ગામોની યાદીમાં નાગરેચા (નાગ્રેચા) ગામ છે પણે એ વખતનાં ગોત્રોના નામોમાં પનપારિયા, લઘડ કે માંયા ગોત્રનાં નામો નથી. મૈશેરી ગોત્રનું નામ છે. આ ૨૦-૨૫ વરસનાં ગાળામાં નવા ગોત્રોનું આપણી જ્ઞાતિમાં ઉમેરાવું શક્ય નથી લાગતું પરંતુ તેઓ મઇશેરી તરીકે ઓળખાતા

હશે તે શક્ય છે. પ્રથમ વસતિ પત્રકમાં પનપરીયાની સંખ્યા ૧૧, માંયા ૯ લધડની ૬ની હતી.

ગેઝેટીયર ઓફ ધી બોમ્બે પ્રેસીડન્સીનાં સને ૧૮૮૨ના કચ્છ, પાલનપુર અને મહીકાંઠા શિર્ષક હેઠળ પાંચમાં વોલ્યુમમાં નોંધ છે કે કચ્છવાસી કરાડ વાણિયા ૫૫૦ વરસ (વર્તમાને ૬૭૫ થી ૭૦૦ વરસ) પહેલાં કચ્છમાં આવ્યા અને કચ્છનાં મઢ, ભૂજ, માંડવી તથા પશ્ચિમ કચ્છમાં વસવાટ કર્યો. તેમનું મૂળ વસવાટનું સ્થાન ગોધરો, ઘી-તેલ-ખાંડ-ગોળનો મુખ્ય વ્યવસાય. કરાડની બરાડ, કુરવા, રાબડિયા, ધ્રોળ, વિટરીયા, ખોંભડિયા (ખોંભડા) જેવી પેટા શાખાઓ.

આ કરાડની શાખાઓ વ્યવસાયમાં જોડાયેલી હતી અને તેની મૂળ શાખા મૈશેરી (મહેશ્વરી)નાં પરિવારો સિંધમાંથી કચ્છ આવ્યા તેઓ આર્થિક રીતે નબળા હતા. કરાડ જ્ઞાતિનો મહેશ્વરી જ્ઞાતિ સાથે રોટી-બેટીનો વ્યવહાર હતો. પરંતુ પોતાને ઉચ્ચ માનનારા કરાડ જ્ઞાતિએ મહેશ્વરી સમાજને ધુતકાર્યો અને તેથી વળતામાં મહેશ્વરી સમાજે કરાડ જ્ઞાતિમાં બેટી વહેવાર કરવાનું બંધ કર્યું. કરાડ જ્ઞાતિ મહેશ્વરી જ્ઞાતિ કરતાં સંખ્યામાં અલ્પ હતી. સને ૧૮૭૨માં કરાડ વણિકની સંખ્યા કચ્છમાં ૨૧૩ હતી જેની સામે મહેશ્વરી જાતિની સંખ્યા ૮૬૮ની હતી. અલ્પ સંખ્યાને લીધે પોતાનાં સંતાનોને પરણાવવાની સમસ્યા ઉભી થઇ. તેથી કરાડ જ્ઞાતિએ આપણી જ્ઞાતિને તેમાં સમાવી લેવા વિનંતી કરી. કરાડ જ્ઞાતિનું આપણી જ્ઞાતિમાં ભળવાનું કારણ કદાચ તેમનાં મૂળ ગોત્ર મૈશેરીને અગાઉથી આપણામાં સમાવેશ કરી લીધેલ તે હોઇ શકે છે. રહેણીકરણીમાં પણ સામ્ય હોઇ આપણાં સમાજે એમને ભેળવ્યા હશે.

આપણી જ્ઞાતિનો પ્રથમ કેસ મુંબઇ ન્યાયાધિકારી હાઇકોર્ટમાં સાધારણ અસલ દીવાની અધિકાર ફરીયાદ નં. ૨૯૮ સને ૧૮૬૯માં વાદી કરાડ નાતના આગેવાનો પ્રેમજી લધા, લખમસી રવજી અને લખમસી શીવજી વિરૂધ્ધ હરભમ નરશી માડણ તેજસી, કેશવજી નાયક, ઘેલાભાઇ પદમસી, વર્ધમાન પુનશી, પતરામલ રતનશી, નાગસી સોદે અને ચત્રભુજ આશારીયા-દશા ઓસવાળ નાતના આગેવાનો પ્રતિવાદી વચ્ચે લડાયો. આ કેસ કરાડ નાત કેસ તરીકે પ્રખ્યાત થયેલ જે કરાડ જ્ઞાતિ વિષે વધારે પ્રકાશ પાડે છે.

આજથી ૧૦૦-૧૫૦ વરસ પહેલા નામ સાથે અટક (નુખ) લખવાની પ્રથા ન હતી તેથી કરાડ નાતનાં આગેવાનો કઇ નૂખનાં હતા તે જાણી શકાતું નથી તેમજ કરાડ જ્ઞાતિની આપણી જ્ઞાતિમાં કુરવા, ધ્રોળ અને ખોંભડા નૂખો હતી. જેમાંથી ખોંભડા નૂખ વિલીન થઇ ગઇ તથા અન્ય બે નુખ (ગોત્ર)ની વહી પ્રાપ્ત થઇ શકી નથી જેથી આ આગેવાનોનું ગોત્ર જાણી શકાયું નથી. પરંતુ ઉપરોક્ત કેસમાં મૂળ વાદી પ્રેમજી લધા કચ્છમાં હતા અને તેના ભાઇનું ગામ ગોધરો દર્શાવેલ છે તથા ગોધરોમાં વસતિ કુરવા અને ધ્રોળની હતી તેથી આ ગોત્રમાંથી હોઇ શકે છે.

કેસ પરથી જાણી શકાય છે કે કરાડ જ્ઞાતિના ૨૦ પરિવારો મુંબઇમાં ૧૯મી સદીના પૂર્વાધમાં વસતા હતા અને ૫૦ જેટલા પરિવારો કચ્છમાં હતા. તેઓએ સને ૧૮૧૫નાં અરસામાં દશા ઓસવાળ જ્ઞાતિમાં ભળી જવાની અરજી કરેલ. થયેલ ઠરાવ પ્રમાણે કરાડ વાણિયા જેઓ શૈવધર્મી હતા તેમને પોતાનો ધર્મ પાળવાની છૂટ હતી, લગ્ન વખતે જે જ્ઞાતિની દીકરી હોય તેમનો ગોર લગ્ન કરાવે અને વહુએ પોતાના ધણીનો ધર્મ પાળવો. કરાડ જ્ઞાતિની ખાસ કોઇ મિલ્કત ન હતી. તેઓ દશા ઓસવાળની મિલ્કતો કર ભર્યેથી વાપરી શકતા. શરૂઆતમાં બંન્ને જ્ઞાતિ વચ્ચે સારા સંબંધો રહ્યા પરંતુ સમય જતાં બન્ને જ્ઞાતિ વચ્ચે તકરાર ઉભી થઇ. કહે છે કે કરાડ જ્ઞાતિએ દશા ઓશવાલોની મિલ્કતમાં તથા વહીવટમાં હક્ક હિસ્સાની માંગણી કરી તેથી ઝગડો ઉભો થયો. પ્રત્યાઘાત રૂપે દશા ઓસવાળોએ કરાડને તેમનો ધર્મ છોડી જૈન ધર્મ પાળવાનું ફરમાન તથા દબાણ કર્યું. મામલો બગડતા ઉપરોક્ત દાવો કોર્ટમાં દશા ઓસવાલ જ્ઞાતિ સામે મંડાયો. આ કેસનો એક મુખ્ય મુદો હતો કે દશા ઓસવાલો (પ્રતિવાદી) પક્ષ મજબૂત છે, સંખ્યા વધુ છે અને સત્તાવાળો હોવાથી સામા ધણીને પોતાનો ધર્મ બદલાવવાની ફરજ પાડી શકે કે કેમ ? તે હતો. મુકાદો દશા ઓસવાલ નાતની વિરુધ્ધ આવી શકે તેમ હતો પરંતુ સદનશીબે ઘરમેળે ગચ્છ નાયક શ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી કરાડ જ્ઞાતિએ જૈનધર્મ સ્વીકાર્યો અને તા. ૧૬-૧૨-૧૮૭૦ના ઝગડાનો અંત આવ્યો.

કરાડ જ્ઞાતિ અજો અને અણગોરની વંશજ છે અને મુલતઃ મહેશ્વરી (મૈશેરી) જ્ઞાતિની પેટા શાખા છે તે આપણી જ્ઞાતિમાં ભળેલ મૈશેરી ગોત્રની વંશાવલી પરથી જાણી શકાય છે. મૈશેરી ગોત્રની એક વંશાવલી નીચે પ્રમાણે છે. ગામ લાલાના મૈશેરી લહેરચંદ-વેલજી-શીવજી-ઘેલા-હીરજી-કાનજી-ખીમણાંધ-લીલાધર-આણંદ-નાંયા-સીરપાર (શ્રીપાલ)-પાસડ-ભારીયા-હેમરાજ-ખેતા-રાજાણી-ભોજાણી-માલા-ભાકરસી-દામોદર-ધરમસી-રાયસી-કેશવ-પુરખા-માલા-કુપાણી-અજાણી (અજો).

કુરવા ગોત્ર કરાડ જ્ઞાતિનું સૌથી મોટું ગોત્ર છે અને એમનો વસવાટ ગોધરા અને બાંયઠમાં છે. ઓધવજી વીરમ વીસરામનો પુત્ર મેઘજી ગોધરેથી બાંયટ વસ્યો છે. પ્રથમ વસતિપત્રક સને ૧૯૨૫માં કુલ સંખ્યા ૧૦૯ની હતી જે પૈકી ૯૭ ગોધરામાં અને ૧૨ બાંયટમાં હતા. તેમની થોડી વંશાવલી :

૧) ગોધરો : દેવન-રાજેન્દ્ર-મણીલાલ-ભવાનજી-ડુંગરસી-લખમસી-નેણસી-કરમસી-પાંચારીયા.

૨) ગોધરો : અમિત-મંગલ-નવિન-ખેતસી-મુરજી-ગોવિંદજી-શામજી-ઓધવજી (દેવજી)-વીરમ - વીસરામ.

૩) બાંયટ : અશ્વીન-કિરણ-ખેતસી-હીરજી-નરસી-દેવસી-મેગજી-ઓધવજી (દેવજી) - વીરમ - વીસરામ.

કરાડ જ્ઞાતિનું અન્ય પ્રમુખ ગોત્ર ધ્રોળ (ધોડ) છે. જેઓનો વસવાટ ધ્રોળ અને કોટડી છે. કુલ સંખ્યા પ્રથમ વસતિ પત્રકમાં ૨૩ હતી જેમની વંશાવલી :

૧) ધ્રોળ : વિક્રમ-મનોજ-દેવસી-શામજી-પદમસી-મુરજી-સોદે-દેવા-જાગાણી.

૨) કોટડી : અજય-જવેરચંદ-દામજી-નરશી-હંસરાજ-કુરસી-કચરા.

કરાડ જ્ઞાતિનું અન્ય એક ગોત્ર ખોંભડાની ત્રણ વ્યક્તિ એક પુરુષ + બે સ્ત્રી પ્રથમ વસતિ પત્રકમાં હતા. ઉમરસી-નાગશી-લધા. જેમનો વસવાટ ગોધરોમાં હતા. એમના જવાથી આ ગોત્ર નષ્ટ થયું.

***

## જ્ઞાતિ સંમેલનમાં વૃદ્ધો માટે કોઈ નક્કર યોજના સાકાર થાય તો સોનામાં સુગંધ ભળે




ભવિષ્યમાં જ્ઞાતીને કઈ સમસ્યાઓનો સામનો કરવો પડશે એ બાબત બહુ સ્પષ્ટ દેખાય છે અને એ સમસ્યાઓનો ઉકેલ હાલમાં સર્વ સંમતિથી થઈ શકે. આપણી જ્ઞાતી ઈતર જ્ઞાતીઓની સરખામણીમાં હમેશા અગ્ર હોય છે. મહિલ શિક્ષણ. વૈદ્યકીય સહાયતા, શિક્ષણ સહાય માટે યોગદાન ઈત્યાદી બાબતોમા સારૂ કામ થયુ છે પણ...

૧) દેશાવરથી આવતા જ્ઞાતિજનોને મુંબઈમાં રહેવા માટેની કોઈ યોજના અમલમાં મુકી શક્યા નથી, ચર્ચોઓ વાતો ઘણી થઈ.

૨) ભવિષ્યમાં આપણી જ્ઞાતિમાં જ નહી પણ વિશ્વમાં વૃધ્ધોની સંખ્યામાં વધારો થતો રહેશે; હાલ યુવાનો વિવાહ લગભગ ઉમર ૩૦ આસપાસ કરે છે અને એક સંતાન અથવા શુન્ય સંતાનનું આયોજન શરૂ થઈ ગયુ છે તે ઉપરાંત આંતરજ્ઞાતીય સગપણ અને વિવાહો લગભગ ૫૦% થી વધુ થઈ રહ્યા છે. આંતરજ્ઞાતિય સગપણો અને વિવાહોના કારણે યુગલો જ્ઞાતિથી લગભગ સંપર્ક રાખવાનું ટાળે છે.

અને સમાજરહીત સમાજ રચનાની પ્રક્રીયા ચાલુ થઈ ગઈ છે, એના દૂરગામી પરિણામે શું આવશે અને એનો લાભ કેમ લેવો ? સમાજ હોય તો સમાજના નિયમો, રીતી રીવાજો, તહેવારોનું પાલન થાય. પણ સમાજ રહિત સમાજમાં કોઈ નિતીનીયમો, રીત રીવાજો, બંધનો હોતા નથી. જેથી શિસ્ત વગરની સ્વતંત્રતા - એક મોટી હાનીકારક બાબત થઈ શકે.

Freedom, without Discipline = Disaster

આપણા દેશમાં સ્વતંત્રતા છે પણ શીસ્ત નથી એનું પરિણામ જોઈ રહ્યા છિએ. બસ, ટ્રેન, સરકારી ઈમારતો બાળવી કે હાની પોહચાડવી, રસ્તા, ટ્રેન રોકો કોઈ બોલવાનું નથી. ગમે તેમ બોલો કોઇ પુછવા વાળુ નથી.

વાણી સ્વતંત્રતા નામે ગમે તે બોલો.

એ સમાજ વગર ના સમાજ ના પરિણામો સામે દેખાય છે.

નલિયામાં સંમેલન ભરવાનું છે એમાં આ વિષય સામેલ કરવો જેથી ખાસ કરીને વૃધ્ધો માટે ભવિષ્યમાં કંઈ યોજનાઓ બને. મુંબઈમાં દેશાવરથી જ્ઞાતિજનો માટે રહેવા ઉતરવાની વ્યવસ્થા બાબત કંઈ નક્કર યોજનાને સાકાર આપવાનો સમય પસાર થઇ ગયો, પણ જાગ્યા ત્યારથી સવાર. એટલે હજી પણ આ બાબત કંઈ નક્કર પગલા ભરાય તો ભવિષ્યમાં વૃધ્ધો સારૂ જીવન જીવી શકશે.

**- પ્રવીણ દામજી ડાઘા, ચેન્નઇ**

### ''કામણગારા કચ્છના તારણહાર''

ઇ.સ. ૨૦૦૧માં કુદરતના પ્રકોપ એવા ધરતીકંપ થી ભયંકર વિનાશ સર્જોયો ત્યારે તે વખતનાં આપણા વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપાયીજીએ કચ્છના પુનઃવિકાસ માટે જહેમત ઉઠાવી. એમણે જાહેર કર્યુ કે હવેથી કચ્છમાં નાના મોટા કોઇ પણ ઉદ્યોગને એકસાઇઝ ડ્યુટી તથા સેલ્સટેક્સ માફ કરવામાં આવશે. આ નિર્ણય થકી કચ્છમાં ઘણાં મોટા ઉદ્યોગોની સ્થાપના થઇ. આજે આપણી માતૃભૂમિ ઉદ્યોગ અને વ્યાપારથી ધમધમે છે એ વાત કેમ ભુલાય ? **- ધર્મેન્દ્ર રતીલાલ નાગડા,** માટુંગા

|| શ્રી સુમતિનાથાયનમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો. બૉ. નં. 11, મલકાપૂર-443101 (જી.બુલડાણા)

☎: (07267) 222032, 222232, Gram : KUMAR

**પ. પુ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ. સા.આદિ ઠાણા ૪ નો ચાર્તુમાસ પારોલા છે.**
**દર્શન વંદન નો લાભ લેશોજી. સવારના ૯ થી ૧૦ વ્યાખ્યાન**

## જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૨૩ સપ્ટેંબર ૧૮ પારોલા મુકામે બપોરના ૧.૩૦ કલાકે

**પ્રમુખ શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ ના અધ્યક્ષતાંમા**

નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવાંમા આવેલ છે.

સર્વેને સમયપર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

1) શ્રધ્દાંજલી
2) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી.
3) અહવાલ વાચન
4) ઑડીટ થયેલ તારીખ 31-3-18 સુધીના રીપોર્ટને મંજુરી.
5) 2018-2019 ના અંદાજ- પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમા લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
6) 2018-2019 નાં વર્ષ માટે ઓડીટરની નેમણૂક કરવી
7) વ્યકતી વિશેષોનુ સન્માન.
8) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોનું માર્ગદર્શનપર વકતવ્ય
9) પ્રમુખ સાહેબની મંજુરીથી ઐન સમયપર આવેલ વિષયોપર ચર્ચા વિચારણા તેમજ મંજુરી
10) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

ટીપઃ- ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામા આવેલ છે.

નોંદઃ- વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા પારોલા સરનામે જણાવશોજી.

**કાર્યક્રમ સ્થળ-**
**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર**
**રથ ગલી, પારોલા**-425111
**ફોન નં.** 02597-292449

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
માનદ મંત્રી
**ગોવિંદજી નેણશી સોની, (ધુલીયા)**

ટીપઃ ૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મં ત્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ આગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી
૨) કારોબારીસમિતીની મિટીંગ૨૩/૦૯/ના સવારના૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

|| શ્રી સુમતિનાથાયનમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

## તા. 31-3-2018 ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| | | ફિક્સ ડીપૉઝીટ વ્યાજ | 201696.90 |
| સ્ટેશનરી પ્રિંટીંગ/એડવ્હેંટાઇજ | 21000.00 | તથા બેંક વ્યાજ ના | |
| ટ્રસ્ટના ઉદેશો અંગે ખર્ચ | | ડિવિડંડ | 95.00 |
| માનવ ઉત્કર્ષ | 126000.00 | સાધર્મિક સહાયતા | 78340.00 |
| શૈક્ષણિક સહાયતા | 196289.00 | શૈક્ષણિક ફંડ | 00 |
| | | આવક કરતા જાવક વધારે | 63157.10 |
| | ---------- | | ---------- |
| | 343289.00 | | 343289.00 |
| | ---------- | | ---------- |

## સરવૈયુ તા. 31-3-2018

| ફંડ અને જબાબદારીયો | | મીલકત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | 168468.00 | રોકડા | 120.36 |
| માનવ ઉત્કર્ષ ફંડ | 150784.00 | ફિક્સ ડિપોઝીટ | 2159556.00 |
| મહિલા મંચ | 62598.00 | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | 61732.91 |
| શૈક્ષણિક સહાયતા ફંડ | 1647064.44 | જનતા કમ.બેંક સેવ્હીંગ ખાતે | 71127.17 |
| યુવા પ્રેરણા ફંડ | 15745.00 | મલકાપૂર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 78416.00 |
| Corpus Fund | 438069.00 | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 2176.00 |
| સાધર્મિક વૈધક્રિય સહાયતા | 11400.00 | શેઅર્સ જનતા કમર્શિયલ | 1000.00 |
| | 2494128.44 | | 2494128.44 |

લી.

શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

તા. 31-3-2018

ખજાનચી

**ઉત્તમચંદ દેવશીભાઈ દંડ (મલકાપૂર)**

।। શ્રી શાંતીનાથાય નમઃ ।।

# શ્રી પારોલાતિર્થ નાં આંગણે શ્રી નવકાર જાપ મહા અનુષ્ઠાન તથા થઇ ગયેલ માજી પ્રમુખોની આદરાંજલી સભા

શ્રી શાંતીનાથ પ્રભુની છત્રછાયા, અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસુરિશ્વરજી મ. સા. તથા આચાર્ય ભગવંતોના શુભાઆશિષ. પ. પૂ. વિદુષી સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા ચાર્તુમાસ બિરાજીત પ. પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪ ની નિશ્રા સાથે પ. પૂ. યતીવર્ય મોતીસાગરજી મ.સા. અને સમારોહના પ્રમુખ શેઠશ્રી તિલોકચંદ નરશીભાઇ દંડ મલકાપૂર વાલા સાથે મુંબઇ મહાજનશ્રી, શ્રી સમસ્ત ક. દ. ઓ. જૈન મહાજન તેમજ જ્ઞાતીનાં પાચ એકમોના પદાધિકારી, ટ્રસ્ટીગણ તથા અગ્રણીય મહાનુભઓની ઉપસ્થીતી સાથે ત્રણે દિવગંત માજી પ્રમુખશ્રીઓના ફોટોનું અનાવરણ તથા મરણોત્તર માનપત્ર અર્પણ, ત્રણે દિગવંતોના આત્મશ્રેયાર્થે શ્રી નવકાર મહામંત્ર અનુષ્ઠાન માજી પ્રમુખશ્રીઓની આદરાંજલી સભા શ્રાવણ સુદ પાંચમ તા. ૧૫/૮/૨૦૧૮ બુધવારે શ્રી પારોલા ક. દ. ઓ. શ્વે. મૂર્તીપૂજન જૈન સંઘે આયોજન કરેલ.

જેમા ૩૦૦ થી વધૂ શ્રાવક-શ્રાવિકાઓંની ઉપસ્તીથી રહેલ. સર્વપ્રથમ આચાર્યોને ગુરૂવંદન, પાઠઉપર વિરાજીત ગુરૂભગવંતોને ગુરૂવંદન કરી પૂજ્ય સાધ્વીશ્રી સયંમગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા. ના માંગલીક આશિર્વચન સાથે શ્રી નવકાર જાપ અનુષ્ઠાન શ્રી રાહિ સાહેબ ના ધર્મપૂત્ર હર્ષ દેઢીયા ના મુખે શુરૂવાત કરવામાં આવેલ. શ્રી નવકાર મંત્રના ત્રણ મણકા પછી ત્રણે દિવગંત પ્રમુખશ્રીના આદરાંજલી સભાનુ કાર્યક્રમ ચાલુ કરતા પેહલા મંચ સ્થાપના કરી સર્વ મહાનુભાવનું બહુમાન કરવા આવેલ ત્યારબાદ વડીલ મુરબ્બી માજી પ્રમુખ સ્વ. સોમચંદભાઇ, સ્વ. કુવરજીભાઇ અને સ્વ. દિપકભાઇ. શ્રીસંઘમા ત્રણે સુકૃત્ય કાર્ય કરેલ તેનું વાંચન કરી એમના પરિવારોનું બહુમાન કરી શ્રીસંઘ તરફથી મરણોત્તર માનપત્ર અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ મંચ ઉપર બિરાજમાન મહાનુભઓને પોતપોતાનું મંત્યવ્યો સાથે અનુમોદના કરી ત્રણે દિવંગતોને પ્રભુ ચિરશાંતી આપે એવી પ્રાર્થના કરેલ.

સ્વ. દિપકભાઇ નાની ઉમરથી શ્રી સંઘના કાર્યકર્તા ,ટ્રસ્ટી, માનદમંત્રી સાથે ૧૫ વર્ષથી શ્રી સંઘના પ્રમુખ પદે રહયા. શ્રીસંઘે દિપક દામજી પોલડીયા સાધાર્મિક સહાયતા ફંડની જાહેરાત કરતા. શા. દામજી શામજી પોલડીયા પરિવારે ઉદાર દિલથી માતબ્બર રકમની સુરૂઆત કરતા સારા જેવો ફંડ ભેગો થયો. ફંડને કાયમી રાખી એના વ્યાજમાથી સાધાર્મિક ભાઇયોને સહાયતા આપવામા આવશે. એની જાહેરાત કરવામા આવેલ. તેમની સ્મુર્તી કાયમી યાદગાર રહે એ હેતુથી શ્રી સંઘ તરફથી ગૌતમલબ્ધી કળસ દાનવિરોને ભેટ આપવામાં આવેલ. સર્વ ભાવિકોએ અનુમોદના કરી. ત્યારબાદ ચૌથા મણકાની શુરૂવાત કરી. ત્રણે દિવગંતો પ્રમુખશ્રીઓંના ફોટાનું અનાવરણ કરતા ગુરૂભંગવતોએ માંગલીક સાથે વાક્ષેપ છાટી ફોટાઓંનું પરિવારે અનાવરણ કરેલ. શ્રી નવકાર પરિવાર તરફથી બે ચામર હર્ષ દેઢીયાએ શ્રી સંઘનેં ભેટ આપેલ કાર્યક્રમની પુર્ણાહૂતી કરી. શ્રી શાંતીનાથ દાદાની જય બોલાવી સાધાર્મિક ભક્તી કરી. બપોરના ત્રણ વાગે શ્રી સમસ્ત મહાજનશ્રી તરફથી ચૌથા જ્ઞાતી સંમેલન બાબત મિટીંગ રાખવામા આવેલ. તેમા પણ સર્વ શ્રાવક શ્રાવિકાઓં હાજર રહયા. સંમેલના પ્રમુખશ્રી મુલચંદભાઇ સાથે સમસ્ત મહાજનશ્રીના જનરલ માનદ મંત્રી નિશીદભાઇ દંડ સંમેલન ની રૂપરેખા આપી. જ્ઞાતી સંમેલનમાં હાજર રહેવા આમંત્રણ આપેલ. ત્યારબાદ શ્રી ધુલીયા બોર્ડીંગની કારોબારી મિટીંગ પ.પૂ. યતીવર્ય મોતીસાગરજી મ.સા. ના પ્રમુખપણા હેઠળ થયેલ. ત્યારબાદ પ્રતિક્રમણ ભાવના આરતી મંગલ દિવો કરી વિરામ કરેલ.

|| ॐ હ્રૌં શ્રીં અર્હં શ્રી શાંતિનાથ સ્વામિને નમ: પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાની જય હો.... વિજય હો....||

|| પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાનો સદા જય હો.... વિજય હો....જયજયકાર હો || પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાનો સદા જય હો.... વિજય હો....જયજયકાર હો ||

|| પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાનો સદા જય હો.... વિજય હો....જયજયકાર હો || પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાનો સદા જય હો.... વિજય હો....જયજયકાર હો ||

|| શ્રી શાંતિનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તીપૂજક જૈન શ્રીસંઘ, પારોલા

૨થ ગલ્લી, પારોલા ૪૨૫ ૧૧૧ જિ. જલગામ (મહારાષ્ટ્ર) ફોન નં. ૦૨૫૯૭ - ૨૯૨૪૪૯

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ નીતિ દાન-નેમ-ગુણ-ગુણોદય
કલાપ્રભ કવિ વીર મહોદય સાગર સૂરીભ્યો નમ:

**પારોલા તીર્થે**

# આસોમાસની સામુદાયિક આયંબિલ ઓળીની

**પ્રારંભ**
**આસો સુદ ૭**
**તા. ૧૫/૧૦/૨૦૧૮**

# આરાધના

**પૂર્ણાહૂતિ**
**આસો સુદ ૧૫**
**તા. ૨૩/૧૦/૨૦૧૮**

**-: શુભનિશ્રા :-**

**તપચક્રવર્તી અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની શાસન પ્રભાવિકા**
**પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા**

## પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪

સરનામું : ____________________

____________________

____________________

ફોન/મોબાઇલ નં. : ____________________

મને ઓળીની આરાધનામાં જોડાવાની ભાવના છે. બધાજ કાર્યક્રમોમાં હાજરી આપીશ...
મને અનુમતિ પ્રદાન કરશોજી.

તા. .................... સહી ....................

જેમાં ખાવાનું છે નીરસ, કાઢવાનો છે શરીરનો કસ, સાધના થાય સરસ,
આત્મા બને પારસ, એવા છ વિગઇના ત્યાગરૂપ શાશ્વતી ઓળીની આરાધના કરવા આરાધકો

## પારોલા તીર્થે પધારો.... પધારો !

**સૂચના**

તમોને તા. ૧૪/૧૦/૨૦૧૮ સુધી પારોલા પહોચવાનું રહેશે.
પૂજા - પ્રતિક્રમણ ના વસ્ત્રો, કટાસણું-નવકારવાળી
પહેરવાના કપડા સાથે લાવવાના રહેશે.
ફૉર્મ ભરી મોકલવાની છેલ્લી તા. ૧/૧૦/૨૦૧૮

લિ.
શ્રી ક.દ.ઓ શ્વેતાંબર મૂર્તીપૂજક
જૈન શ્રીસંઘ, પારોલા
પ્રમુખ - ધનપતી કુવરજી મોમાયા
ના જય જિનેંદ્ર

|| ॐ હ્રૌં શ્રીં અર્હં શ્રી શાંતિનાથ સ્વામિને નમ: પારોલા મંડન શ્રી શાંતિનાથ દાદાની જય હો.... વિજય હો....||

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ

ના ૬૫માં સ્થાપના દિવસ નિમિત્તે ૧૯ ઓગસ્ટ ૨૦૧૮, રવિવારના રોજે **"સવાલોત્સવ - સવાલો કી શામ, આપકે નામ"** આ કાર્યક્રમ ઝવેરબેન પોપટલાલ ઓડિટોરિયમ, ઘાટકોપરમાં યોજાયું હતું.

આ કાર્યક્રમની શરૂઆત બપોરના ૩ વાગે વિદ્યાર્થી સંઘના કાર્યકર્તા કુ. વિધ્ધિ અને કુ. હર્ષિતા દ્વારા નવકાર મહામંત્રના સ્મરણ સાથે ગેસ્ટ ઓફ ઓનર શ્રી નીલ કિરીટ સોમૈયા (Municipal Councillor, Mulund & Secretary Mumbai BJP), ચીફ ગેસ્ટ શ્રી અનિકભાઇ નરેન્દ્ર ધરમશી (Director - HD Fire Protect Pvt. Ltd.), સ્પેશલ ગેસ્ટ શ્રીમતી દમયંતિબેન લોડાયા (લોખંડવાલા), શ્રી હિરેનભાઇ ધરમશી, શ્રીમતી પૂજા અનિક ધરમશી, પ્રમુખ શ્રી હેમીલભાઇ દંડ, ઉપપ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા અને માનદમંત્રી કુ. એકતા લોડાયા દ્વારા દીપ પ્રાગટ્યન કરીને થઇ.

વિદ્યાર્થી સંઘની ટીમ દ્વારા ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપાઇને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

કાર્યક્રમના હોસ્ટ દ્વારા ક્વિઝ રમાડવામાં આવી. એમાં ગ્રુપ પ્રમાણે ચિટ્સ ઉપાડી ૬ લાકોની ૪ ટીમ બનાવવામાં આવી, એવા ૫ રાઉન્ડ થયા. કુલ મળીને ૧૨૦ લોકોએ રમત રમી. જેમાં ૩૦ લોકો વિજેતા રહ્યા અને ૯૦ લોકો રનર્સ-અપ રહ્યા. સહુ વિજેતા ટીમ્સ અને રનર-અપ ટીમ્સને ઇનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા. સાથેજ ઓડીએન્સ રાઉન્ડમાં ઓડીએન્સને રમાડી એમને પણ ઇનામ અપાયા. કુલ માંડીને ૨૦૦ લોકોએ કાર્યક્રમમાં પધારી કાર્યક્રમની શોભા વધારી.

મીડિયા પાર્ટનર તરીકે જ્ઞાતિમૈયા, ગુર્જરમાત અને વોઇસ ઓફ ઘાટકોપર હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડના નેતૃત્વમાં ઉપ-પ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા, માનદમંત્રી કુ. એકતા લોડાયા, સહમાનદ્ મંત્રીઓ કુ. લબ્ધી લોડાયા અને શ્રી શુભમ લાપસીયા, માનદ્ કોષાધ્યક્ષ શ્રી ૠષભ પોલડીયા, સહમાનદ્ કોષાધ્યક્ષો શ્રી પ્રિન્સ ધરમશી અને કુ. શ્રૃષ્ટિ લોડાયા, કમિટી મેમ્બર્સ મીત મૈશેરી, અશ્વિન લોડાયા અને ચિરાગ કોંટેક્ટ મેમ્બર્સ ધનિષ્ઠા ધરમશી, ડિમ્પલ જીવાણી, ઇશીતા છેડા, હર્ષિતા પોલડીયા, હેતલ લોડાયા, નિશિતા દંડ, નિતિ મૈશેરી, સિધ્ધિ લોડાયા, ઉર્વી લોડાયા, વિધ્ધિ છેડા, ભવ્ય દંડ, ધર્મીલ નાગડા, ગૌતમ સ. લોડાયા, ગૌથમ ઉ. લોડાયા, જૈનમ નાગડા, હર્ષિત દંડ, હિત દંડ, મોહિત લાપસીયા, પૂર્વેશ લોડાયા, સ્મિત લોડાયા, શ્રુત દંડ, ઉજ્જવલ લોડાયા, ઉર્વેશ છેડા અને વિપુલ સોનીએ જહેમત ઉઠાવી.

## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાળ જૈન વિદ્યાર્થીગૃહ

### શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પસ

સ્થાપનાઃ ૧૯૦૩, કામા લેન, ઘાટકોપર (વે.), મુંબઈ-૮૬.

દશાઈ નાતજે બાગમેં, ખીલેંપ્યા અનેકોનેક ફુલ;
માડીજી મમતાને પેજો પ્યાર જેંજા કો નવેં મુલ. ૧

જિંદગી જે વાટ તેં વેં વંટોળીયા ભણેલા ઉભા થીંયે સવાલ;
ને કલયુગજી કારમી મોંઘવારીમેં, ન મિલે ઘરજો તાલ. ૨

તેન ટાણે વિદ્યાર્થીગૃહજા મંડાણ થ્યા ને ખોલ્યો વિદ્યામંદિર;
કૈક છોકરા વિદ્યાર્થીગૃહમેં દાખલ થ્યાં ને થ્યાં ધીર ગંભીર. ૩

જેઠાભાઈ વર્ધમાન જખૌ વારેંજો ધજ હો ધ્યાન;
જેઠાભાઈ દામજી સુથરી વારેલા મિણીકે આય માન. ૪

વીરજી લધાભાઈ ને શ્રી લક્ષ્મીબાઈ વીરજી કે હો જ્ઞાન;
ચારોય સજ્જન વિદ્યાપ્રેમી મિલી કરે સ્થાપ્યાં વિદ્યા ધામ. ૫

હરેં હરેં વિદ્યાર્થી વધધાંવ્યા ને થ્યોં વિદ્યાર્થીગૃહજો નામ;
ઈ કચ્છી દશા ઓશવાળ જો વિદ્યાર્થીગૃહ, શોભે મસ્જીદ બંદર ગામ. ૬

ધન્ય ! કોઠારેજા જેઠાભાઈ નરશી દંડ જે શિક્ષણમેં ડીનો ધ્યાન;
કોઠી આયા ધનજી અજાણી કે જે ભની પેલો છાત્ર વધારે શાન. ૭

ધન-ધન ધનજી નરશી પટેલ જે ભણીને ઉનટાણે ફેરી આયા જાપાન;
નાતમેં પેલા થ્યા Ph.D. મણીકાંત ને કુલીનકાંત જે ધનજી ભા જા સંતાન. ૮

ક.દ.ઓ. જૈન સેવક સમાજજા ટ્રસ્ટી સ્વ. પદમશી શિવજી;
સ્વ. હીરજી શામજી મણશી, સ્વ. દેવશી રાયશી ઝવેરી જી. ૯
સ્વ. વીરજી ગંગાજર મૈશેરી, ને હૈદ્રાબાદવારા લાલજી મેઘજી;
ઇ પંજોય ટ્રસ્ટી મિલી કરે, ૧૯૩૬મેં વિદ્યાર્થીગૃહકે ભેટ ડેનો મકાન.૧૦

જે મસ્જીદ બંદરમેં હો પ્રખ્યાત, ઓશવાળ નિવાસ જે નામ;
વિદ્યાર્થી એકે ભણે-ગણેલા સવડો પ્યો ઇસરસ મજેજો મકાન. ૧૧

તેં પોય વીરજી લધાભાઈ ૧૯૫૪મેં ડીનો માતબર દાન;
જેં સેં વિદ્યાર્થીગૃહ તેં ચમકી ઉઠ્યો ઈનીજો શુભ નામ. ૧૨

નઉં વિદ્યાર્થીગૃહ બંધેલા, ધિલ ખોલીને દાન ડીનો દાતાર;
વિદ્યાર્થીગૃહજો નવનિર્માણ થ્યો ને સાત માળજો બંધાણું ટાવર. ૧૩

શિવજીભાઈ વીકમશી વડે મેં વડો ભોગ ડીના, તન-મન-ધન લગાઈ;
રાયચંદહંસરાજનેહંસકુમારભાબ્યાકિરીટભાનેચાંપશીભાદાનડેનોસવાઈ. ૧૪

દાનેશ્વરી હંસકુમાર શેઠ જભરે મેં જભરો
વિદ્યાર્થીગૃહ કે દાન ડૈ દીપાયાં પિતાજો નામ;
શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પસ ડીનો નામ. ૧૫

ધન ! ધન ! મિણીજ દાતારેંકે જેં ધિલ ખોલીને ડીનો નિંઢાવડા દાન;
જેંસે વિદ્યાર્થીગૃહ હલેતો ને વિકસ્યો જે ઘાટકોપર ગામ. ૧૬

ભલેં ટ્રસ્ટી અચેં નવા નવા, તોયે આય સફળ સંચાલન;
ને વિદ્યાર્થી ભણેતા ભાવથી ને રૈ પિંઢજે અભ્યાસમેં મગન. ૧૭

વિદ્યાર્થી ભણી ગણીને થીંયે પાસ ને ફેલાઈયેં સમાજ મેં સુવાસ;
ચમકીયોં આય વિદ્યાર્થીગૃહ જો શતાધિક વરેંજો ઈતિહાસ. ૧૮

વિસમી સદીજો વિદ્યાર્થીગૃહ એકવીસમી સદીમેં શરૂ કે બૈ સદી;
ઈન વિદ્યાર્થીગૃહજા ટેલેન્ટ વિદ્યાર્થી ખૂબ અગ્યા વધીર્યા અંઈ વધી.૧૯

તેની આંકોડી ને બાળપોથી ભણાઈધલ નિંઢા વડ્ડા માસ્તર;
અજ ભલા એકવીસમી સદીમેં, વિદ્યાર્થી ભણેતા કોમ્પ્યુટર. ૨૦

સરળ સ્વભાવી ગૃહપતિ, ડીયે વિદ્યાર્થીએં કે માર્ગદર્શન ને ધજ સંસ્કાર;
રશ્મિન ચેં તો પ્રભુ સ્વરૂપ, ઈની વિદ્યાર્થી એ કે નમસ્કાર. ૨૧

- રશ્મિન ખોના (મુંબઈ)

Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

Shree KDO Students Association

## Celebrating 65th Establishment Day "Sawalotsav - Sawalo Ki Sham, Aapke Naam



Deep Pragatyam



Felicitation - Neil Kirit Somaiya



Quiz Hints



Audience Round



Teams



Winner (Round 1)



Winner (Round 2)



Felicitation - Mr. Anik N. Dharamshi



Winner (Round 3)



Winner (Round 4)



Winner (Round 5)



Teams



Teams



LED Quiz



VS Sawalotsav Team

# અવિરલ અશ્રુધારા સાથે વસમી વિદાયનું એક વર્ષ



## શ્રી મણીકાંત રતનશી લોડાયા, સાંયરા

દેહ વિલય : તા. ૧૨-૦૯-૨૦૧૭

**મ**હીના પુરા બાર વીતી ગયા ને ખબર પણ ના પડી....
**ણી**સાસો નાખી હર ઘડી આપની યાદ ને શગાવીયે છીયે....
**કાં**ડા ઉપર રહેલા ઘડિયાલમાં સમય વહેતો જ ચાલ્યો જાય છે....
**ત**મે એક ઘડી પણ વિસરાતા નથી અમારા મન થી....
**મા**નસ અમારૂં તમારી મિઠી યાદો થી છલકાઇ જાય છે....
**રો**જીંદા જીવન નું ચકરડું અવિરત ફરતું જ જાય છે....
**પુ**રા પરિવાર માં આપની ગેરહાજરી ઘણી સાલે છે....
**ત્ર**ણ કાળ નો દિવસ આવે છે ને ચાલ્યો જાય છે....
**વ**સમી અને અણધારી વિદાયએ બધાનું સ્મિત હરી લીધું છે....
**હા**લત અમારી અમે જાણી ન ઘુટકે મનથી સમજુતી કરીયે છીએ
**લો**કોના સાથે અમારા પણ હ્દયમાં આપ હતા....
**આપ છો.... અને હર હંમેશ રહેશો....**

**અશ્રુપુરિત શ્રધ્ધાંજલિ સાથે લી.**

**માતુશ્રી દમયંતી રતનશી લોડાયા**
ધર્મપત્ની : **શ્રીમતી ભારતી મણીકાંત લોડાયા**

પુત્ર - સુપુત્રીયો : **અ.સૌ. વીના સમીત ખોના, જખૌ**
**અ.સૌ. ચાર્મી પરાગ નાગડા, નલીયા**
**અ.સૌ. ભૂમિ ગુંજન શિયાળ**
**અ.સૌ. સુપ્રિયા આકાશ દીપક રતનશી લોડાયા**

દોહિત્રીયો : **કુ. ક્રીષા સમીત ખોના, કુ. ખુશી ગુંજન શિયાળ**

ભાઇયો : **અ.સૌ. જયોત્સના દીપક રતનશી લોડાયા**
**તરૂણ રતનશી લોડાયા**

બહેનો : **અ.સૌ. શોભા લલીત ઠાકરશી નાગડા**
**અ.સૌ. તારા લલીત વાલજી મોતા**
**અ.સૌ. મનીષા કમલેશ મોતા**

# ચતુર્થ પુણ્યતિથિએ
# હાર્દિક શ્રદ્ધાંજલી

# સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન
# (ધરમશી)



માતૃભૂમિ : કોઠારા - કચ્છ
કર્મભૂમિ : મુલુંડ - મુંબઇ

**અવતરણ**
વિ.સં. ૨૦૦૨, વૈશાખ વદ ૨
બુધવાર, તા. ૨૯-૫-૧૯૪૬
નલીયા - કચ્છ.

**મોક્ષગતિ :**
વિ. ૨૦૭૦ ભાદરવા સુદ ૫,
શનિવાર, તા. ૩૦-૮-૨૦૧૪
તેરા-કચ્છ.

સુખથી છલકાયા નહીં, દુઃખથી ડગ્યા નહીં, કષ્ટો સહન કરી આપે કર્યું અમારૂ જીવન ઘડતર,
આપની છત્રછાયામાં થયું અમારા વ્યક્તિત્વનું ચણતર, આપના થકી જ થયું અમારામાં સુસંસ્કારોનું સિંચન,
તેથી જ અમારૂ જીવન બન્યું એક સુંદર નંદનવન
એમના સૌમ્યશીલ આત્મા પ્રતિ આદર વંદના

: લી :

**માતુશ્રી ચંદનબાઇ દામજી કાનજી ધરમશી પરિવાર - કોઠારા**
**માતુશ્રી જમકુબાઇ મેઘજી દેવશી દંડ પરિવાર - કોઠારા**
**સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન - કોઠારા**

હિના - જયેશ જૈન
બિજલ - લોકેશ જૈન
કરણ - પ્રજ્ઞેશ જૈન
લક્ષિત પ્રજ્ઞેશ જૈન

હીના - પ્રજ્ઞેશ જૈન
પ્રિયા જયેશ જૈન
જુગલ જયેશ જૈન
સૌમ્ય લોકેશ જૈન

EXIM LOGISTICS SOLUTIONS we help you globalize
shantijin प्रसन्नता...सर्वदा
Smt. Bhartiben Bhagchand Damji Jain Charitable Trust

૨૦૧, મેરેથોન મેક્ઝીમા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨-૬૬૮૦૦૮૦૦. Email : jayesh@exim.ws

Mayur Prints - Piyush Dharamshi # 93239 88783

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

મહારાષ્ટ્રમાં અચલગચ્છની આન-બાનઃશાન શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ "શ્રી પારોલા તીર્થ" ભવ્યાતિભવ્ય

# શ્રી નવકાર જાપ મહા અનુષ્ઠાન તથા થઇ ગયેલ પ્રમુખોની આદરાંજલી સભા

## તા. ૧૫/૮/૨૦૧૮ ના કાર્યક્રમની ઝલક


પારોલા તિર્થના શ્રી શાંતિનાથ પ્રભુજી


ચાતુર્માસાર્થે બિરાજમાન ગુરૂભગવંતો


પ.પૂ.યતિવર્ય મોતીસાગરજી મ.સા.નું માંગલીક


શ્રી ગુરૂ ગૌતમ લબ્ધી કળશ


શ્રી નવકાર જાપ મહાઅનુષ્ઠાન કરતા ત્રણે પરિવારો


નવકાર અનુષ્ઠાન કરાવતા હર્ષભાઇ દેઢીયા


મંચ ઉપર બિરાજમાન મહાનુભવો


પ.પૂ.યતિવર્ય મોતીસાગરજી મ.સા.નું બહુમાન


સમારોહના પ્રમુખશ્રી તિલોકચંદભાઇ નું બહુમાન


સમસ્ત મહાજનશ્રીનાં જ.સેક્રેટરી નું બહુમાન


સમસ્ત મહાજનશ્રીના વરાયલા પ્રમુખનું બહુમાન


દક્ષિણ ભારત એકમના પ્રમુખશ્રી નું બહુમાન


ઉત્તર ભારત એકમના પ્રમુખશ્રી નું બહુમાન


મુંબઇ મહાજનશ્રીના પ્રતિનિધી નું બહુમાન


શ્રીસંઘના માનદસલાહગાર નું બહુમાન

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

મહારાષ્ટ્રમાં અચલગચ્છની આન-બાનઃશાન શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ "શ્રી પારોલા તીર્થે" ભવ્યાતિભવ્ય

# શ્રી નવકાર જાપ મહા અનુષ્ઠાન તથા થઇ ગયેલ પ્રમુખોની આદરાંજલી સભા

## તા. ૧૫/૮/૨૦૧૮ ના કાર્યક્રમની ઝલક


સ્વ.સોમચંદભાઇના પરિવારને મરણોત્તર માનપત્ર


સ્વ.કુવરજીભાઇના પરિવારને મરણોત્તર માનપત્ર


સ્વ.દિપકભાઇના પરિવારને મરણોત્તર માનપત્ર


ગુરૂભગવંતો વાક્ષેપ છાટનાસાથે આશિર્વાદ


ફોટા અનાવરણ કરતાં ત્રણે પરિવાર


ત્રણે દિગવંત પ્રમુખશ્રીઓ ના ફોટાઓ


સમારોહ પ્રમુખશ્રી તિલોકચંદભાઇ નું ગુણાનુવાદ


ગુણાનુવાદ કરતાં અતિથી વિશેષ પૂનમચંદભાઇ


ગુણાનુવાદ કરતાં સૌ. નીલમબેન મોમાયા


ગુણાનુવાદ કરતાં સૌ. કાશ્મિરાબેન લોડાયા


રાજેશભાઇ પોલડીયા સંઘનું આભાર વ્યક્ત કરતાં


આભાર વ્યક્ત કરતાં સંઘના કાર્યકર્તા


હર્ષ દેઢીયા ના પરિવાનું બહુમાન


ઉપસ્થિત પ્રેષક ગણ


પ્રભુની આરતીકરતાં પરિવારજનો

# Shraddhanjali



## KAUSHIK NAVINCHAND SONAWALA

Visited earth - 15-12-1970 to 02-09-2014

**Life is not the same after you left us. We miss you every moment with silent tears. Your presence is always felt. You continue to live in our hearts and mind.**

**Fondly remembered by -**

MOTHER - MADHURI NAVINCHAND SONAWALA

WIFE - DEEPA KAUSHIK SONAWALA

SON - BHAVYA KAUSHIK SONAWALA

BROTHER - PREET NAVINCHAND SONAWALA

SISTER - KIRTIDA BHARAT MEKANI

SISTER - KETNA RAJENDRA SHAH

SISTER - NIRAL PRADIP KHONA

NIECES - SHEFALI, NEHA

BHABHI - RADHA PREET SONAWALA

BROTHER IN LAW - BHARAT NANALAL MEKANI

BROTHER IN LAW - RAJENDRA HIRJI SHAH

BROTHER IN LAW - PRADIP SOMCHAND KHONA

NEPHEW - VINAY

# પુણ્યતિથીએ ભાવપૂર્વક સ્મરણાંજલી

સત્ય, સંસ્કાર, સેવાનો અણમોલ વારસો આપી ગયાં
પગલે પગલે દીપ જલે એવો અજોડ પ્રેરણાપંથ રચી ગયા



**સ્વ. મણીલાલ પદમશી દંડ**
સ્વર્ગવાસ તા. ૧૦-૨-૧૯૮૧



**સ્વ. નવલબેન મણીલાલ દંડ**
સ્વર્ગવાસ તા. ૫-૮-૨૦૦૫

ગામસેવક ભરૂડીયા - હાલ - મુલુંડ



## સ્વ. મધુબેન રતીલાલ અનમ

સ્વર્ગવાસ તા. ૧૪-૪-૨૦૦૧

આપે દિધેલ સુસંસ્કાર અને સચ્ચાઇનો વારસો, કુટુંબ, પરિવારને એક તાંતણે બાંધવાનો વારસો,
લોકોના હૃદયમાં વસવાનો વારસો, મિલ્કતથી પણ અમુલ્ય, મળ્યો માણસાઇનો વારસો.
તમારી સ્નેહની વર્ષામાં નિરંતર ભીંજાવ્યા તમે અમને....
અધ્યાત્મજન બની આપેલ પરમાર્થની શિક્ષાને જીવનમાં ઉતારીએ એ જ સાચી શ્રધ્ધાંજલી અર્પીએ તમને...

### તમારી અમર સ્મૃતિમાં આશિર્વાદના અભિલાષી

અ. સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ. સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ. સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ. સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ. સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ

અ. સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ. સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
અ. સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ. સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ. સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ. સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી
ચિ. હિમાંશી ચિરાગ શાહ

ચિ. ધવલ, નિયતિ, પ્રથમેશ, તરેન, દમીત, પ્રિયાંક, અકીરા, પ્રથમ ના જય જિનેન્દ્ર

## હાર્દિક અભિનંદન



### અ.સૌ. કોમલ પરિન લોડાયા (શાહ)

ગામ : વારાપધ્ધર, હાલે : અંધેરી(મુંબઈ)

**CS** ની પરિક્ષા માં ઉતિર્ણ થવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન તથા
જીવન નાં દરેક ક્ષેત્રે યશસ્વી ભવિષ્ય
માટે અમારી મંગલ કામના

**: શુભેચ્છક :**
શ્રીમતિ કુમુદ અરવિંદ લોડાયા
શ્રીમતિ છાયા ભુપેન્દ્ર લોડાયા
પરિન, ગૌરવ તથા અદિતિ
ગાંધીધામ (કચ્છ)

## સેલીબ્રીટી મહેંદી આર્ટીસ્ટ વિણાબેન નાગડા રોટરી એવોર્ડથી સન્માનીત



મહેંદી ક્વીન વિણાબેન નાગડાને રોટરી ક્લબ ઑફ બોમ્બે ડાઉન ટાઉન દ્વારા ''વોકેશનલ એક્સલેન્સ એવોર્ડ'' પારિતોષિક મળ્યું તેની તસવીરમાં વિણાબેન નાગડા સાથે સોલિસીટર બંકિમ પદમશી ખોના અને તેમના ધર્મપત્ની એડ. શ્રીમતી ચંદ્રા ખોના.

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. પદમશી રતનશી ગોશર

બાયઠ
અરિહંત શરણ : ૨૦-૦૯-૨૦૧૬



પળે પળે તમારી યાદ આવે છે,
યાદ આવી આવીને રડાવી જાય છે....
રાત્રી વીતી, દિવસો વિત્યા,
આજે બે વરસ પણ ગયા વિતી....
પરંતુ યાદ આજે પણ છે તાજી,
શમણું લાગે છે તમે અમારી વચ્ચે નથી,

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહી
વિદાય એવી લીધી કે વિસરાય નહી
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી
હે દિવ્યાત્મા જ્યાં હો ત્યાં
પરમસુખ શાંતી અને ઉચ્ચ ગતી પામો
એજ અમારી અભ્યર્થના.

**શ્રીમતી પ્રિયંકા મહેન્દ્ર ગોશર પરિવાર - બાયઠ**

# ધર્મ પ્રકાશ : જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એક તુલનાત્મક અભ્યાસ – નિર્વાણના સંદર્ભના

જીવનની ઘટમાળમાં પ્રતિપળ માનવીનો સાચો સંગાથી તે ધર્મ માનવ ઇતિહાસ જેટલો જ પુરાણો ધર્મનો ઇતિહાસ છે. જીવનને ઉન્નત અને ઉજ્જવળ બનાવે, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવે તેવી વિચારધારા, તેવી આચાર સંહિતા એટલે ધર્મ. ડૉ. રાધાકૃષ્ણનના શબ્દોમાં કહુ તો 'ધર્મ એટલે સદ્દવર્તનનો નિયમ. માનવીને જે સાચા અર્થમાં માનવ બનાવે, નિતિપરાયણ બનાવે અને ઊર્ધ્વકક્ષાએ લઈ જાય તેવા વર્તનને ધર્મ કહેવાય.'

વિશ્વમાં પ્રવર્તમાન મુખ્યત્વે આઠ ધર્મોમાંથી મારે વાત કરવી છે જૈન ધર્મની અને બૌદ્ધ ધર્મની. જૈન ધર્મ પ્રત્યેની અપાર આસ્થા અને ધર્મ પ્રત્યેનું અનહદ આકર્ષણ તેથી જ તુલના કરવા છે આ બંને ધર્મોની-વિશેષતઃ નિર્વાણના સંદર્ભના...

**જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો ઉદય :** સમસ્ત વિશ્વના ઇતિહાસમાં ઇ.સ. પૂર્વેની દ્દઠ્ઠી સદી ધાર્મિક ક્ષેત્રે ઉત્થાનની બની રહી. ભારતમાં, વૈદિક સંસ્કૃતિના તે કાળમાં હિન્દુ ધર્મ કર્મકાંડ અને યજ્ઞાયાગાદિના વમળોમાં સ્થગિત થઇ ગયો હતો. સર્વત્ર હિંસાનું વાતાવરણ પ્રસર્યુ હતું. યજ્ઞોમાં થતી અબોલ પશુઓની કતલ, પુરોહિતવાદની વ્યાપક પકડ, વર્ણવ્યવસ્થાનો કડક અમલ ને જનસમૂહથી વિમુખ એવી ભાષામાં ધર્મ શાસ્ત્રોને કારણે હિંદુધર્મનું સાચું સ્વરૂપ અદ્રશ્ય થઇ ગયું હતું. સ્થગિત અને રૂઢિગત ધર્મમાં ભારતની વિશાળ આમજનતાની આધ્યાત્મિક પિપાસા અધૂરી રહી જતી હતી. ધાર્મિક વિકૃતિઓ, કર્મકાંડમય જડતા, વહેમ, અંધશ્રદ્ધા ઉગ્ર ધાર્મિકતા અને તળિયેથી ટોચ સુધી પ્રસરી ગયેલા સડાને દૂર કરવાની અનિવાર્યતા હતી. નવસર્જન અને નવરચનાની જરૂર હતી. બંધિયાર થઇ ગયેલા નીરને વહેતા કરવાની, નિર્મળ અને સ્વચ્છ બનાવવાની જરૂર હતી તે સમયે ભારતીય સંસ્કૃતિના બે મહાન જ્યોર્તિધરોએ જગતને શુદ્ધ અને મહાન ધર્મોની ભેટ આપી. ત્યાગ અને તપસ્યાની સાક્ષાત મૂર્તિ સમા જૈન ધર્મના સમર્થ પ્રચારક પ્રભુ મહાવીર તથા કરૂણા અને પ્રેમની ગંગા વહાવનારા બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન બુધ્ધ, મહાતપસ્વી મહાવીર, મહાજ્ઞાની બુધ્ધ...

**પ્રભુ મહાવીર પ્રરૂપિત જૈન ધર્મ :** બાળપણથી સંસારના રાગથી વિરક્ત રહેલા વૈશાલીના રાજકુંવર વર્ધમાને સંન્યાસ ગ્રહણ કર્યા પછી ૧૨ વર્ષ અપૂર્વ આત્મબળે કઠોર તપ આદર્યું. ઉગ્ર તપશ્ચર્યા, સતત અને અવિરત સાધના અને દેહને પણ વીસરી જઇ સત્યની શોધને માટે આદરેલી તેમની આરાધનાએ સર્વે ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો. તેઓ જિતેન્દ્રય કહેવાયા. સાધનામય જીવનની નિષ્પત્તિનું અમૃત ભગવાન મહાવીરે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ ને બ્રહ્મચર્યના સ્વરૂપે જગતને ભેટ ધર્યું. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદનું સમર્થન કર્યું. જગતના સર્વે જીવો સાથે સુમેળ, પ્રત્યેક વ્યક્તિની વૈચારિક સ્વતંત્રતાનું સમર્થન ને ભૌતિક વસ્તુના વપરાશ અને માલિકી ભાવનો ઘટાડો... વ્યક્તિગત શાંતિ અને સમષ્ટિના કલ્યાણનો મંત્ર મહાવીરે આપ્યો.

જગતના બધા ધર્મોએ કોઇ એક સર્વેસર્વા ઈશ્વરની ધારણા કરી છે. જૈન ધર્મ ઈશ્વરનો ઇન્કાર કરી આત્માને કેન્દ્રમાં રાખ્યો છે. જૈન ધર્મ પોતાના સુખ કે દુઃખ માટેનો યશ કે અપયશ કોઇને નથી આપતો. તે કહે છે, જીવ પોતે જ કર્મનો કર્તા છે, 'વત્થુ સહાવો ધમ્મો.' જીવનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત આનંદ છે. આ સ્વભાવથી વિપરીત ભાવો છે તે બધા વિભાવો છે. જાગી ગયેલો જીવ પોતાના પર પડેલા બધા જ કર્મોને ખંખેરી નાખવા સમર્થ છે. કર્મસત્તાની પેલે પાર નીકળી જવાની તેની ક્ષમતા છે. જીવ કર્મથી અગળો થઈ જાય પછી તેને કોઈ પીડી શકતું નથી. કર્મ ગયા એટલે આત્માને પોતાનું ઘર મળી ગયું. કર્મરહિત અવસ્થા એ પરમ આનંદની અવસ્થા છે અને તે શાશ્વત છે. આવા કર્મરહિત આનંદમય અસ્તિત્વને જૈનદર્શન મોક્ષ કહે છે. આમ આત્માનું અસ્તિત્વ છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આ છ વિગતોનો વિસ્તાર એટલે જૈન ધર્મ.

**કરૂણામૂર્તિ બુધ્ધ અને બૌદ્ધ ધર્મ :** રાજકુમાર ગૌતમે સંસારના સઘળા ઐશ્વર્યોનો ત્યાગ કરી, માનવજાતના દુઃખનું નિવારણ કરવા મહાભિનિષ્ક્રમણ કર્યું. તપ, ત્યાગ, સાધના ને મંથન દ્વારા જે સત્ય લાધ્યું, તેમાંથી બૌદ્ધ ધર્મ જન્મ્યો. દુઃખમાં ડૂબેલા જગતના માનવીઓને અહિંસા, શાંતિ, કરૂણા અને સત્યના સિદ્ધાંતો દ્વારા સુખનો કલ્યાણકારી માર્ગ બુધ્ધે દર્શાવ્યો છે. દુઃખથી આત્યંતિક મુક્તિ એ જ બૌદ્ધ ધર્મનું લક્ષ્ય છે.

જગતમાં દુઃખ છે, સર્વ દુઃખોના મૂળમાં તૃષ્ણા રહેલી છે, તૃષ્ણાના ક્ષયથી દુઃખની નિવૃત્તિ થઈ શકે છે ને તૃષ્ણાનો નાશ કરવાનો ઉપાય છે. આ ઉપાય એ બુધ્ધનો આષ્ટાંગિક માર્ગ છે. સમ્યક્ દ્રષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાણી, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ... ચાર આર્યસત્યો અને આષ્ટાંગમાર્ગના પાયા પર મંડિત બૌદ્ધ દર્શન ક્ષણિકવાદ, અનાત્મવાદ, અનીશ્વરવાદ, કર્મ સિદ્ધાંત, પ્રતિત્ય-સમુત્પાદવાદ તથા

નિર્વાણની વાત સરળતાથી નિરૂપે છે.

બુધ્ધનું લક્ષ્ય દુઃખમાંથી મુક્તિ છે. બૌદ્ધ ધર્મનો એક સિદ્ધાંત એ છે કે માણસના સર્વે દુઃખો અજ્ઞાનમાંથી જન્મે છે તેથી મનુષ્યની ઉન્નતિનું અને સુખનું પરમ પગથિયું અજ્ઞાનને દૂર કરી જ્ઞાન મેળવવાનું છે. પ્રજ્ઞાના આ જાગરણમાં જીવ-જગતના બધા રહસ્યો સ્પષ્ટ થઇ જાય. ભવચક્રની સમાપ્તિની સાથે દુઃખનો નિરોધ થઇ જાય. દુઃખથી આત્યંતિક મુક્તિની આ અવસ્થાને નિર્વાણ કહેવાય છે. બુધ્ધની કરૂણા એ સમસ્ત માનવજાત માટેની કરૂણા છે. વિશુદ્ધ દર્શન અને વિશુદ્ધ કરૂણાનો અદ્દભૂત મેળ...

**જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મની તુલના :** જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સત્ય, અહિંસા અને અપરિગ્રહના પાયા પર રચાયા છે. બંને ધર્મોએ વેદોનો, ઇશ્વરનો ઇન્કાર કર્યો છે. બંને ધર્મોએ પોતાના ધર્મગ્રંથો લોકબોલી (પ્રાકૃત અને પાલી)માં લખ્યા છે. જગતના સર્વે જીવો પ્રત્યેની કરૂણા બંને ધર્મોએ દર્શાવી છે. તેમ છતાં કેટલોક તફાવત નજરે પડે છે. જૈન ધર્મ દ્વૈતવાદી છે. બૌદ્ધ ધર્મ શૂન્યવાદી છે. જૈન ધર્મમાં કામનાઓના ત્યાગની વાત છે. બૌદ્ધ ધર્મમાં તૃષ્ણાના ત્યાગની વાત છે. કામના દૈહિક છે. તૃષ્ણા માનસિક છે. જૈન ધર્મનો વિચાર બાહ્યાચાર પર આધારિત છે. બૌદ્ધ ધર્મમાં માનસિક ઊર્ધ્વીકરણની વાત છે. જૈન ધર્મમાં મુક્તિની પ્રાપ્તિ માટે સંયમપૂર્ણ જીવન અને તપશ્ચર્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. બૌદ્ધ ધર્મમાં મુક્તિના ખ્યાલને નિર્વાણ તરીકે સ્વીકારવામાં આવે છે.

મોક્ષ, મુક્તિ, નિર્વાણ, આત્માનો ઉદ્ધાર આ શબ્દો સામાન્યતયા આપણે એકમેકના પર્યાય તરીકે વાપરીએ છીએ પરંતુ એ ધર્મ વિશિષ્ટ સંજ્ઞાઓ છે. ''સમણસુત્ત''માં કહ્યુ છે, જ્યાં નથી દુઃખ, નથી સુખ, નથી પીડા, નથી બાધા, નથી મરણ અને નથી જન્મ, આનું જ નામ નિર્વાણ... 'સુત્તનિપાત'માં નિર્વાણને અંતિમ શુદ્ધિ તરીકે વર્ણવાયું છે. આમ નિર્વાણ એ અહંકારમુક્ત માનવીની પરમ સુખમય અવસ્થા છે. માનવીની ઊર્ધ્વતમ ચેતનાનો એક આયામ છે એટલે કે આધ્યાત્મિક અનુભૂતિની ચરમ અવસ્થા છે, નિર્વાણ.

'નિર્વાણ' એ સંસ્કૃત શબ્દ છે. જેનો શાબ્દિક અર્થ 'વિલોપન' કે બુઝાઇ જવું' વિલય થવો' એવું સૂચવે છે અને શમન થવું, ઉગ્ર વાસના કે ક્લેશો શાંત થવાં., એવું સૂચવે છે. નિર્વાણના આ બંને સૂચિતાર્થો મોક્ષ અંગેના ખ્યાલથી ભિન્ન છે. નિર્વાણમાં બ્રહ્મ, ઇશ્વર, કોઇ અંતિમ અને અફર એવા તત્ત્વનો સાક્ષાત્કાર કે તેની સાથેનું સાયુજ્ય સાધવાનું નથી. વળી આ 'બુઝાવું'નો અર્થ જીવનનો અંત કે નાશ પણ નથી. નિર્વાણનો અર્થ તો આનંદથી સભર નૈતિક પરિપૂર્ણતાની સ્થિતિ છે.

ગૌતમબુદ્ધના મતે નિર્વાણ એ જ પરશાંતિનું ધામ છે, એમાં જ ઊંચામાં ઊંચો આનંદ છે. તૃષ્ણાનો નાશ થાય તો જ પરમ શાંતિ મળે, કામનાને જીતવા માટે હથિયાર કે લશ્કરની જરૂર નથી. લોભ, મોહ, કામ, ક્રોધ અને અજ્ઞાન પર વિજય મેળવવા માટે કેવળ વૈરાગ્યની જરૂર છે. આ જગતમાં જેણે મન જીત્યું છે તેણે જગત જીત્યું છે.

નિર્વાણને ધ્યેય બનાવીને, સૂક્ષ્મ વિચારણા કરીને બુધ્ધે સાધનાપથ દર્શાવ્યો છે. નિર્વાણ એટલે દુઃખનો નિરોધ સંપૂર્ણ નિરોધ. શીલ, સમાધિ અને પ્રજ્ઞાની ક્રમિક સાધના દ્વારા નિર્વાણની પ્રાપ્તિ થાય છે. નિર્વાણ એ ચિત્તની પરમ અવસ્થા છે જેમાં સુખ કે દુઃખનું કોઇ વેદન નથી. રોગરહિત અવસ્થા એ સ્વાસ્થય છે તેમ નિર્વાણ એ ભવરોગની નિવૃત્તિની અવસ્થા છે.

નિર્વાણ એ ચિત્તની અત્યંત વિશુદ્ધ અવસ્થા છે ત્યાં ચિત્ત પોતાના સ્વભાવમાં સ્થિત થઇને રહે છે કશાયથી ચલિત થતું નથી. તેમાં કોઇ બાહ્ય વિષયનો આકાર ઊઠતો નથી. સંસ્કારોથી સંદતર મુક્ત થઇ જાય છે. ચિત્તની નિર્મળતા અને વૃત્તરહિતતા જ નિર્વાણ છે, એમ કહી શકાય.

ભગવાન બુધ્ધે નિર્વાણ માટે જે શબ્દ પ્રયોજ્યો છે તે 'દુઃખથી આત્યંતિક નિવૃત્તિ'. સુખ પણ એક સંવેદન તો ખરૂં જ ને ! નિર્વાણ એ સંવેદનની ઉપરની અવસ્થા છે. કદાચ તેને વિશુદ્ધ અસ્તિત્વ કહીએ કે પ્રસન્ન અસ્તિત્વ કહીએ, તો પણ યોગ્ય. ચિત્ત એક વાર નિર્વાણને પ્રાપ્ત કરે પછી તે ચ્યુત નથી થતું. આ રીતે નિર્વાણને અચ્યુત ગણી શકાય. નિર્વાણ એ બૌદ્ધ ધર્મનું અમૃત પદ છે તે જ જીવનનું પ્રાપ્તવ્ય છે. સંસારનું સર્વોચ્ચ શિખર છે ત્યાં પહોંચ્યા પછી બીજે ક્યાંય આગળ જવાનું રહેતું નથી, તેમ છતાં નિર્વાણ એ મૃત્યુનો પર્યાય નથી.

નિર્વાણ એ બોધિ કે જ્ઞાનીની સ્થિતિ છે, તેના સાત લક્ષણો કે ગુણો છે. ઉત્સાહ, ડહાપણ, ચિંતન, સંશોધન, આનંદ, શાંતિ અને ગાંભીર્ય.

નિર્વાણને 'સિતિભાવ' કે શીતળતાની સ્થિતિ પણ ગણવામાં આવી છે. આલંબનની અપેક્ષાથી મુક્ત એવી અતિન્દ્રિય સ્થિતિ છે. 'થેરીગાથા' માં સ્પષ્ટ દર્શાવ્યું છે કે નિર્વાણમાં અસ્તિત્વનો નાશ નથી થતો. વર્તમાન જીવનમાં પણ તે પ્રાપ્ત કરી શકાય છે.

નિર્વાણ વિશે પ્રયોજાયેલા વિવિધ શબ્દપ્રયોગોમાં અમૃત પદ, અચ્યુતપદ, યોગક્ષેમ, શાંતિ, ધ્રવ, અસ્તિ ધર્મ કહેવામાં આવ્યું હોવા છતાં મહદ્ અંશે અસીમ, અહેતુ, અનાવલંબિત, અપશ્યાપન્ન, અનુત્તર વગેરે નિષેધવાચક શબ્ધપ્રયોગો થયા છે. આથી તે સ્પષ્ટ થાય છે કે નિર્વાણની

અનુભૂતિ શબ્દાતીત છે.

મૂળ બૌદ્ધદર્શન અનુસાર નિર્વાણના બે પ્રકાર છે. સોપાધિશેષ નિર્વાણ અને અનુપાધિશેષ. નિર્વાણ અને અનુપાધિશેષ. નિર્વાણ અથવા પરિનિર્વાણ. અહીં નિર્વાણનો સામાન્ય અર્થ – **'निर्गत वानं गमनं यस्मिन तत् निर्वाणम्'** એવો કે જેનાં ગમન કે સંસ્કાર નિવૃત્ત થયાં છે તે નિર્વાણ છે. સોપાધિશેષ નિર્વાણમાં માનવીની વાસનાઓ બુઝાઇ જાય છે. નિર્વાણ પ્રાપ્ત કરેલા સાધકનો અર્હત્‌નો દેહ જ્યારે છૂટી જાય ત્યારે તેને પરિનિર્વાણ કહેવામાં આવે છે.

**મોક્ષ :** ભવચક્રના ફેરામાંથી મુક્તિની સર્વોચ્ચ અવસ્થા દર્શાવવા માટે જૈનદર્શન મોક્ષ શબ્દને જ યથાર્થ ગણે છે. 'આત્માનો પરમાત્મા સાથેનો યોગ' આવો અર્થ જૈનોને અભિપ્રેત નથી. જૈન દર્શન મુજબ શુદ્ધ અને મુક્ત જીવ આનંદ સ્વરૂપ છે અનંત આનંદનો આ મુળભૂત ગુણ અશુદ્ધ જીવમાં ઢંકાઇ ગયો છે. તેથી જીવની શુદ્ધિ અને સંસારના બંધનમાંથી જીવની મુક્તિ એ જીવનનું લક્ષ્ય છે.

ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક છે. પરમ ઐશ્વર્યના પદ પર પહોંચી ને એ વીરમ્યા નથી, પાછળ આવનારાઓ માટે સીમા ચિન્હો મૂક્યા છે. માર્ગ ચાતરી બતાવ્યો છે. મોક્ષ માર્ગમાં આવતા પડાવો અને તેના ભયસ્થાનોનું નિર્દેશન કર્યું છે. આ પરમ પુરૂષાર્થના માર્ગ પર પ્રભુ મહાવીરે ગુણવૃદ્ધિ માટેના ચૌદ ગુણસ્થાનકો દર્શાવ્યા છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્યના રત્નત્રયી માર્ગની અંતિમ મંઝીલ એટલે જ મોક્ષ... જીવનમૃત્યુના દુઃખમય ચક્રમાંથી જીવની મુક્તિ. પુર્નજન્મ, નહીં, અવતાર તરીકે પણ નહીં. જે આત્મા જન્મ મરણના ફેરામાંથી સંપૂર્ણ મુક્ત થાય તે જ પરમાત્મા આ પરમ આત્મા સિધ્ધક્ષેત્રમાં, શુદ્ધ આત્માના સ્વરૂપમાં સ્થાયી થઇને રહે છે.

જૈન ધર્મની આખી ગુંથણી કર્મને લક્ષમાં રાખીને થયેલી છે. કર્મ એટલે સંસાર અને કર્મવિહીન અવસ્થા તે મોક્ષ. જૈન ધર્મશાસ્ત્રોની માન્યતા પ્રમાણે સર્વ પદાર્થોનો સમાવેશ જીવ અને અજીવમાં થઈ જાય છે. જગતમાં જે જે જીવો છે, એ સર્વને ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ દ્વારા તેમજ સાંસારિક વિષયો દ્વારા કર્મબંધન થાય છે, આવા કર્મોને અટકાવવાથી ને બાંધેલા કર્મોનો ક્ષય કરવાથી, શુદ્ધ અને પવિત્ર આત્માને શાશ્વત મુક્તિ મળી શકે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષના નવ તત્ત્વોની વાત જૈન દર્શને કરી છે.

મોક્ષ માર્ગની પ્રાપ્તિના ત્રણ મુખ્ય સાધનો તરીકે પ્રભુ મહાવીરે અહિંસા, સંયમ અને તપને મહત્તા આપી છે. અહિંસા એ ધર્મનો આત્મા છે, સંયમ એ ધર્મનો પ્રાણ છે અને તપ એ ધર્મનો દેહ છે. સાધનત્રયી દ્વારા ચૌદ ગુણસ્થાનકોને પાર કરી આત્મા સર્વકર્મરહિત થઇ દેહને છોડીને મોક્ષ પ્રાપ્ત કરે છે ને સિધ્ધશિલા પર સ્થિત થઇ જાય છે. સિધ્ધ અવસ્થા એ શૂન્ય અવસ્થા નથી કે કોઈ પરમાત્મામાં વિલીન થઇ જવાની સ્થિતિ નથી. આ વિધાયક અવસ્થા છે ત્યાં જીવ અનંત ચતુષ્ટયી એટલે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખનો અવિર્ભાવ કરે છે.

**ઉપસંહાર :** આમ, હિન્દુધર્મની પશ્ચાદભૂમાં સર્જાયેલા, સમાન વિચારધારા ધરાવતા આ બંને ધર્મો સત્ય, અહિંસા અને કરૂણા થકી સમષ્ટિનું કલ્યાણ ઝંખે છે. તાત્ત્વિક વિચારધારામાં જે ભિન્નતા છે તેમાં જૈન ધર્મ જગતને સનાતનતા દર્શાવે છે જ્યારે બૌદ્ધ ધર્મ ક્ષણભંગૂરતા. જૈન ધર્મ આત્માનો અસ્તિત્વને સ્વીકારે છે, બૌદ્ધોના મતે આત્મા અચલ નથી. જૈન ધર્મ મોક્ષ પ્રાપ્તિ માટે કઠોર દેહ દમનનો માર્ગ સ્વીકારે છે, જન્મ મરણથી મુક્તિ એ જ તેનું ધ્યેય છે. બૌધ્ધોના મતે મૃત્યુ પછીની સ્થિતિનો ભય નથી. દુઃખમાંથી મુક્તિ એ તેમને મન મુખ્ય છે. ટૂંકમાં જૈનોની શોધ કર્મક્ષય કરી કેવલી બનવાની છે. જ્યારે બૌધ્ધોની શોધ તૃષ્ણાથી ઉત્પન્ન થયેલા આ જન્મના દુઃખો દૂર કરી નિર્વાણ મેળવવાની છે.

**સમાપન :** વેદોમાં એવું કહેવાયું છે **एकं सत् विप्रा बहूधा वदन्ति ।** સત્ય એક છે, તેની ઉપાસના કરનારા તેને અલગ અલગ નામે વર્ણવે છે. મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે પ્રભુ મહાવીરે કે ભગવાન બુધ્ધે દર્શાવેલો કર્મ મુક્તિનો, ધર્મપ્રાપ્તિનો આ માર્ગે આખરે તો માનવભવના સાર્થક્ય માટે છે. કોઇ પણ માર્ગે સાધના કરીને અંતે તો એક અત્યંત નિર્મળ પરિશુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ કરવાની છે. દુનિયાના સત્પુરૂષોના દિલ હંમેશા સહુને એક કરવા જ તડપતા હોય છે. 'ધમ્મપદ' હોય કે 'ઉત્તરાધ્યયન સૂત્ર' હોય, આખરે આપણે તો વિશુદ્ધ પ્રજ્ઞાના સહારે પરમ પદને પ્રાપ્ત કરવાનું છે. ધર્મના આચરમ માટે પ્રવૃત્ત થવાનું છે. આમ પણ **धर्मस्य त्वरिता गतिः** જે શીઘ્ર થાય છે. આપણે મોક્ષ નિર્વાણની પ્રાપ્તિ માટે ઊર્ધ્વગતિ માટે, ઉન્નતિ માટે પ્રયત્નશીલ બનીએ. જાગરૂક બનીએ, કારણ ધર્મ પ્રતિપળ જાગરૂકતા માગે છે. પાણીના ટીપાને ભાગ્યે જ ખબર હોય છે કે તેના અસ્તિત્વની પરિસમાપ્તિ મહાસાગરમાં જ હોઇ શકે. દીવાની જ્યોત છે તો નાની પરંતુ એનો સંબંધ છે. સૂરજ સાથે. માણસ ગમે તેવો કાં ન હોય, એના અસ્તિત્વનું આખરી અનુસંધાન તો પરમાત્મા કે પરમ સત્ય સાથે જ હોઇ શકે. આપણને સહુને આવા પરમ અનુસંધાનની, જીવનલયની અસ્તિત્વના સાર્થક્યની અનુભૂતિ થાય એ જ પ્રાર્થના... અસ્તુ....

**- સંધ્યા શાહ,** 'પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર

***

# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

## ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

**C/o. દીપક ગંગાજર ડાઘા**

એ-૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૮૦.

**Email : kdosss@yahoo.in • Mob.: 87677 53082**

**૨૮-૨૮ વર્ષોથી જ્ઞાતિની સેવામાં. વિશ્વનું સૌથી સસ્તું બોનસ સહિત પ્રિમિયમ પરત જીવન વિમાના લાભ જેવું જ્ઞાતિજનો માટે સુરક્ષા કવચ.**

૦ થી ૫૩ વર્ષની વય સુધીમાં ફક્ત એક જ વખત **રૂા. ૨૦૦**/- સભ્યપદ ફી તથા **રૂા. ૨૭૦૦**/- રીફંડેબલ ડીપોઝીટ ભરી અને ૫૫ વર્ષ સુધી **રૂા. ૭૫,૦૦૦**/-નું જીવનવીમા કવચ તથા વધારાના **રૂા. ૭૫,૦૦૦**/-નું અકસ્માતે મૃત્યુ વિમા કવચ મેળવો. અન્યથા ૫૫ વર્ષ પછી ૧૦૦% સુધી બોનસ સહીત ડીપોઝીટ પરત મેળવો.

### જરૂરી ડોક્યુમેન્ટ

**પેન કાર્ડ તથા આધાર કાર્ડ, માઈનર માટે પેન કાર્ડ ન હોય તો ગાર્ડીયનનું પેનકાર્ડ, આધારકાર્ડ બધા માટે ફરજીયાત.**

### વર્તમાન પદાધિકારીઓ

પ્રમુખ : **દીપક ગંગાજર ડાઘા**, મુલુંડ
સેક્રેટરી : **રમેશ હીરજી લોડાયા**, ડોંબિવલી
ઉપપ્રમુખ : **શરદ હેમરાજ મોમાયા**, હુબલી
ખજાનચી : **કાંતિલાલ લખમશી વિકમશી**, મુલુંડ

સંસ્થાના બાય-લો મુજબ તા. ૧-૪-૨૦૧૯ થી સંસ્થાની ઓફીસ હૈદ્રાબાદ ખાતે સ્થળાંતર થશે. ત્યારથી પદાધિકારીઓ નીચે મુજબ રહેશે.

**શ્રી મોનીક વિનોદ ધરમશી**, હૈદ્રાબાદ
**શ્રી ધીરજલાલ જેતશી ધુલ્લા**, હૈદ્રાબાદ
**શ્રી હિરેન મુલજી પટેલ**, હૈદ્રાબાદ
**શ્રી દીપક ગંગાજર ડાઘા**, મુંબઈ
**શ્રી કાંતીલાલ લખમશી વિકમશી**, મુંબઈ

આ ઉપરાંત સામાજિક સુરક્ષા યોજનાની વિગત તથા ફોર્મ માટે નીચેની મેનેજીંગ કમીટીના સભ્યો તથા એક્ટીવ જનરલ બોર્ડના સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી છે.

૧) **શ્રી અજીત માલશી લોડાયા**, મુલુંડ
૨) **શ્રી અખિલેશ ધનજી વિકમશી**, મુલુંડ
૩) **શ્રી ચંદ્રકાંત મોતીચંદ પટેલ**, હુબલી
૪) **શ્રી ચંદ્રકાંત જીવરાજ લોડાયા**, હુબલી
૫) **શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા**, વડોદરા
૬) **શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા**, રાયપુર
૭) **શ્રી ચેતન ગોવિંદજી નાગડા**, અમદાવાદ
૮) **શ્રી ચીમનલાલ મુલજી શિયાલ**, સાયન
૯) **શ્રી ધિરેન્દ્ર કરમશી મોતા**, માટુંગા
૧૦) **શ્રી ફાલ્ગુન લખમશી ખોના**, ભાંડૂપ
૧૧) **શ્રી હિરાચંદ કલ્યાણજી નાગડા**, ભાંડૂપ/મુંબઈ
૧૨) **શ્રી હિરેન કુંવરજી છેડા**, હુબલી
૧૩) **શ્રી કૈલાશ હીરાચંદ ડાઘા**, મુલુંડ
૧૪) **શ્રી કિશોર ગોવિંદજી કાયાણી**, મુલુંડ
૧૫) **શ્રી કિશોર રાયચંદ લાલકા**, મુલુંડ
૧૬) **શ્રી મહેશ કાંતીલાલ મોતા**, જલગામ
૧૭) **શ્રી મનોજ દામજી લોડાયા**, ભાંડુપ
૧૮) **શ્રી મુલચંદ પદમશી મોતા**, બડગરા
૧૯) **શ્રી નીતીન પદમશી ડાઘા**, નાહુર
૨૦) **શ્રી પદમકુમાર ધનજી નાગડા**, હુબલી
૨૧) **શ્રી પરેશ માણેકજી દંડ**, મુલુંડ
૨૨) **શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના**, મુલુંડ

| | |
|---|---|
| ૨૩) શ્રી પ્રદીપ જીવણલાલ પટેલ, હુબલી | ૨૯) શ્રી સુનિલ પદમશી લાલકા |
| ૨૪) શ્રી રાજેશ શામજી લોડાયા, વડાલા | ૩૦) શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નાઇ |
| ૨૫) શ્રી રીતેશ કિશોર ખોના, મુલુંડ | ૩૧) શ્રી ઉમેશ વીરચંદ ધરમશી, ઘાટકોપર |
| ૨૬) શ્રી સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા, બેંગ્લોર | ૩૨) શ્રી વિનય હિરાચંદ લોડાયા, ડોંબિવલી |
| ૨૭) સૌ. હેમા ગુલાબ છેડા, બેંગ્લોર | ૩૩) શ્રી વિનય મુલજી લોડાયા, ભાંડુપ |
| ૨૮) સૌ. કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા, ચેંબુર | ૩૪) શ્રી વીરચંદ ચાંપશી ધરમશી, મુલુંડ (ઇ) |

અત્યારસુધી ૧૧,૧૧૧ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે તેમાંથી સભ્યપદ દરમ્યાન ૩૩૮ સભ્યોનું અવસાન થતા એકાદ-બે અપવાદ સિવાય દરેકના નોમીનીને રકમ ચુકવાઇ છે. ૨૯૬૯ સભ્યો રીટાયર પામતા તેમને બોનસ સહીત રકમ પરત કરાઇ છે. (સ્પોન્સર્ડ સભ્યોની રકમ પાછી ન આપતા નવા સભ્યો બનાવવા વપરાય છે.)

**ફીમેલ સભ્યોના મેરેજ પછી નામ બદલાયા પછી નામ–નોમીની બદલવાની જરૂર છે. પરતું હજુ ઘણા આવા સભ્યોએ નવા ફોર્મ (રૂા. ૫૦/– ફી સાથે) નથી મોકલ્યા તો તેમને ઘટતું કરવા વિનંતી છે.**

ઘણા સભ્યોના નોમીની હયાત નથી તેવા સભ્યોને પણ નવા નોમીનીના નામ માટે નવું ફોર્મ ભરી મોકલવા વિનંતી છે. ફેરફાર માટે પણ નવા સભ્ય પદનું ફોર્મ જ ભરવું. નવી સર્ટીફીકેટ માટે રૂા. ૫૦/- ફી છે.

સમસ્ત જ્ઞાતિને સાંકળતી આ સંસ્થાની ઉમદા સામાજીક સુરક્ષા યોજનામાં હજુ નવા સભ્યોનો ઘણો અવકાશ છે. આપ તથા પરિવારના કોણ સભ્યો મેમ્બર છો તે જાણવા આપનું પુરું નામ/ગામ 8767753082 પર વોટ્સએપ કરો. માહિતી મોકલવામાં આવશે.

**લી. કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન**

## જન્મદિવસની ઉજવણીમા જૈનત્વના દર્શન

૧૨મા ધોરણમાં ૮૭% મેળવી નેશનલ ઇંગ્લીશ સ્કુલમાં ભણતો. પંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરવા સાથે સંખ્યાબંધ ગીતો, સ્તવનો તાલબધ્ધ ગાતા વૈભવનો જન્મ દિવસ ૩૦-૬-૨૦૧૮ના આવતો હોઇ જોડીદાર મિત્રો હોટેલમાં પાર્ટી અને કેક માટે આગ્રહ કરતા હતા. વૈભવ મનોજ દામજી લોડાયા, બાંઢિયાવાલાનો દિકરો નિત્ય જિન-પૂજા, આરતી અને મંગળ દીવાએ અચુક હાજર હોય જ. શ્રમણોની વૈયાવચ્છ કરતો વૈભેવ. પરિવારની જેમ અભક્ષ્યનો ત્યાગી. મિત્રો આગ્રહ હૉટલનો કરે, જ્યાં ટેસ્ટી-કાંદા, બટાટાને પ્રાધાન્ય હોય જ. હું ખાઉં ને ખવડાવું તો સલુણાં ભાવક ધર્મને લજવું !




જિનાલય અને ઉપાશ્રય પાસે રહી મારાથી આવું થાય જ કેમ ? પાઠશાળામાં મારી સાથે ભણતા મિત્રો અને શિક્ષિકા બહેનની નજરમાંથી ઉતરી જાઉં. ના.ના મારે આવી પાર્ટી નથી આપવી.

નાનકડો શ્રાવક સતેજ થયો. મમ્મી ડીમ્પલબહેન અને પપ્પાએ રોજ આપેલા ખર્ચીના બચતના ડબામાં રૂપીયાની ગણતરી કરી. ઓહ ઘણું ! આટલા રૂપીયામાંથી તો હું મારા આઠ મિત્રોને આદીનાથ દાદાના દેવાલયે સિધ્ધાચલની યાત્રા કરાવી શકું છું.

મમ્મી-પપ્પાને જન્મ દિવસે મિત્રોને યાત્રા કરાવું રજા લીધી, પપ્પાએ થોડાક વધુ રૂપીયા આપી. ''તથાસ્તુ'ના અક્ષતે વધાવી સહમતી આપી. સૌ મિત્રો પણ શ્રાવક બની ચૌવિહાર, નવકારશી દાદાના અભિષેક પૂજા સાથે ગીતો ગાતા વૈભવના સંસ્કારી ''વૈભવ''ને વંદી રહ્યા. દાદી પુષ્પાબેને આશીષ આપતા કહ્યું મોટો થઇ સંઘપતી થઇ ભાંડૂપ સંઘ ને યાત્રા કરાવજે. વૈભવના આદર્શોએ ઝૂકી તો જવાય ને ?

**– લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડૂપ

**જાહેરાત આપનારાઓને નિવેદન**

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

# જૈન ધર્મની કેટલીક જાણવા જેવી માહિતી

**જંબુસ્વામીના નિર્વાણ પછી કઈ બાર વસ્તુઓનો વિચ્છેદ થયો? :** ૧) પરમ અવધિજ્ઞાન, ૨) મનઃ પર્યવજ્ઞાન, ૩) કેવલજ્ઞાન, ૪) ઉપશમ શ્રેણી, ૫) ક્ષપક શ્રેણી, ૬) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, ૭) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, ૮) યથાખ્યાત ચારિત્ર, ૯) પુલાક લબ્ધિ, ૧૦) આહારક લબ્ધિ, ૧૧) સિદ્ધિગમન, ૧૨) જિનકલ્પીપણું.

**દસવૈકાલિક સૂત્રનાં અધ્યયનોનું મૂળ છે ૧૪ પૂર્વ :** ૧) ચોથું અધ્યયન આત્મ પ્રવાદ નામના સાતમા પૂર્વમાંથી ઉદ્ધર્યું છે. ૨) પાંચમું અધ્યયન કર્મ પ્રવાદ નામના આઠમાં પૂર્વમાંથી ઉદ્ધર્યું છે. ૩) સાતમું અધ્યયન સત્ય પ્રવાદ નામના છઠ્ઠા પૂર્વમાંથી ઉદ્ધર્યું છે. ૪) બાકીના સાત અધ્યયનો પ્રત્યાખ્યાત પ્રવાદ નામે નવમા પૂર્વમાંથી ઉદ્ધર્યા છે. દસવૈકાલિક સૂત્રની રચના શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ બાળદીક્ષિત અને અલ્પાયુ એવા પોતાના પુત્ર મનકના આત્મકલ્યાણ માટે ચંપાપુરીના ચાતુર્માસ દરમ્યાન કરી હતી.

**૧૪ પૂર્વોનાં નામ :** ૧) ઉત્પાદ પૂર્વ, ૨) અગ્રાયણીય પૂર્વ, ૩) વીર્થ પ્રવાદ પૂર્વ, ૪) અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ, ૫) જ્ઞાન પ્રવાદ પૂર્વ, ૬) સત્ય પ્રવાદ પૂર્વ, ૭) આત્મ પ્રવાદ પૂર્વ, ૮) સમય પ્રવાદ પૂર્વ, ૯) પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ, ૧૦) વિચાનું પ્રવાદ પૂર્વ, ૧૧) અવંધ્ય પૂર્વ, ૧૨) પ્રાણાયુઃ પૂર્વ,૧૩) ક્રિયાવિશાલ પૂર્વ અને (૧૪) બિન્દુસાર પૂર્વ.

**વર્તમાન સમયના પાંચમા આરાને જાણો :** ૧) આ આરાના અંતે દુપ્પસહસૂરિજી થશે. તેમની કાયા બે હાથની હશે અને આયુષ્ય વીસ વર્ષનું હશે. આ આચાર્ય સ્વર્ગથી ચાલીને અહીં આવશે. ૧૨ વર્ષ ગૃહસ્થાપણામાં રહીને દીક્ષા લેશે. દીક્ષા પછી ચાર વર્ષ બાદ આચાર્ય બનશે. ચાર વર્ષ સુધી આચાર્યપદે રહી વીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને છેલ્લે અઠ્ઠમ કરી સૌધર્મ દેવલોકે જશે. આ આચાર્ય એ સમયે માત્ર દસવૈકાલિક, જીતકલ્પ, આવશ્યક સૂત્રો, અનુયોગ દ્વાર અને નંદી આટલું જ શ્રુત ધારણ કરશે. આ સમયે ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગીલ નામે શ્રાવક અને સત્યશ્રી નામે શ્રાવિત હશે. આમ ચતુર્વિધ સંઘમાં ચારેયમાં એક-એક વ્યક્તિ રહેશે. આ સમયે વિમલવાહન નામે રાજા અને સુમન નામે મંત્રી હશે. આ રાજા દુપ્પસહસૂરિજીના ઉપદેશથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છેલ્લો ઉદ્ધાર કરશે.

**નવ નિધિ :** ૧) નૈસર્પ, ૨) પાંડુકનિધિ, ૩) પિંગલિકનિધિ, ૪) સર્વરત્નનિધિ, ૫) મહાપદ્મનિધિ, ૬) કાળનિધિ, ૭) મહાકાળનિધિ, ૮) માણવકનિધિ, ૯) શંખનિધિ.

**સિદ્ધશિલા :** ૧) સિદ્ધશિલા સફેદ સોનાની છે અને સ્ફટિક જેવી નિર્મળ છે. ૨) સિદ્ધશિલાનું નામ છે ઈષત્ પ્રાગ્ભારા. ૩) સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે તથા બરોબર અઢી દ્વીપની અંદર ઉપર સમાંતર રેખામાં છે. ૪) સર્વાર્થ સિદ્ધ પ્લેનથી ૧૨ યોજન ઉપર આ સિદ્ધશિલા આવેલી છે. ૫) સિદ્ધશિલા એકદમ મધ્ય ભાગે ૮ યોજન જાડી છે. ત્યાંથી બધી દિશામાં પાતળી-પાતળી થતી જાય છે. એ છેક છેડે માખીની પાંખ જેવી પાતળી છે. ૬) સિદ્ધશિલા અને અલોક વચ્ચે ૧ યોજનનું અંતર છે. એમાંથી ઉપરના ૩૩૩૧/૩ ભાગમાં સિદ્ધના જીવો સુખને ભોગવી રહ્યા છે.

**સિદ્ધશિલાનાં બાર નામ :** ૧) ઈષત, ૨) ઈષત્ પ્રાગ્ભારા, ૩) તન્વી, ૪)તનુતન્વિકા, ૫) સિદ્ધિ, ૬) સિદ્ધાચલ, ૭) મુક્તિ, ૮) મુક્તાલય, ૯) લોકાગ્ર, ૧૦) લોકસ્તુપિકા, ૧૨) લોકાગ્ર પ્રતિવાહિની અને ૧૨) સર્વ પ્રણભૂત જીવ સત્ત્વ સુખાવહ.

**કાઉસગ્ગનું ફળ :** ૧) શુદ્ધ ભાવે શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરનાર આત્મા ૨૪,૫૦૮ પલ્પોપમથી કંઈક અધિક દેવલોકનું આયુષ્ય બાંધે છે. ૨) આઠ શ્વાસોચ્છ્વાસ એટલે સમગ્ર નવકારના કાઉસગ્ગે કરી ૧૯,૬૩,૨૬૭ પલ્યોપમનું દેવાયુ બાંધવા જીવ શક્તિ ધરાવે છે. ૩) પચીસ શ્વાસોચ્છ્વાસ એટલે 'ચંદેસુનિમ્મલયરા' સુધી કાઉસગ્ગ કરનાર આત્મા ૬૧,૩૫,૨૧૦ પલ્યોપમનું દેવ આયુષ્ય બાંધે છે.

**સ્વાધ્યાય અને એના પ્રકાર :** કાળવેળને છોડીને મર્યાદાપૂર્વક નવાં તથા જૂનાં સૂત્રોનું અધ્યયન એને સ્વાધ્યાય કહે છે. સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. એ છે : ૧) વાચના, ૨) પૃચ્છના, ૩) પરાવર્તના, ૪) અનુપ્રેક્ષા અને ૫) ધર્મકથા. કાળવેળાએ સ્વાધ્યાય કરવાથી જિનાજ્ઞાભંગ અને દેવોનો ઉપદ્રવ થાય છે.

**કર્મના પ્રકાર :** કર્મ આં પ્રકારનાં છે : ૧) જ્ઞાનાવરણીય, ૨) દર્શનાવરણીય, ૩) વેદનીય, ૪) મોહનીય, ૫) આયુષ્ય, ૬) નામ, ૭) ગોત્ર, ૮) અંતરાય.

**બાહ્ય અને અભ્યાંતર તપના પ્રકારો :** બાહ્ય તપ : ૧) અનસન, ૨) વૃત્તિસંક્ષેપ, ૩) કાયક્લેશ, ૪) ઉણોદરી, ૫) રસત્યાગ, ૬) સંલીનતા. અભ્યાંતર તપ : ૧) પ્રાયશ્ચિત, ૨) વિનય, ૩) વૈયાવચ્ચ, ૪) સ્વાધ્યાય, ૫) વ્યુત્સર્ગ, ૬) ધ્યાન.

**સંસારી જીવના સાત સુખ :** ૧) રોગરહિત હોય, ૨) કોઈનો દેણદાર ન હોય, ૩) યાત્રાદિ સિવાય પરદેશ ન જાય, ૪) ઘરમાં સ્ત્રી સુપાત્ર હોય, ૫) પુત્ર-પૌત્ર આદિનું સુખ હોય, ૬) સગાંસંબંધી પોતાના પક્ષનાં હોય, ૭) પંચ મહાજનમાં પ્રતિષ્ઠાવાળો હોય.

**વાણીના છ ગુણો :** ૧) હિત, ૨) મિત, ૩) મધુર, ૪) અતુચ્છ, ૫) ગર્વરહિત, ૬) સત્ય.

– **''મિડ-ડે''**માંથી સાભાર

## જૈન ધર્મ – એક આઠમી અજાયબી

– **પ્રવીણ લોડાયા** (વડોદરા)

હમણા એક જર્મન વિદ્યાર્થીએ પોતાના મિત્રને લખેલા પત્રમાં જૈન ધર્મને દુનિયાની આઠમી અજાયબી કહી છે. એણે લખ્યું છે કે...

''જ્યારે ૨૧ મી સદીમાં માણસ સ્પીડ યુગમાં દાખલ થયો છે ત્યારે જૈન સાધુ પગપાળા ચાલે છે. વરસાદ હોય, ઠંડી હોય કે તાપ હોય, પગે પગે જ ચાલે છે. મોબાઈલ વગર આપણે એક પળ પણ રહી શકતા નથી ત્યારે એમની પાસે કમ્યુનિકેશનના એક પણ સાધન નથી. ઘરબાર વગર રહેવું, સુખ-સાહેબી છોડીને જંગલોમાં ફરવું, દિવસમાં ફક્ત દસ કલાક પાણી પીવાની છૂટ, એમાં પણ ઉકાળેલું પાણી, વંડર.

આપણે ચાળીસ-પચાસ હજારના પલંગ પર સુઈએ છીએ ત્યારે તેઓ ફક્ત એક ગરમ કંબલ જમીન પર પાથરીને પોતાની પથારી કરે છે. આપણો રોજનો પોષાક પણ કેટલો મોંઘો હોય છે તેની સામે તેઓ ફક્ત કોટનના બે વસ્ત્રો વાપરે છે. ખાવાપીવામાં પણ કેટલા બંધનો આપણે કલ્પના પણ ન કરી શકીએ.

એમના પાસેથી મેં જૈન ધર્મની સામાજિક પરિસ્થિતિ જાણી. જૈન બાળકનો જન્મ થાય ત્યારથી તેને સામાયિક, પૂજા, પ્રતિક્રમણ, આયંબિલ, ઉપવાસ, દાન વગેરે ધર્મનું પાલન કરવાની પ્રેરણા આપવામાં આવે છે.

એક જૈન સંત પાસે એક વર્ષ રહી જૈન ધર્મ વિશે ઘણું જાણી શક્યો. ટેક્નીકલ શબ્દો પણ મને આવડી ગયા. તે હું પાછો આવીશ ત્યારે તને સમજાવીશ જો તને જીજ્ઞાસા હશે તો.

આ જૈન ધર્મમાં ૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ ૧૨ પ્રકારના તપનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. તેમાં પહેલો પ્રકાર અનશન અથવા ઉપવાસ હોય છે. જૈન ધર્મના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરે ૬ મહિનાના ઉપવાસ કર્યા હતા. ત્યાર બાદ અકબર બાદશાહના કાળમાં દિલ્હીમાં થયેલી ચંપા શ્રાવિકાએ ૬ મહિનાના ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

આ ઉપવાસ પરથી પ્રેરણા લઈને વર્તમાનમાં પણ અનેક સાધુ, સાધ્વીજી, શ્રાવક અને શ્રાવિકા એક ઉપવાસથી લઈને ૧૮૦ ઉપવાસ સુધીની તપશ્ચર્યા કરે છે. જૈન ધર્મમાં બાહ્ય અને અભ્યંતર તપનો એકમાત્ર ઉદ્દેશ આત્માના કલ્યાણનો અને મોક્ષનો હોય છે. કોઈ સાધુ કે સાધ્વી ભગવંતો કદી ધંધાના વિકાસ માટે કોઈને ઉપવાસ કરવાનો ઉપદેશ આપતા નથી.

જૈનોના ''નીતિવાક્યામૃતમ્'' ગ્રંથમાં કહ્યું છે કે દરેક પત્થર પ્રતિમા નથી બની શકતી પણ દરેક આત્મા, પરમાત્મા જરૂર બની શકે છે.

જૈન ધર્મ આત્માના પૂર્વજન્મમાં અને પુનઃર્જન્મમાં માને છે. પોતાના પૂર્વજન્મમાં કોઈ મહાન યોગી કે તપસ્વી હોય તો જ તેઓ વર્તમાન જન્મમાં કઠોર તપશ્ચર્યા કરી શકે છે. મારા કે તારા જેવા ખાવાના રસિયાઓને ઈનામની લાલચ આપવામાં આવે તો પણ તપશ્ચર્યા થઈ શકે નહીં.

બીજી અજાયબી એ છે કે દુનિયાનાં ૧૦૦ ભગવાનોમાં જેમાં ઈસુ ખ્રિસ્ત, મોહમ્મદ પયગંબર, રામ, કૃષ્ણ બધા આવી ગયા, તેમાં પ્રથમ નાસ્તિક ભગવાન, મહામાનવ મહાવીર હતા. તેઓએ ઈશ્વર અને ઈશ્વરના અવતારોને માનવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ ભારતમાં સૌથી વધારે ભવ્ય મંદિરો જૈનોના જ છે. ઈશ્વરમાં ન માનવાવાળા મહાવીર ભગવાન તરીકે પૂજાય છે તે મોટી અજાયબી છે.

તેઓએ કહ્યું હતું કે આ સમસ્ત બ્રહ્માંડ આદી-અનાદી કાળથી ચાલ્યો આવે છે. તેનો કોઈ કર્તા નથી. પણ તેના નિયમો છે તે અનુસાર ચાલે એ જ ધર્મ છે.

પશુ-પક્ષી, ઝાડ બધા કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે. ફક્ત માણસ જ એવું પ્રાણી છે જે નિયમ વિરૂદ્ધ ચાલે છે. એ જો નિયમ પ્રમાણે ચાલે તો એને કોઈ મંદિર, મસ્જીદ બાંધવાની જરૂર નથી. પૂજા-અર્ચના કરવાની જરૂર નથી. પરંતુ દુઃખ એ વાતનું છે કે એમના શિષ્યો એ એમની વાત માની નહીં. આ પણ વિધિની એક વિચિત્રતા ગણાય.

તેમણે ઉપર કહ્યું તેમ આત્મા જે પરમાત્મા કહ્યો હતો. પરમાત્મા તમારી અંદર જ છે એને શોધો, આ જ મોક્ષનો માર્ગ છે. તેમણે કાઉસગ્ગમાં ધ્યાનની મોટી પ્રક્રિયા બતાવી હતી. પરંતુ તેમના ચેલાઓએ એને પ્રતિક બનાવીને મંદિરમાં દર્શનવિધિમાં જ અને સિમિત કરી નાખી.

જ્યારે એમના સમકાલીન ગૌતમ બુદ્ધના શિષ્યોએ કાઉસગ્ગને વિપસ્યના નામ આપીને દુનિયાભરમાં ફેલાવી દિધો એને કરોડો નવા શિષ્યો બનાવ્યા.

તેમના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ જેવા જબરદસ્ત સિધ્ધાંતોનો તેમના જ શિષ્યોએ ઉપહાસ કર્યો જો અનેકાંતવાદનો પ્રચાર વિપસ્યનાની જેમ થયો હોત તો આજે દુનિયામંથી આતંકવાદનો સફાયો થઈ ગયો હોત.

ખેર, આવા મહાન ધર્મનો અભ્યાસ કરવા મળ્યો તેને હું મારા અહોભાગ્ય માનું છું.''

***

## ધર્મ સંદેશ - ૧૨૭





**રચયિતા: જયકાંત મોતા**
**ઘાટકોપર (તેરા)**
**૯૮૧૯૬ ૨૮૩૮૨**

**આડી ચાવીઓ -**
[૧] આ પૂજા અણહારી પદ મેળવવા (૩); [૩] દાનના ક્ષેત્રો કેટલા (૨); [૫] પર્યુષણમાં આ તપ વધારે થાય (૪); [૮] આવતી ચોવીસીના ૧૯ માં તીર્થંકર યશોધરનું લાંછન (૩); [૯] જગડુશા મોટા — હતા (૨); [૧૦] શાસન દેવ (૨); [૧૧] શાસન દેવી (૩); [૧૩] ૧૪૪૪ થાંભલાવાળું જિનાલય (૫); [૧૫] આચંબિલની ઓળી વર્ષમાં — વાર આવે (૧); [૧૬] આવતી ચોવીસીના ૧૨માં તીર્થંકર જે કૃષ્ણ વાસુદેવનો જીવ છે (૩); [૧૭] પૂનામાં આવેલ સંભવનાથનું — વાળું જિનાલય (૨); [૧૮] શત્રુંજય ઉપર પાંચ — આવેલ છે (૩); [૧૯] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૨૨] બ્યાસણા માં — વખત ખવાય (૧); [૨૩] વીસ વિહરમાન માંના પંદરમા (૫); [૨૪] કચ્છનું જીરાવલ્લાનું તીર્થ (૨); [૨૮] વીર પ્રભુના શિષ્ય (૩); [૩૦] પ્રભુને ચડાવેલ એક પવિત્ર જળ(૩); [૩૨] સાધુઓના પાંચ મહાવ્રત માંનું એક (૨); [૩૩] કર્મો કેટલા (૨); [૩૪] આ યક્ષ શત્રુંજયના રક્ષક છે (૩)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**
[૧] એક કર્મ (૪); [૪] ગુરૂદેવોના સતસંગની — ચૂકો નહીં (૨); [૫] સતી કેટલી ? (૨); [૬] શીતલનાથનું જન્મ સ્થળ (૫); [૭] મલ્લીનાથનું એક તીર્થ (૩); [૧૨] ત્રિશલા માતાનું અગિયારમું સ્વપ્ન (૫); [૧૩] શત્રુંજયની પ્રથમ પોળ (૪); [૧૪] જૈનોમાં આ યાત્રાનું ઘણું મહત્ત્વ છે (૨); [૨૦] સવારનું પ્રતિક્રમણ (૨); [૨૧] માનતુંગસુરી એ રચેલ એક સૂત્ર (૪); [૨૫] આ ચૌદ છે (૪); [૨૬] હાથી એ કયા તીર્થમાં પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરી હતી (૪); [૨૭] પાર્શ્વનાથ પ્રભુને ઉપસર્ગ આપનાર (૩); [૨૯] વરસીતપનું પારણું શેરડીના — થી થાય (૨); [૩૧] એક જ્ઞાન (૨)

## કચ્છી કસબ - ૧૨૭



**આડી ચાવીઓ -**
[૧] લખોટી (pubbles) (૩); [૪] વાસવાળી પાદ (passing of gas with odour) (૨); [૬] નવાજોડા પગમાં ડંખે તે (shoe bite in new footwear) (૨); [૮] ચારો કાપવાનું સાધન (૩); [૯] સચ્ચાઇ (truth) (૨); [૧૧] લલાટ (forehead) (૩); [૧૩] નદી (river) (૨); [૧૪] પાડયું (fallen down) (૨); [૧૬] બળતણ (fuel) (૩); [૧૮] મહેમાન (guest) (૩); [૧૯] એકદમ (completely) (૨); [૨૦] માંડમાંડ (with lot of efforts) (૪); [૨૨] ડર (fear) (૧); [૨૪] દાદ (to listen)(૨); [૨૫] ગાંડી સ્ત્રી (mad woman) (૩); [૨૭] ચાંપલાશ (to make fuss) (૪); [૨૮] કહું (shall i say) (૧); [૨૯] જા (go) (૨); [૩૦] અનાજ માપવાનું સાધન (thing used for measuring food grain) (૨); [૩૧] ત્રીજું (third one) (૩); [૩૨] બારાત (procession of people with groom) (૨); [૩૪] અટકાવવું (to control) (૨); [૩૬] કળતર (body ache) (૨); [૩૭] ઝોકાઆવવા (napping) (૪);

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -** [૨] ધામધૂમથી (pomply) (૪); [૩] સ્ત્રીનું રહેવું(to stay of female) (૨); [૫] સાસુ (mother-in-law) (૨); [૭] સૂકી ચીજનો ફાકો ભરવો (in take of dry powder material) (૨); [૮] પટ્ટી (border)(૨); [૧૦] નાના બાળકોને બાંધવાનું કપડું (cloth to wrape babies) (૩); [૧૨] ચગળવું (to chew) (૨); [૧૪] ઠેકાણા વગરનું (without any system) (૪); [૧૫] સુઇજાઉં ? (shall i sleep) (૩); [૧૭] હમણાં ને હમણાં (just now) (૪); [૧૮] સંજોગ (circumstances) (૨);[૨૧] સાવકી માં (step mother) (૪); [૨૩] આવજાવ (coming and going) (૪); [૨૪] અંકુશ (control) (૨); [૨૬] વેશ્યા (prostitute) (૨); [૨૭] અડવું (to touch) (૨); [૩૦] પથરા (stones) (૩); [૩૨] જીંદગી (life) (૩); [૩૩] બાજુમાં (nearby) (૩); [૩૪] રસ્તો (way) (૨)

# 'કંઇ ન કરતી' ગૃહિણીને કેટલું કેટલું કરવું પડે છે...



વનિતા વિશ્વ

ઘરનું કામ કરવું એટલે 'કંઇ ન કરવું' આવું સમીકરણ કોણે બનાવ્યું હશે એ વિચારતા હંમેશા મને આશ્ચર્ય થાય છે. એના કરતા પણ વધારે આશ્ચર્ય ત્યારે થાય છે જ્યારે ગૃહિણીઓને પણ 'હું કંઇ નથી કરતી' એવું સ્વીકારી લેતી ને કહેતી જોઉં છું.

આજે ગૃહિણીઓ હાઉસવાઇફ નહીં પણ હોમમેકર કહેવાય છે અને કરિયર વુમનની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

એક ગૃહિણી સાથે મારે વાત થઇ રહી હતી. પોણું પેન્ટ, સરસ ટીશર્ટ, સપ્રમાણ શરીર, બ્યુટીપાર્લરમાં મંજાયેલો ચહેરો અને હેરસ્ટાઇલિસ્ટે ટ્રીમ અને સ્ટ્રેટ કરી આપેલા છૂટા લહેરાતા વાળ. આંગળીએ પાંચેક વર્ષની ઢીંગલી જેવી દીકરી. મેં દિલથી એના વખાણ કર્યા ત્યારે એ હસી પડી. કહે 'આન્ટી તમને આ બધું મજાનું મજાનું દેખાય છે, પણ આવું રહેવા માટે અમારે કેટલી મહેનત કરવી પડે છે એ તમને ખબર છે ?'

'ના, મને ખબર નથી પણ જો તું વિગતે કહે તો હું એનો સમાવેશ મારા કોઇક લેખમાં કરું એવું બને.'

'એવું બને ? તો સાંભળો. અમારી કેરિયર, કમાણી કે કૌશલ્ય ગમે તે હોય – આજની સ્ત્રીને આટલું ક્વોલિફિકેશન તો જોઇએ જ.

માત્ર રાંધતા આવડવાથી અમારું ચાલતું નથી. અમને અમેરિકન, ઇટાલિયન, ચાઇનીઝ, મેક્સિકન અને તંદૂરી રાંધતા આવડવું જોઇએ.

હું હસવા લાગી. એ કહે, 'હસો નહીં, આ તો શરૂઆત છે અમને વાહન ચલાવતા આવડતું હોવું જોઇએ કારણ કે અમારે અમારા આ ટપુડિયાંઓને સ્કૂલ, યોગા, સ્પોર્ટસ અને ડાન્સ ક્લાસમાં લેવા અને મૂકવા જવાના હોય છે.

મને થયું, વાત વિચારવા જેવી તો ખરી.

એ આગળ બોલી, 'ધ્યાનથી સાંભળજો, અમને કૉમ્પ્યુટર અને ઇન્ટરનેટની બધાની ખબર હોવી જોઇએ, કેમ કે અમારે અમારાં સંતાનોને જાતજાતના ને ભાતભાતનાં પ્રોજેક્ટ તૈયાર કરી આપવાના હોય છે એ પણ એવી રીતે કે એ યુનિક હોય – બીજા કોઇએ એ રીતે ન બનાવ્યા હોય તેવા પ્રોજેક્ટ બનાવવા પડે અને તે પણ વરસમાં પંદરેક વાર.

અમારા ત્રીજા ધોરણમાં ભણતા બાળકને શીખવવા માટે અમારે એસ.એસ.સી. લેવલનું ગણિત શીખવું પડે. ભલે ટ્યૂશનમાં ભણતું હોય, પણ બાળક કંઇક પૂછે તો તેને એમ ન થવું જોઇએ કે, મોમ ડઝન્ટ નો માય મેથ્સ.

જો બચ્ચું દસમા કે બારમામાં આવી ગયું હોય તો અમારે દુનિયાભરની એજ્યુકેશન સિસ્ટમ્સ, એલિજિબિલિટી ટેસ્ટો, સ્કોપ આ બધાનું પૃથક્કરણ કરતા સ્પેશ્યલાઇઝ્ડ એનાલિસ્ટ થવું પડે.

આ બધા સાથે અમારે આધુનિક, યુવાન, સુંદર અને તાજા દેખાવું પડે, જેથી પતિ અમારી સાથે બંધાયેલો રહે. સાથે એના પેરેન્ટ્સનું ધ્યાન પણ રાખવું પડે કારણ કે એ અમારા માબાપને ઘણું સાચવતો હોય.

પથ્થરથી ચટણી વાટવાની આવડત અને આઇફોનની લેટેસ્ટ ટેક્નોલોજી – આ બંને પર અમારી હથોટી હોવી જોઇએ.

અમારે પ્રોફેશનલ એડવાઇઝરથી લઇ રસોઇ–સફાઇ કરનાર બધું થવાનું હોય છે.

એમને દુનિયાની છેલ્લામાં છેલ્લી ઊથલપાથલની માહિતી હોવી જોઇએ, સાથે અમને તળપદી નેચરલ હિલિંગ મેથડ્સનું જ્ઞાન પણ હોવું જોઇએ.

હળદર–કંકુની ચર્ચા કરેલા કપાળ સાથે પારંપરીક સાડી પરિધાન કરતા અમને આવડવી જોઇએ સાથે જિન્સ અને સ્કર્ટમાં પણ અમે શોભવા જોઇએ.

અમે ગમે તે કરતા હોઇએ, ઘર તો મ્યુઝિયમ જેટલું ચકાચક રહેવું જોઇએ.

અને ગમે તેટલી તાણમાં હોઇએ, ચહેરો તાજો અને સ્મિતભર્યો હોવો જોઇએ.

અને આ બધું કર્યા પછી થાક્યાપાક્યા અને શાંતિનો જરા શ્વાસ લઇએ, હાથમાં સેલફોન ઉઠાવીએ ત્યારે લોકોની કેટલીય કોમેન્ટ આવી હોય – 'યુ આર એન્જોઇંગ લાઇફ, ઓલ્વેઝ ઓન વોટ્સ અપ એન્ડ ફેસ બુક' ત્યારે તેને ધીરજથી વાંચવાની હોય ! હવે તમે જ કહો, અમારી જિંદગી કંઇ સરળ છે ? મને થયું, વાત કંઇ ખોટી નથી. સમય ગમે તે હોય, ઘર ઘર છે, પતિ પતિ છે, સંતાન સંતાન છે, પડકાર પડકાર છે અને સ્ત્રી સ્ત્રી છે.

– **સોનલ પરીખ**, જન્મભૂમિમાંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## આદી અનંત આરાધના ભવન ભાંડૂપમાં ચાતુર્માસ પ્રવેશ

૨૨-૭-૨૦૧૮ના કે.વી.ઓ. અચલગચ્છ સંઘમાંથી પૂ. સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા.ને શ્રી સંઘને સાધના, આરાધના અને ઉપાસના કરાવવા ઢોલ શરણાઇ સૂરે આકર્ષક જૈન પરિધાન સહ કળશ, ગહુંલીઓથી મોટી સંખ્યામાં હાજર રહી ભારે ઉચવીકે ચાતુર્માસ કરાવ્યો. પૂ. સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાએ પધારી પ્રવેશને યાદગાર બનાવ્યો. સામુદાયિક વંદના, આવકાર સ્વાગત ગીત દ્વારા કાર્યક્રમ મનભાવન રહ્યું. મહાજન, ટ્રસ્ટના પદાધિકારીઓ પણ પધાર્યા. અધ્યાત્મક કલ્પદ્રુમ સૂત્ર વહોરાવવાનો લાભ મા. ધનબાઇ શીવજી લોડાયા હ. ગિરીશભાઇ, ચરિત્ર ચંપક કુમાર અ.સૌ. રેખાબેન શ્રૈણિક મોમાયા. ૧ મતીજ્ઞાન પૂજા માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા હસ્તે જિતેન્દ્રભાઇ. શ્રુતીજ્ઞાન પૂજા માતુશ્રી રતનબેન હિરાલાલ લોડાયા હસ્તે કેતુલ, મન પર્થવ જ્ઞાન માતુશ્રી મંજુલાબેન મુલજી મૈશેરી હસ્તે હિતેશ, અવધીજ્ઞાન માતુશ્રી નવલબેન બાબુભાઇ દંડ, કેવલજ્ઞાન અ.સૌ. નયના નરેશ મૈશેરી ચડતે પરિણામે લાભ લીધો.

અષાઢી બીજથી વ્યાખ્યાન અને ૩૫ દિવસીય એકાસણા શ્રી સંઘ દ્વારા ચાલુ છે. નિત્ય ૩૫/૪૦ તપસ્વીઓ નવકાર મંત્રના અક્ષરોના તપે તપી રહ્યા છે. સામૈયા બાદ શ્રી સંઘ તરફથી સ્વામીભક્તિ રહી રૂા. ૨૦/-ની પ્રભાવના થઇ. આપણાં શ્રી સંઘમાં તપસ્વી પૂ. સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા. આરાધના કરાવી રહ્યા છે. યુવા કાર્યકર મનોજ લોડાયા કાર્યરત છે. વિપુલ લોડાયાએ સુત્ર સંચાલન કર્યું. ચાતુર્માસ આધાર સ્તંભ, સહાયક દાતા અને એકાસણા કરાવવાનો લાભ શ્રી સંઘના સભ્યોએ ઉત્સાહી ભાવે લીધો છે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


## મહાકાલી માતાજીની ભાવના

શ્રી અનંત મિત્ર મંડળે સાંતાક્રુઝમાં ચાતુર્માસાર્થે પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં મલકાપુર, ગોવર્ધન નગર, સુરત આદી વિવિધ સ્થાને ભાવના ભાવી ધૂમ મચાવી હતી. ચાતુર્માસ આરાધનાએ જિનાલય શણગાર વૈભવ લોડાયા, જય મહેશ ધરમશી, લક્ષ, કુ. ચાર્વી, પરીન, હર્ષ, નેહા લોડાયા, દર્શન દેઢીયા આદી યુવા પાંખે કર્યો છે.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો જ્ઞાતિ માટે સફળતાપૂર્વક કરી રહેલ છે. દર બુધવારના જરૂરતમંદોને ભોજન કરાવવામાં આવે છે. તેની માટે કાયમિ તિથી આપનાર દાતાઓ નામ : ૧) એક સદ્ગૃહસ્થ (મુલુંડ), ૨) રતિલાલ વાલજી લોડાયા (મુલુંડ), ૩) માતુશ્રી સોનબાઇ ધારશી, જયંતીલાલ ધારશી વિકમશીના સ્મરણાર્થે હસ્તે ઇંદિરાબેન વિકમશી (ઘાટકોપર), ૪) પદમશી હિરજી મોમાયા હસ્તે ઇંદુમતી હિરજી મોમયા (હુબલી), ૫) હરીશ મુલજી મોમાયા (કોપર), ૬) તારાબાઇ કિશોર જીવરાજ સાયા (ભુજ), ૭) મહેન્દ્ર લાલજી લાપસીયા હસ્તે પુષ્પા લાપસીયા - (સાંતાક્રુઝ), ૮) ભદ્રાબેન કાંતિલાલ વાલજી શાહ હસ્તે દમયંતી રમેશ હિરાચંદ ભાટે (સાંયરા), ૯) અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર (ધુલિયા), ૧૦) ઉમરશી શામજી મેપાણી હસ્તે સરોજ પ્રદીપ મેપાણી, પારૂલ યોગેશ ધુલ્લા (વડાલા), ૧૧) સ્વ. સૌ. દેવિકાબેન સોમચંદ ભાણજી લાલકા (અમલનેર), ૧૨) કુલીનકાંત ગોવિંદજી નાગડા (નાંદેડ), ૧૩) ચંદનબેન નરશી કેશવજી મૈશેરી (ચાલીસગામ), ૧૪) રૂતાંશી કિંજલ ઝવેરી હસ્તે પાયલ ઝવેરી (મુંબઇ), ૧૫) શ્રી અચલગચ્છ મહિલા મંડળ (ધુલિયા), ૧૬) સ્વ. સૌ. વિનાબેન ચંદુલાલ નાગડા (મસ્જિદ બંદર). નકરો : ૧) નમ્રતા એનિક લોડાયા, ૨) ભારતીબેન અજીત લોડાયા, ૩) અરૂણભાઇ શામજી પટેલ.

## સંભવ ગ્રુપ દ્વારા ''જૈન રત્નો''નું સન્માન કરાયું

સંભવ ગ્રુપ ભુજ દ્વારા જૈન સમાજની વિશાળ

ઉપસ્થિતિમાં જુદા-જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધ પ્રાપ્ત જૈન રત્નોને પૂર્વ ધારાસભ્ય મોહનભાઇ શાહ, પંકજભાઇ મહેતા, પૂર્વ નગર અધ્યક્ષા હંસાબેન છેડા, જૈન ઉદ્યોગપતિ ગાંધીધામનાં મુકેશભાઇ સિંઘવી, અશોકભાઇ સિંઘવી, ભુજના કમલેશભાઇ સંઘવીની ઉપસ્થિતિમાં સન્માનિત કરાયા હતા.

ભુજ અને કચ્છમાં માનવસેવા અને જીવદયા ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરનાર પ્રબોધ મુનવરને કમલેશભાઇ સંઘવીનાં વરદ હસ્તે સન્માનપત્ર અર્પણ કરાયું હતું. એજ્યુકેશન, સ્પોર્ટસ, કલા, બિઝનેશ, સેવા, જીવદયા, રક્તદાન, સેવાકીય સંસ્થા, વુમન પાવર, સંશોધન ક્ષેત્રનાં વિવિધ જૈન રત્નોને સન્માન પત્ર આપી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આદર્શ સંઘવીએ કર્યું હતું.

### શ્રી શ્વેતામ્બર મૂ. અગાશી અચલગચ્છ જૈન સંઘ - અગાશી

શ્રી અગાશી તીર્થે જયેશ ભુવનમાં પર્યુષણના આરાધના કરાવવા માટે ગુણસાગરસૂરી નંદનં, તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ્રવચન પ્રભાવક પૂ. મુનીરાજ શ્રી દેવરત્નસાગરના પરમ શિષ્ય મુનીરાજ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા. નિર્મળ ગામથી પધારશે. અગાશી તીર્થે આરાધકોને પધારવા આમંત્રણ છે. આરાધકો માટે અહીંયા ભોજન, રહેવાની વ્યવસ્થા છે. આરાધકોએ અગાઉથી મો. 8308500943 ઉપર શ્રી નારાયણભાઇને જાણ કરવાની નમ્ર વિનંતી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ

મહિલા વિભાગ દ્વારા બેંકિગની પ્રાથમિક જાણકારીના ૪ સેમીનાર અરિહંત બેંકમાં રાખેલ એમાં બાળકો માટે અને મહિલાઓ માટે બે બે સેમિનાર આયોજિત કરવામાં આવ્યા હતા. કુલ ૧૬૦ મહિલાઓ અને બાળકોએ એમા ઉત્સાહથી ભાગ લીધેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

ગદગ શહેરના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની ૧૦૪મી વર્ષગાંઠ નિમિત્તે મહાજનશ્રીના નેજા હેઠળ ત્રયાન્હિકા મહોત્સવમાં આયોજન કરવામાં આવેલ. ગદગના સ્નાત્ર મંડળને ૫૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ૧૯-૮-૨૦૧૮ના શનિવારના શ્રી સિધ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવેલ પૂજન બાદ ચૌવિહારની વ્યવસ્થા મંડળ દ્વારા રાખવામાં આવેલ.

૧૯-૮-૨૦૧૮ના રવિવારના ૧૮ અભિષેક રાખવામાં આવેલ સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ. ૨૦-૮-૨૦૧૮ના સોમવારના દેરાસરની ૧૦૪મી વર્ષગાંઠ નિમિત્તે સતરભેદી પૂજા ભણાવવામાં આવેલ. ધ્વજા ચઢાવવાનો ચઢાવો મણ ૧૬૬૧૬માં કુમારી નિધિ તથા કુમારી લિપિ કુમારપાળ લાલકાએ લીધેલ. બપોરના સ્વામીવાત્સલ્ય જમણની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલ.૩ દિવસ નયન રમ્ય આંગી રચના શ્રીમતી નિશાબેન નલીન મોતા દ્વારા કરવામાં આવેલ.

વિધિકાર તરીકે મુંબઇથી શ્રી ચિરાગ સંગોઇ તથા તેમની મંડળી પધારેલ તથા સંગીતનો સાથ આપણા સમાજના કલાકારોએ આપેલ.

### શ્રી અનંત આરાધના ભવન - ભાંડૂપ

હર ગુરૂવારના ૧૦-૪૫ થી ૧૧.૪૫ સુધી સ્વાધ્યાયના પઠનમાં ૫૫ સ્વાધ્યાયીઓ ભાગ લઇ પ્રભાવના કરે છે. પાંચ શુક્રવાર સુધી નમી ઉણ પૂજન પૂ. સા. શ્રી તારકગુણાશ્રીજી મ.સા. ચીવટપૂર્વક કરાવતાં ૭૦ જણ ભાગ લે છે. રવિવાર શ્રાવણ સુદ દશમના યુગ પ્રવતક આ.ભ. આર્યરક્ષિતસૂરી મ.સા.ની જન્મ તિથીએ સાહેબજીએ વિસ્તૃત ઇતિહાસ રજુ કરી અચલગચ્છ વિધી પક્ષના ગૌરવવંતા મહિમાને ગાયો આજ દિવસે શાંતમૂર્તી પૂ. સા. શ્રી સદ્ગુણાશ્રીજી મ.સા.નો ગુણાનુવાદ કર્યો. શ્રી સંઘે આદરાંજલી અર્પી.

રવિવારના 'રામ રાખે તેને કોણ ચાખે' વિષય ઉપર જાહેર પ્રવચન આપતા ૧૫૦ જણ ઉપર હાજર રહી સ્વામીભક્તિનો લાભ લીધો.

સંઘના રસોડે ૩૫ દિવસીય એકાસણા કરાવવાનો લાભ લાભાર્થીઓએ લેતાં નીત્ય ૪૦ તપાત્માઓએ ભાગ લીધો.

**લગ્નસંબંધી :** ૧૯૮૭ બોર્ન, ૪'૧૧'', ૫૦ કિ.ગ્રા., બી.કોમ, કુંવારી કન્યા માટે ભણેલા, વેલ સેટલ, મુંબઈ-થાણામાં રહેતા કુંવારા યુવકો (ઉંચાઇ ૫'થી ૫'.૬'' ફક્ત)ના વડીલો સંપર્ક કરે - **9320306612.**
બાયોડેટા મોકલવા વોટ્સએપ નં. **9819316268.**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**
**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**
સોમવાર બંધ

શ્રીમતી મધુબેન ડાઘા, શોભનાબેન મોમાયા, કસ્તુરીબેન લોડાયા, ગીતાબેન લોડાયા, અનીતા પટેલ, ચીમનભાઇ નાગડા અને મહેતાજી જયંતભાઇ ધરમશીએ ઉછળતા ભાવે પીરસી રસોડાની જવાબદારી પાર પાડી. શ્રી સંઘે સૌ લાભાર્થીઓને સંઘના કેસર અને જરીના તિલકે સન્માન્યા.

બકરી ઇદના સંખ્યા બંધ શ્રધ્ધાભક્તોએ આયંબીલ કરી મુંગા જીવો પ્રત્યે કરૂણા પ્રગટ કરી.

### કવિશ્રી લહેરચંદ મૈશેરીનું સન્માન

'લહેરીની લહેર - સદ્‌ગુરૂની મહેર' લહેરચંદભાઇના પુસ્તકનું વિમોચન થતાં ચિ. હેતલ, ચિ. પારસ સમારંભ રાખતા ૧૫૦ સ્નેહીજનો એકત્ર થઇ લહેરચંદભાઇની કવિત્વની શક્તિની બીરદાવલી કરી. બુકે શાલ-મોમેન્ટો અને ફોટો ફ્રેમથી ટેબલ ભરી દીધો. સાથે પરિવારે મુંબઇ મહાજન, મૈશેરી પરિવાર, મોમાયા પરિવાર, શ્રી લાલા મહાજન, સિંધોડી મહાજન, મા. ચામુંડા પહેડી કમીટી, ક.વી.ઓ. અચલગચ્છ સંઘ ભાંડૂપ, ગુજરાતી સમાજનું શાલ, માળા અને તિલકથી ઉષ્માભર્યું સન્માન કર્યું. પ્રતિસાદે તેઓશ્રીએ પણ કવિરાજનું ગૌરવ કર્યું. કુલ્લ ૧૨ સંસ્થાના પદાધિકારીઓને પરિવારે સન્માન્યા. સંચાલન એકવોકેટ - પ્રોફેસર કુ. હેતલ અને સંબંધી ભાઇઓએ કર્યું.


## ક.દ.ઓ. બાયઠ વાસીઓ જોગ

"જય જિનેન્દ્ર"

આપણા બાયઠ ગામનાં બન્ને મહાજનો ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા શ્રી ક.વી.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનાં સયુંક્ત ઉપક્રમે **તા. ૦૭/૧૦/૨૦૧૮નાં રવિવાર સાંજના ૫ થી ૯ કલાકે સ્નેહમિલન**નું આયોજન કરવામાં આવેલ છે. તો ઉપરકોટ પ્રસંગે બાયઠ ગામના બન્ને સમાજના સર્વે કુટુંબીજનો તથા આપણી નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. આ પ્રસંગે આપણા ગામે **મહાવીર સ્વામી જિનાલયની ૬૮મી વર્ષગાંઠ** નીમિત્તે **તા. ૧૪-૦૨-૨૦૧૯ના ધ્વજા મહોત્સવ** ઉજવવામાં આવશે તો તે પ્રસંગની ઉછામણીઓ બોલવામાં આવશે. સંવત ૨૦૭૪-૨૦૭૫ શ્રી મહાવીર સ્વામી જિનાલયની વાર્ષિક ચડાવવાની ઉછામણીઓ. આપ સૌ સારી સંખ્યામાં પધારશોજી. સ્નેહમિલન વખતે સાધર્મિક ભક્તિનો લાભ લેશોજી.

**સ્થળ : આયરીસ (IRIS) બેન્કવેટ હૉલ,**
પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,
જ્ઞાન સરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ)-૪૦૦ ૦૮૦.

એજ લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વતી**
**પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસરનાં જય જિનેન્દ્ર**


અંતે લહેરચંદભાઇએ આભાર માનતા કહ્યું કે આ બધું દેવ-ગુરૂ, ધર્મ અને આપ વડીલોના આશીષે થયું છે.

### શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

૫-૮-૨૦૧૮ના કચ્છી નવા વર્ષ નિમિત્તે એક સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ કરેલ. પ્રોગ્રામની શરૂઆતમાં શ્રી નરશી નાથાના ફોટા સમક્ષ દિપ પ્રાગટ્ય કરી કરેલ. શ્રી પ્રફુલભાઇ ધરમશી તથા અન્ય ટ્રસ્ટીગણ - કારોબારી સભ્યોએ કરેલ. તહેવારોની ઉજવણીના થીમ ઉપર ૫૦ થી વધારે સમાજના યુવા યુવતી - નાના બાળકોએ પોતાનું ટેલેન્ટ બતાવેલ.

આ પ્રોગ્રામનું સંચાલન રાજેશ ધરમશી તેમજ નવયુગ યુથ ફોરમના યુવાનોએ કરેલ. યુ-ટ્યુબ અને ફેશબુક પર લાઇવ પ્રોગ્રામની જવાબદારી ગુંજલ આશિષ લોડાયાએ સ્વાકારી હતી. પ્રોગ્રામને સફળ બનાવવા દરેક જ્ઞાતિજનોએ સુંદર સાથ સહકાર આપેલ.

### શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ, અમદાવાદ

૧૪-૮-૨૦૧૮ના રોજ મહિલા મંચનો બીજો કાર્યક્રમ આયોજીત કરવાના આવેલ.

ગુંજલ લોડાયા એ ખૂબજ સરસ રીતે મોબાઇલ એપ્સ ઉપર ડેમો બતાવેલ જેમા ગુગલ સર્ચ, ઉબર કેબ બુકિંગ, તેજ નેટ બેકિંગ, વોટસઅપ બિઝનેસ જેવી એપ્સ જે ખાસ સિનિયર સિટીજન માટે રાખવામાં આવેલ. સ્વાતંત્ર્ય દિન થીમ રાખવામાં આવેલ જેના લક્કી ડ્રો કાઢવામાં આવ્યા, ચાર્મી મૈશેરી અને ગુંજલ લોડાયા વિજેતા રહ્યા. મીરા ધરમશીએ સ્વાતંત્ર્ય દિન ઉપર હાઉસી તૈયાર કરેલ અને એ રમાડવામા આવેલ. રશ્મિ ખોના તથા ભુમિકા છેડાએ મદદ કરેલ. ત્યાર બાદ અનિતાબેન દંડ અને રશ્મિબેન નાગડા તરફથી નાસ્તો રાખવામાં આવેલ.

### કારંજા, મુર્તિજાપુર મહિલા મંચ

શ્રી મહાવીર જન્મ કલ્યાણકના દિવસે સવારે પ્રભાત ફેરી નિકળી. મંદિરમાં ધ્વજારોહણ પછી સામુહિક ચૈત્યવંદન કરેલ. ઉપાશ્રમમાં પૂ. યતિશ્રી સુરેશચંદ્રજી મ.સા.એ પ્રવચન કર્યું. ૧૫ વર્ષથી નીચેના ઉમરના બાળકોએ ૯ અંગી પુજા કરી. સ્નાત્ર મંડલ તરફથી બાળકોને પ્રોત્સાહન તરિકે ઇનામ આપવામાં આવેલ.

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી

મંડળ દ્વારા બુધવાર ૧૪-૮-૨૦૧૮ના બપારેના બે કલાકે મંડળના કાર્યાલયમાં વાર્ષિક સામાન્ય સભાને

ત્યારબાદ મંડળની સ્થાપના દિન નિમિત્તે શ્રી મહાકાલી માતાજીની ભક્તિ-ભાવનાનું દાતાશ્રી પરિવારના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવનાના ચૂંદડી, ફુલ, હાર, વેણી, ફળ, નૈવેદ્ય, પ્રસાદ અને અલ્પાહારના સંપૂર્ણ દાતા માતુશ્રી પૂરબાઇ લખમશી મોમાયા હસ્તે શ્રીમતી રૂપલ વિપૂલ મોમાયા (સાંયરા) પરિવાર હતા. મંડળ તરફથી શ્રી લહેરચંદભાઇ પોલડીયાને દાતા પરિવાર માતુશ્રી પૂરબાઇ લખમશી મોમાયા (સાંયરા)નું પુષ્પગુચ્છ આપીને મંડળના પ્રમુખશ્રી હેમંત ધુલ્લા, ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર ડાઘાને માનંદમંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ બહુમાન કરીને ખૂબ ખૂબ અનુમોદના કરી હતી. મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોના સરસ સહયોગ રહ્યો હતો.

## સાંયરા સમાચાર

સાંયરા પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી અનંતયથાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રી અલ્મયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી લધાભાઇ દેવરાજ પટેલના ૪૩મી પૂણ્યતિથી નિમિત્તે શ્રી નવાણું પ્રકારી પૂજા ભણાવામાં આવેલ જેમાં પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. જવેરચંદભાઇ તથા જેઠાભાઇ, રતિલાલભાઇ, તબલચી મણીલાલભાઇ સારી રમઝટ બજાવેલ. પૂજામાં વિજયાબેન, ભાગ્યવતીબેન, પ્રતિભોબન ચામરનૃત્ય કરેલ. પેંડાની પ્રભાવના થયેલ. એ તિથી નિમિત્તે ઉપવાસ, આયંબિલ, એકાસણા, બ્યાસણા સારી સંખ્યામાં થયેલ. અત્યારે દાદાના દર્શન તથા ગુરૂવંદન કરવા ભાવિકો સારી સંખ્યામાં આવે છે.

## શ્રી અંકુશ મિત્ર મંડળ - ડોંબિવલી (વેસ્ટ)

ડોંબિવલી (વેસ્ટ)માં ગાવદેવી, આનંદનગર, જયહિંદ કોલોની વિસ્તારમાં રહેતા ક.દ.ઓ. જ્ઞાતિજનો શ્રી અંકુશ મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી ઉત્સવની બાબતમાં ચર્ચા કરવા સભાનું આયોજન ૨૨-૯-૨૦૧૮ શનિવારનાં રાત્રે ૧૦ થી ૧૨ કલાકે ગંગારામ ભોઇર બિલ્ડીંગ, ૩જે માળે, નવરાત્રી ચોકમાં રાખવામાં આવેલ છે. કાર્યકર્તા - કિરીટ કાંતીલાલ લોડાયા - 9892517155, અરવિંદ બાબુલાલ ધરમશી - 9320951263.

## તિરૂપુરમાં ૧૦૮ સામૂહિક એકાસણા

પાર્શ્વ ખુશાલ જૈન સેવા ટ્રસ્ટ, તિરૂપુર દ્વારા જન્માષ્ટમી અને પૂજ્ય મહાન આત્મ સાધિકા અનુભવશ્રીજી મહારાજ સાહેબના જન્મદિવસ સામૂહિક ક્રિયા અને ૧૦૮ એકાસણાની આરાધના શ્રી શંખેશ્વર પારસનાથ દેરાસર, કુરિણજી નગર ખાતે ૩ ઓગસ્ટના કરાઇ. સાંજે ૫.૩૦ કલાકે કુમારપાળ રાજાની આરતી થઇ. આ પ્રસંગે ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે ધાર્મિક ફેન્સી ડ્રેસ પ્રતિયોગિતા યોજાઇ જેમાં ત્રીસેક બાળકોએ ભાગ લીધો. અત્રે ચાતુર્માસ નિમિત્તે ૬ સાધ્વીજી મહારાજના માર્ગદર્શનમાં તપ-આરાધના થઇ રહી છે. તેમના દર્શન વંદન માટે સૌને આમંત્રણ છે. સંપર્ક : સતીશ નાગડા - 9486112490.

## અગાશી તીર્થ

૨-૯-૨૦૧૮ના સવારના જયેશ ભુવન, અગાશી તીર્થે પર્યુષણ પર્વની આરાધના કરવા માટે પૂ. મુનિરાજ શ્રી ચૈત્યરક્ષીતસાગરજી મ.સા.નો પ્રવેશ ધામધુમ પૂર્વક થયો.

ઓમકાર નગર સોસાયટીમાં ધ્વજ વંદન ૧૫ ઓગસ્ટના રોજ માતુશ્રી રતનબેન હંસરાજ મુનવર જખૌ વાલાના વરદ હસ્તે થયો.

શ્રી અગાશી અચલગચ્છ જૈન સંઘ તથા નવકાર ગ્રુપ વિરાર આયોજીત નવકાર મહામંત્ર દાતાઓના સાથ સહકારીથી શ્રી હર્ષભાઇ દેઢિયાના રાહબરી નીચે યોજલ ૭૯ મો મણકો સંપન્ન થયો. આગામી ૮૦ મો મણકો ૨૨-૯-૨૦૧૮ના સવારના ૮.૩૦ કલાકે છે.

## કે.ડી.ઓ. યુવા રોજગાર મેળો યોજાવો

તાજેતરમાં થાણે (મુંબઈ)માં રોજગાર મેળો યોજાયા હતો. જેમાં ભારતભરમાંથી આવેલ આપણા જ્ઞાતિજનોએ ભાગ લઇ મલ્ટીનેશનલ કંપનીઓમાં ઈંટરવ્યુ આપ્યો હતો. લગભગ ૪૩ કંપનીઓએ આ રોજગાર મેળામાં ભાગ લીધો. શ્રી હરિશભાઈ ધરમશીએ (H.D. Fire Protect Pvt. Ltd.) આ રોજગાર મેળાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું અને આર્થિક સહકાર આપ્યો હતો. પ્રોકલિવિસ ટેક્નોલોજી સોલ્યુશન પ્રા. લિ. ડિજિટલ સહયોગી હતા તથા સમસ્ત મહાજનના કાર્યકર્તાઓ દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો.

આ રોજગાર મેળામાં લગભગ ૩૦૦ થી વધારે લોકોએ અરજી કરી હતી તેમાં ૧૧૦ને પ્રારંભિક રૂપે પસંદ કરવામાં આવ્યા હતા. ૨૫ ક.દ.ઓ. યુવાઓને તરતજ નોકરી આપવામાં આવી હતી.

## તામીલનાડુ ગુજરાતી સમાજ

૧૫-૮-૨૦૧૮ના મળેલી એજીએમમાં સતીષ એચ. નાગડા (તિરૂપુર) શ્રી તામીલનાડુ ગુજરાતી સમાજના કમિટી મેમ્બર તરીકે ચુંટાયા છે.

## ગદગના શ્રી નલિન માણેકજી મોતા



ગદગના જિનાલયમાં ભગવાન શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાની આંગીની ૩૦ વરસથી નયનરમ્ય રચના કરે છે. ભાવિકો તેમણે રચેલી આંગીને જોઇને આનંદિત બને છે. જિનાલયની ૧૦૩ના વર્ષે રચેલી આંગીની રચના અતિસુંદર હતી અને આ બધું શ્રી નલિનભાઇ સ્વખર્ચે કરે છે.

## આપણાં સમાજનું નવલું વિદ્યા મંદિર



નાંદેડ ખાતે આવેલી ગુજરાતી શાળાની સ્થાપનાને ૭૮ વરસ થયા છે. અને આ શાળામાં ૪૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ સરસ્વતી સાધના કરે છે. આ શાળામાં ૯૦ જેટલો સ્ટાફ સેવા આપે છે. ક.દ.ઓ. શ્રી કેતન કુલીનકાંત નાગડા આ શાળાના વર્તમાન પ્રમુખ તેમજ નાંદેડ ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

## પાસ થયા અભિનંદન



**ધ્રુવ ધનેશ શાહ (છેડા)**

ઇંદોર (મ.પ્ર.) – સૂજાપર

12th (CBSE)

**79%**

## કેરાલામાં પુરગ્રસ્તોને સહાયતા



કોચીનના કે.ડી.ઓ. જ્ઞાતિજનોએ કોચીન ગુજરાતી જલારામ ધામ, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સાથે વર્ધમાન સંસ્કારધામ મુંબઇના સહયોગમાં કોચીન આસપાસના વિસ્તારોમાં પૂરગ્રસ્તોને રાહત પૂરી પાડવા ખોરાક, કપડા તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું એમ અરવિંદ જે. શાહે કોચીનથી જણાવ્યું હતું. કાલીકટ રહેતા શ્રીમતી પારૂલબેન તથા શ્રી મનીષભાઇ લોડાયા અને તેમની ટીમની સભ્યોએ જ્યાં બોટસનું જવું પણ મુશ્કેલ હતું તેવા પુરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને પુરપિડિતોને આવશ્યક મદદ આપવા દોડી ગયા હતા.

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પ્રથમ પુણ્યતિથિ એ શ્રદ્ધાંજલી

**સ્વ. કસ્તુરીબાઈ કેશવજી શામજી ધરમશી**



અરિહંત શરણ
તા ૭-૯-૨૦૧૭
(સાંધાણ)

તમારા સ્મરણો ગુણો, ભીંજવે અમે હૈયું,
ને હૈયું ભીંજવે અમ આંખ....તમારા પદચિન્હએ ચાલી,
તમારા ગુણો ને ગ્રહિએ, એજ રહી છે અમ હૃદયમાં યાદ...

**શોકાતુર:**

પુત્રવધુ - પુત્ર : સ્વ. પ્રભાબેન નીતિન કેશવજી ધરમશી.
પુત્રવધુ - પુત્ર : અ. સૌ. માલતી કેતન (રાજુ) કેશવજી ધરમશી.
પૌત્રવધુ - પૌત્ર : અ. સૌ. કીના અંકિત ધરમશી.
દીકરી - જમાઈ : અ. સૌ. જ્યોતિ જયેન્દ્ર ગાલા (છસરા).
પૌત્ર - પૌત્રી : હિતેશ, કેવલ, કરણ, નિકિતા(સોનુ), સૌરભ.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિમલ ગિરીશ દંડ**<br>(PS 5220) | ૪૦૩, આરવ એલીગન્સ, ૪થે માળે, સ્ટ્રીટ નં. ૩/૪, ઓસવાલ કોલોની,<br>જામનગર - ૩૬૧ ૦૦૫. મો. : 09328105370 |
| **શ્રીમતી ગીતા ધનજી મોમાયા**<br>(PS 3233) | ઈ-૧૯૦૪, મયુરેશ રેસીડેન્સી, ઓફ એલબીએસ માર્ગ, એશિયન પેઈન્ટ્સની<br>સામે, ભાંડુપ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો. : 08080902809 |
| **વિપુલ લક્ષ્મીચંદ પોલડીયા**<br>(PS 2050) | આશા નગર, ફેઝ ૨, સી-૧૦૨, ૧લે માળે, સાઈધામની પાછળ,<br>પી.કે. ક્રોસ રોડ, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>મો.: 09833060660, 08369170575 |
| **દેવેન્દ્ર પદમશી ખોના**<br>(PS 2272) | સી/૧૩, ન્યુ તારા એપાર્ટમેન્ટ, સાઈનાથ નગર, જૈન મંદિર પાસે,<br>ઘાટકોપર (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |
| **ગુલાબ હીરાચંદ પટેલ (ભોતા)**<br>(PS 7356) | ૧/સી, ૧૫૨, કલ્પતરૂ અવરા, એલબીએસ માર્ગ, ઘાટકોપર (વે.),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો.: 09819704826 |
| **શ્રીમતી મુરબાઈ દેવજી ખોના**<br>(PS 7357) | ૧/૧૭, નવજ્યોતી કો.હા.સો., સાઈનાથ નગર, જૈન દેરાસર પાસે,<br>ઘાટકોપર (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો.: 09869311859 |
| **વિજય દેવજી ખોના**<br>(PS 7358) | ૨૫/૪૧, દિવ્ય દર્શન કો.હા.સો., બીજે માળે, જગડુશા નગર,<br>માધવબાગ હૉલની સામે, ઘાટકોપર (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૬.<br>મો.: 09820472047 |
| **મેહુલ ભરત લોડાયા**<br>(PS 2437) | ૧૭૧૧, સી વિંગ, દેઢિયા ઈલીટા, વેદાંત હોસ્પીટલ પાસે, ઓવાલે,<br>ઘોડબંદર રોડ, થાણે (વે.) - ૪૦૦ ૬૧૫. મો.: ધારા 09769090503 |
| **લહેરચંદ લખમશી ખોના**<br>(PS 3305) | ૨૦૪, અર્જુનપાર્ક કો.હા.સો., બીજે માળે, રવી પાટીલ મૈદાન પાસે,<br>તુકારામ નગર, ડોમ્બીવલી (ઈ.) - ૪૨૧ ૨૦૧.<br>મો. : 9594301353 / 9892238876 |
| **નિરંજન હંસરાજ નાગડા**<br>(PS 4101) | ૨૦૧/૨૦૨, સિધ્ધી વિનાયક રેસીડેન્સી બિલ્ડીંગ ૧, તુલસી વિહાર,<br>શાહપુર તાલુકા, આસનગાવ (ઈ.) - ૪૨૧ ૬૦૧. મો.: 09223902606 |
| **અશોક નારણજી નાગડા**<br>(PS 6669) | ૧૨, પૂનમ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧૩૪, ભીકમચંદ જૈન નગર,<br>જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: 09960144524 |
| **કિરણ હંસરાજ લોડાયા**<br>(PS 1620) | ઈ/૧૦૩, વર્ધમાન નગર કો.હા.સો., ડૉ. આર. પી. રોડ,<br>મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શ્રીમતી પુષ્પા નલિનકાંત લોડાયા**<br>(PS 82) | એ/૬૦૧, રવી એપાર્ટમેન્ટ, વિઠ્ઠલ નગર, એસ. એલ. રોડ,<br>મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શ્રીમતી ભાવના સુભાષ ખોના**<br>(PS 2353) | બી-૧૦૧, નીલકંઠ નગર, એસ. વી. રોડ, બોરીવલી (વે.),<br>મુંબઈ - ૪૦૦ ૦૯૨. મો.: 9324515190 |
| **હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા**<br>(PS 3735) | એ-૧૫૦૧, સનફ્લાવર, એએનડી અગાસન કોમ્પલેક્સ, દીવા અગાસન રોડ,<br>અગાસન રેલવે ફાટક પાસે, દીવા (ઈ.) - ૪૦૦ ૬૧૨. મો.: 8976385160 |
| **મુકેશ હંસરાજ ખોના**<br>(PS 5519) | ૪૮, ૨૩મો મેઈન, ભવાની ઈલેક્ટ્રીક પાસે, મરહાનહલ્લી, જે. પી. નગર,<br>બીજો ફેઝ, શાંતિ સાગર હોટલની પાછળ, બેંગલોર - ૫૬૦ ૦૭૮.<br>મો.: 9538788473 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૫-૧૮ | કલિકટ | વિયોના, દિક્ષીત નાગડા | તેરા | પુત્રી |
| ૨૭-૦૫-૧૮ | દીવા | તનય, ભાવિની મેહુલ નિર્મલ દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૨૫-૦૭-૧૮ | ભરૂચ | ધ્રુવંશ, પાયલ પરાગ પોલડીયા | બાયઠ | પુત્ર |
| ૩૦-૦૭-૧૮ | ભાંડુપ | શિખર, પિન્કી મનીષ દિલીપ ઉમરશી મૈશેરી | સાંધાણ | પુત્ર |
| ૩૧-૦૭-૧૮ | ગાંધીધામ | સનાયા, ભાવના હિતેશ | રાપર | પુત્રી |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૧૮ | મુલુંડ | વીરલ નવીન નારાણજી ધુલ્લા | બાયઠ | ૨૬ |
| | થાણા | નીધ્ધિ ધર્મેન્દ્ર દિનેશ સિગાડીયા | પોરબંદર | ૨૬ |
| ૨૭-૦૮-૧૮ | મદુરાઈ | રૂષભ પંકજ રતિલાલ છેડા (શાહ) | મુહરા | ૨૮ |
| | નાંદગાવ | પલક મુકુન્દ ગોવિંદજી દંડ (શાહ) | લાલા | ૨૮ |

### જ્ઞાતિ સગપણ છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૧૮ | ડોમ્બીવલી | દીપક રાજેશ શામજી લાપસીયા | રંગપુર | ૨૭ |
| | અહમદાબાદ | ચાંદની વીરેન્દ્ર દામજી છેડા | સુથરી | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૮ | મુલુંડ | જયેશ અનિલ હરિશ્ચંદ્ર પાટીલ | તોંડાવલી | ૨૭ |
| | મુલુંડ | ભક્તિ નરેન્દ્ર પદમશી મૈશેરી | બાંઢીયા | ૩૨ |
| ૨૮-૦૭-૧૮ | યુએસએ | જય કમલેશ વિશનજી નાગડા (શાહ) | જખૌ | ૩૫ |
| | યુએસએ | કેથરીન જેમ્સ નાથેન બીઅર્સ | યુએસએ | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૮-૧૮ | મીરા રોડ | સંતોષ ખેતશી હંસરાજ ધરમશી | જખૌ | ૬૫ |
| ૨૦-૦૮-૧૮ | સેવક ભરૂડીયા | અરવિંદ રૂપશી દંડ | સેવક ભરૂડીયા | ૭૧ |
| ૨૨-૦૮-૧૮ | હૈદરાબાદ | સ્વપ્ના મણીલાલ મૈશેરી | મોટી સિંધોડી | ૪૬ |
| ૨૮-૦૮-૧૮ | મુલુંડ | રાજેશ ભવાનજી લાપસીયા | રંગપુર | ૬૧ |
| ૨૯-૦૮-૧૮ | મીરા રોડ | દિનેશ વીરજી માવજી ગોશર | ગોએરસમા | ૬૫ |
| ૩૧-૦૮-૧૮ | ડોમ્બીવલી | તારાબેન ગોવિંદજી દંડ | લાલા | ૬૭ |
| ૦૨-૦૯-૧૮ | મુલુંડ | સુશીલાબેન નવીનચંદ્ર ધરમશી | મોટી ખાવડી | ૭૫ |
| ૦૩-૦૯-૧૮ | હુબલી | મનોજ લક્ષ્મીચંદ રાયચંદ લોડાયા | જખૌ | ૪૬ |

### ધર્મ સંદેશ - ૧૨૭ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) નૈવેધ (૩) સાત (૫) સોળભત્તો (૮) કમળ (૯) દાની (૧૦) યક્ષ (૧૧) યક્ષીણી (૧૩) રાણકપુર (૧૫) બે (૧૬) અમમ (૧૭) રથ (૧૮) વિસામા (૧૯) પોશીના (૨૨) બે (૨૩) ઇશ્વરસ્વામી (૨૪) તેરા (૨૮) જમાલી (૩૦) નમણ (૩૨) સત્ય (૩૩) આઠ (૩૪) કવડ

ઊભી ચાવીઓ -
(૧) વેદનીય (૪) તક (૫) સોળ (૬) ભદ્રિલપુર (૭) ભોંયણી (૧૨) ક્ષીરસાગર (૧૩) રામપોળ (૧૪) રથ (૨૦) રાઇ (૨૧) નમીઉણ (૨૫) રાજલોક (૨૬) કલીકુંડ (૨૭) કમઠ (૨૯) રસ (૩૧) મતિ

### કચ્છી કસબ - ૧૨૭ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) બેધૂલ (૪) ફૂંસ (૬) નેફ (૮) કોઇયો (૯) સત (૧૧) કેપાર (૧૩) નય (૧૪) ધસે (૧૬) બાયણ (૧૮) મેમાણ (૧૯) સાવ (૨૦) મડમડ (૨૨) ધ્રા (૨૪) ધાધ (૨૫) ચરઇ (૨૭) ચોરચબ (૨૮) ચાં (૨૯) વેન (૩૦) પાટઇ (૩૧) ત્યો (૩૨) જન (૩૪) વાર (૩૫) મોર (૩૬) ત્રોટ (૩૭) ઓજરણું

ઊભી ચાવીઓ -
(૨) ધૂબાકેસે (૩) રઇ (૫) સસ (૭) ફક (૮) કોર (૧૦) તનણ (૧૨) ચબા (૧૪) ધડોમથો (૧૫) સોમા (૧૭) હેવરંઇ (૧૮) મેડ (૨૧) મતરઇ (૨૩) અચવેન (૨૪) ધાબ (૨૬) રન (૨૭) ચોટ (૩૦) પાયણાં (૩૨) જમાર (૩૩) મુરમેં (૩૪) વાટ

|| શ્રી અનંતનાથાય નમઃ ||

|| શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||



પર મા વરસીતપના આરાધક તપચક્રવર્તી રાજા અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની સ્મૃતિને કોટી કોટી વંદન...

## પ્રથમ પુણ્યતિથીએ આદરાંજલી... સ્મરણાંજલી...

મોહે લાગી લગન
ગુરૂ ચરણ કી...



મોહે લાગી લગન
પ્રભુ શરણ કી...

ધર્મ-દેવ-ગુરૂને પૂજનારા, દેવગુરૂના દિલમાં વસનારા ધર્મારાધક સુશ્રાવિકારત્ન

# માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા (ઉં. ૯૫)

સુથરી

મુલુંડ

**અરિહંત શરણ : તા. ૨૪-૮-૨૦૧૭**

અમારા સમસ્ત પરિવારના - ઘરના સર્વસ્વ એવા,
જે કુટુંબને એકત્ર કરી સંભાળી રહ્યા હતા તથા પોતાનું પણ ભવ સુધારી ગયા
એવા અમારા વાત્સલ્યમૂર્તિ માતુશ્રીને શત શત મસ્તકે કોટી કોટી માતૃવંદના
એમને પ્રભુશરણ થયાને ૧ વર્ષ પૂર્ણ થાય છે.
પરમાત્મા એમના આત્માને શિઘ્ર મોક્ષ સુખ આપે
એજ આજના દિવસે ગુરૂ ભગવંત તથા ત્રિલોકનાથ પાસે અરજ...

**: શ્રધ્ધાસુમન અર્પતા :**

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર (સુથરી-મુલુંડ)
માતુશ્રી સુશીલાબાઈ દામજી કાનજી ધુલ્લા પરિવાર (સુથરી-ખંડવા)
પિયર પક્ષ : માતુશ્રી નાથીબાઈ હેમરાજ લોડાયા અજાણી પરિવાર (કોઠારા)
રમીલા જયચંદ પદમશી નાગડા પરિવાર (નલીયા)
નિર્મળા વીરચંદ ડુંગરશી મૈશેરી પરિવાર (જખૌ)
બબન (નીલમ) લહેરચંદ નરશી મોમાયા (સાંયરા)
નીલુ મહેક કાંતીલાલ વિકમસી પરિવાર (જખૌ)
પૂજા (પીંકી) આશિષ ચંદ્રકાંત ગાંધી પરિવાર (ઉના-ઘાટકોપર) ના શ્રધ્ધાસુમન....

**CDO Prakash Samiksha** **R.N.I.No. MAHGUJ/1998/04640**
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

।। શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ।।

# સવા શતાબ્દીએ પુણ્ય નામસ્મરણ



: જન્મ :
૧૮૯૦

: અરિહંત શરણ :
૧૯૪૫

# શ્રી લધાભાઈ મણશી મોમાયા
## (વરાડીયાવાળા)

ધીંગી ધરા કચ્છ દેશની,જ્યાં સોહે વરાડિયા ગામ
ત્યાં જન્મ્યા એક વીર પુરૂષ જેમનું લધાભાઈ મણશી નામ

જન્મ ભૂમીને છોડીને ચાલ્યા એ મલબાર
કોચીનને બનાવી કર્મભૂમીને મબલખ કર્યો વ્યાપાર
અક્ષત પર ધ્યાન કેન્દ્રીત કર્યુ
જે દક્ષિણ ભારતનું ખાણું
રંગુન સાથે વ્યાપાર કરીને બર્મામાં બનાવ્યું થાણું

દાનવીર વિદ્યા પ્રેમીને ભણતર પ્રત્યે રૂચી
શિક્ષણ કાજ દાનમાં દીધી ૨૨ હજારવાર ભૂમી
ધર્મપ્રેમી કુટુંબ પ્રેમી જ્ઞાતીદાઝ વ્યસની
છઠ્ઠ પારણાના ખમાવંતા ખમાવંતા વિદાય લીધી વસમી

## માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા પરિવાર (વરાડીયાવાળા)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI** (Owner) and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,